MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૦૮-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 મોદી સરકાર પીઓકેમાં મોટુ કરવાની ફિરાકમાં..!?, આઇએમડીના સંકેતો

5 એક યાદગાર પલઃ ભારતે કપિલના ૧૭૫ રનથી મેળવ્યો ઐતિહાસિક વિજય

11 દરેક સમસ્યાનું સમાધાન સમગ્ર યોગમાં સમાયેલું છે : સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી

12 રાજપીપળા દરબાર રોડ ઉપર લો-વોલ્ટેજની સમસ્યા અંગે DGVCLમા ઉચ્ચકક્ષાએ રજુઆતનો પડઘો

વિશાખાપટ્ટનમ્‌માં ભોપાલ ગેસ કાંડ થતાં થતાં રહી ગયું

આંધ્રપ્રદેશમાં ઝેરી ગેસ લીક થતા ૧૧ના મોતઃ હજારો બિમાર

પરોઢીયે ૨.૩૦ કલાકે ગેસ ગળતર થયું હતું, મૃતકોમાં એક આઠ વર્ષની બાળકીનો સમાવેશ,૪ કિલોમીટર સુધી ઝેરી ગેસ ફેલાયો,લોકો રસ્તા પર જ બેભાન થઈ ઢળી પડ્યા,ફિલ્મી સ્ટાઈલના ભયાનક દ્રશ્યો સર્જાયા,૨૦ ગામો સુધી ઝેરી ગેસની અસર થઈ



આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ હોસ્પિટલ જઈ પીડિતોની મુલાકાત કરીઃ જીવ ગુમાવનારને ૧ કરોડ અને ગંભીર રીતે ઘાયલને ૧૦ લાખ રૂપિયાની સહાય : વડાપ્રધાન મોદીએ ઘટનાની જાણ થતાં તાકિદે ડિઝાસ્ટર મેનેજમેન્ટની બેઠક યોજીને માર્ગદર્શન આપ્યુ

વિશાખાપટ્ટનમ્‌

૧૯૮૪ની ભોપાલ ગેસ કાંડની યાદ અપાવે તેવી એક ભયાનક દુર્ઘટનનામાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમના આર.આર. વેંકટપુરમ ગામમાં જાણીતી એલજી કંપનીના પોલિમર ઈન્ડસ્ટ્રી પ્લાન્ટમાં ઝેરી કેમિકલ ગેસ લીક થવાને કારણે એક બાળક સહિત ઓછામાં ઓછા ૧૧ લોકોનાં મોત નીપજ્યાં હતાં. ઝેરી ગેસની માત્રા એટલી ખતરનાક હતી કે અંદાજે ૨ હજાર લોકો આ ઝેરી ગેસથી બીમાર પડી ગયા હોવાનું જાણવા મળે છે. ઝેરી ગેસ લીક થયાના થોડીવારમાં, ફેક્ટરીની આજુબાજુમાં રહેતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી, બેચેની થવા લાગી, આંખમાં બળતરાની તીવ્ર તકલીફ થવા લાગી. માથાનો દુખાવો, ઉલટી અને શ્વાસની તકલીફ સાથે સેંકડો લોકો હોસ્પિટલમાં પહોંચવા લાગ્યા હતા. જોકે, ગેસ લિકેજ થવા પાછળનું કારણ જાણી શકાયું નથી. સરકારે તપાસના આદેશો આપ્યા છે. પોલીસ, ફાયર બ્રિગેડના વાહનો, એમ્બ્યુલન્સ ઘટના સ્થળે ધસી ગઈ હતી. ગેસથી અસરગ્રસ્ત લોકોને વહેલામાં વહેલી તકે સલામત સ્થળે પહોંચાડવા પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન જગન મોહન રેડ્ડીએ વિશાખાપટ્ટનમ જઈને કિંગ જ્યોર્જ હોસ્પિટલમાં દાખલ પીડિતોની મુલાકાત લીધી હતી. તેમણે પીડિતોને મળ્યા બાદ દુર્ઘટનાના કારણે જીવ ગુમાવનારા લોકોના પરિવારજનોને એક-એક કરોડની સહાય આપવાનું એલાન કર્યું હતુ. તેમજ દુર્ઘટનામાં ગંભીર રીતે અસર થયેલા લોકોને ૧૦-૧૦ લાખ રૂપિયાની સહાય અને હોસ્પિટલમાં સારવાર લઈને પરત ફરનારા દર્દીઓને એક-એક લાખની સહાયનું એલાન કર્યું હતુ. તેમણે તપાસ માટે પાંચ સભ્યોની કમિટી પણ બનાવવાનું એલાન કર્યું છે.સૂત્રોએ કહ્યું કે, ગેસ લીક થયા બાદ બચાવ ટુકડી અને

અનુસંધાન પાના નં. ૬

કોરોના સંક્રમિતોનો આંકડો ૫૩ હજારની નજીક,૧૭૦૦થી વધુના મોત

દેશમાં ૨૪ કલાકમાં ૩૫૬૧ પોઝિટિવ કેસ અને ૮૯ લોકોનાં મોત

ન્યુ દિલ્હી

દેશમાં લોકકડાઉન છતાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૫૨,૦૦૦ને પાર થઈ ગઈ છે. દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫૨,૯૫૨ થઈ ગઈ છે. આ વાઇરસથી અત્યાર સુધી ૧૭૮૩થી વધુ લોકોનાં મોત થયાં છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૫૬૧ કેસો નોંધાયા હતા, જ્યારે ૮૯ લોકોનાં મોત થયાં છે. રિકવરી રેટ ૨૮.૮૩ ટકા છે. અત્યાર સુધી કુલ ૧૫,૨૬૭ લોકો આ બીમારીમાંથી સ્વસ્થ થયા છે, એવી માહિતી આરોગ્ય મંત્રાલયે આપી છે. છેલ્લા ત્રણ દિવસમાં કોરોનાનાં ૧૦ હજાર કેસ નોંધાયા છે. જે હવે સરકાર માટે ચિંતાનો વિષય બની છે.

આંધ્રપ્રદેશમાં ૫૬ નવા કેસ સામે આવતા રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૮૩૩ થઈ ગઈ છે. જ્યારે કોરોનાને કારણે કુલ મોત ૩૮ થઈ છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬ પોલીસકર્મીઓને કોરોના સંક્રમણ થયો છે. રાજ્યમાં અત્યાર સુધી સંક્રમણનાં ૧૮૭૫૮ કેસ નોંધાયા છે.

મહારાષ્ટ્રમાં કોરોના વાઇરસના સૌથી વધુ કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના ૧૬,૭૫૮ કેસો નોંધાયા છે, જ્યારે મુંબઈમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦,૦૦૦ને પાર થઈ ચૂકી છે. મુંબઈમાં આ વાઇરસના ૧૦,૭૧૪ કેસ નોંધાયા છે.

મહારાષ્ટ્ર પછી ગુજરાતમાં કોરોનાના સૌથી વધુ કેસો નોંધાયા છે. કોરોના સંક્રમિતોની સંખ્યા ૬,૨૦૦થી વધુ કેસ છે. દેશમાં મહારાષ્ટ્ર અને ગુજરાત બાદ દિલ્હીમાં કોરોનાના વધુ કેસ નોંધાયા છે. દિલ્હીમાં ૫૫૩૨ કેસ છે જ્યારે ૬૫ લોકોના મોત થયા છે. તામિલનાડુમાં ૪૮૨૯ કેસ, રાજસ્થાનમાં ૩૩૧૭ કોરોના

અનુસંધાન પાના નં. ૬

બુદ્ધ પૂર્ણિમાના અવસારે વડાપ્રધાને આંતરરાષ્ટ્રીય વર્ચ્યુઅલ કાર્યક્રમને સંબોધિત કર્યુ

દુનિયાની ઉથલ-પાથલમાં બુદ્ધ પાસેથી શીખો, સમગ્ર વિશ્વની નજર ભારત તરફઃ મોદી

બુદ્ધની વાતોને વાગોળવાથી કંઈ નહીં થાય, તેનો અમલ પણ કરોઃ પ્રિયંકાનો ટાણો

બુદ્ધ પૂર્ણિમાના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશને કરુણા દર્શાવવા માટેનો સંદેશ આપ્યો છે. વડાપ્રધાનના સંબોધનના ગણતરીના કલાક બાદ કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પ્રવાસી મજૂરોએ એક વીડિયો શેર કર્યો છે જેમાં તેઓ પોતાની વ્યથા જણાવી રહ્યા છે. આ વીડિયોને શેર કરતા પ્રિયંકાએ લખ્યું કે ફક્ત ભગવાન બુદ્ધની વાતનું પૂનરાવર્તન કરવાથી કંઈ નહીં થાય, તેના પર અમલ પણ કરો.

વીડિયો શેર કરતા પ્રિયંકાએ ટ્વીટર પર લખ્યું કે, ગુજરાતથી ઉત્તર પ્રદેશ ખાતે લવાયેલા મજૂરો પાસેથી ભાડુ પણ વસૂલવામાં આવ્યું હતું. આગરા અને બરેલી જનારા લોકોને લખનઉ અને ગોરખપુર લઈ જવામાં આવી રહ્યા છે. આજે બુદ્ધ પૂર્ણિમાનો પવિત્ર અવસર છે. બુદ્ધની વાણી કરુણાના વાણી હતી. પ્રવાસી મજૂરો સાથે પણ કરુણા દર્શાવતો વ્યવહાર કરવો જોઈએ અને તેમની પૂર્ણ મદદ કરવી જોઈએ.

બુદ્ધ માનવતાના માર્ગદર્શક હતા, સેવા અને સમર્પણનો પર્યાય,બુદ્ધ ભારતની અનુભૂતિ અને આત્મ સાક્ષાત્કાર બંનેનું પ્રતીક છે,બુદ્ધ માત્ર એક નામ નથી પરંતુ એક પવિત્ર વિચાર

ન્યુ દિલ્હી

વિશ્વભરમાં આજે કોરોના વોરિયર્સનું સન્માન કરાઈ રહ્યું છે. ત્યારે બુદ્ધ પૂર્ણિમાના અવસરે આયોજિત આંતરરાષ્ટ્રીય વર્ચ્યુઅલ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું હતું. તેઓએ વિશ્વભરમાં રહેલા ભગવાન બુદ્ધના અનુયાયીઓને શુભકામના પાઠવી હતી. પીએમ મોદીએ વિશ્વભરના કોરોના વોરિયર્સના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે ભગવાન બુદ્ધે વિશ્વને સેવા કરવાનો સંદેશ આપ્યો છે. વિશ્વમાં ઉથલપાથલ છે, ઘણીવાર નિરાશા અને હતાશાના ભાવ વધારે જોવા મળે છે ત્યારે ભગવાન બુદ્ધનો સંદેશ વધુ પ્રાસંગિત બની જાય છે.

પીએમ મોદીએ કહ્યું કે આ વખતે પરિસ્થિતી અલગ છે. વિશ્વ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે. તમારી વચ્ચે આવવું મારા માટે સૌભાગ્યની વાત હોત, પરંતુ પ્રવર્તમાન સ્થિતિ આની પરવાનગી નથી આપતું. પરંતુ દૂરથી જ ટેક્નોલોજીના માધ્યમથી તમે મને વાત રાખવાની તક આપી તેનો સંતોષ છે. બુદ્ધ કહેતા હતા કે થાકીને રોકાઈ જવું કોઈ વિકલ્પ નથી. માનવે સતત એ પ્રયાસ કરવો જોઈએ કે મુશ્કેલ સમયમાં જીત મળે, તેમાંથી બહાર નિકળાય. આજે આપણે બધા મુશ્કેલ પરિસ્થિતીમાંથી બહાર નિકળવા માટે કામે લાગેલા છીએ.

અનુસંધાન પાના નં. ૬

કોરોના પર કાબુ મેળવવા દેશો ખૂબ જ સાવધાની અને યોજના નિર્ણયો લે

યોગ્ય રીતે લોકડાઉન હટાવવામાં નહીં આવે તો પરિસ્થિતિ વણસી જશેઃ WHO

જિનિવા

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પ્રમુખ ટેડ્રોસ અધનોમ ધેબ્રેયસસે દુનિયાના દેશોને ચેતવણી આપતા કહ્યું કે જો લોકડાઉનને યોગ્ય રીતે હટાવવામાં નહીં આવે તો પરિસ્થિતિ ખરાબ રીતે વણસી જશે. WHOના મહાનિદેશક ટેડ્રોસ અધનોમે વિશ્વને ચેતવણી આપતા કહ્યું કે મોટા ભાગના દેશોમાં કોરોના વાયરસના સંક્રમણના વધતા જતા વ્યાપને કાબુમાં લેવા માટે લોકડાઉન પર લગાવેલા પ્રતિબંધોમાં ઢીલ મુકવા માટે વિચાર કરી રહ્યા છે. પરંતુ હું તેવા દેશોને કહેવા માગુ છું કે લોકડાઉનમાં છૂટ-છાટ આપવા વિશે ખૂબ જ સમજી વિચારીને અને સાવધાની પૂર્વક નિર્ણય લે. બુધવારના રોજ જિનિવામાં યોજાયેલી એક ઓનલાઈન પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કહ્યું કે, જો દેશો દ્વારા સંક્રમણ પર કાબુ મેળવવા માટે ખૂબ જ સાવધાનીપૂર્વક અને યોજનાપૂર્વક નિર્ણયો લેવામાં નહીં આવે તો ફરીથી લાંબા સમય માટે લોકડાઉન લગાવવું પડી શકે છે.

WHOના છ માપદંડો પર વિચાર કરવા માટે ટેડ્રોસે તમામ દેશોને ભલામણ કરતા કહ્યું કે જો દેશો દ્વારા સંક્રમણને રોકવા માટે લેવામાં આવતા પગલાઓને ખૂબ જ સાવચેતીથી, તબક્કાવાર રીતે, પ્રત્યેક મામલામાં ટેસ્ટિંગ કરીને સરાવાર કરવી, દરેક સંપર્કને ટ્રેસ કરવા, કાર્યસ્થળોએ અને શાળાઓમાં વાયરસને ફેલાતો રોકવા જરૂરી સારવાર આપવી, સખત કાળજી જાળવવી, આઈસોલેશનમાં જરૂરી સારવાર આપવી તેમજ લોકડાઉન ખુલ્યા પછી પણ સંક્રમણ ફરીથી ન ફેલાય તે માટે એવા માપદંડો બનાવવા કે જેમાં દેશની જનતાનો પૂર્ણ સહયોગ મળી રહે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખે કહ્યું કે WHOને મળેલા અહેવાલ

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

મોદી સરકાર પીઓકેમાં મોટુ કરવાની ફિરાકમાં..!?,આઇએમડીના સંકેતો

ન્યુ દિલ્હી

ભારત અને પાકિસ્તાન ગિલગિટ-બાલ્ટિસ્તાનને લઈને સામસામે આવી ગયા છે. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ચૂંટણી યોજવાના આદેશ કર્યા છે જ્યારે ભારતીય હવામાન વિભાગ (IMD)ના જમ્મુ-કાશ્મીર સબ-ડિવિઝને હવે 'જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદ કહેવાનું શરૂ કરી દીધું છે.

વર્તમાનમાં ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદ એમ બંને વિસ્તારો પર પાકિસ્તાને ગેરકાયદેસર રીતે કબજો જમાવી રાખ્યો છે. પરંતુ હવે મોદી સરકાર ભારતના આ પ્રદેશો પાકિસ્તાનના કબજામાંથી પાછા લેવા સક્રિય બની છે. હવામાન વિભાગે નોર્થવેસ્ટ ઈન્ડિયા માટે જે અનુમાન જાહેર કર્યા તેમાં ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદનો સમાવેશ કર્યો છે.

IMD તરફથી જાહેર કરવામાં આવેલા હવામાન બુલેટિનમાં ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદને સ્થાન આપવુ એ મહત્વનું પગલું છે. IMDના ડાઈરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું હતું કે, "સ્ટ્ર સમગ્ર જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખ માટે વેધર બુલેટિન બહાર પાડે છે. અમે બુલેટિનમાં ગિલગિટ-બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદનો ઉલ્લેખ કરી રહ્યાં છે કારણ કે તે ભારતનો હિસ્સો છે. આ મહિનાની શરૂઆતમાં જ ભારતે સ્પષ્ટપણે કહ્યું હતું કે, પાકિસ્તાનનો આ વિસ્તારો પર કોઈ હક નથી. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે પાકિસ્તાન સરકારને ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ચૂંટણી કરાવવાના આદેશ આપ્યા હતાં. જોનો ભારત સરકારે આકરો વિરોધ નોંધાવ્યો હતો અને તિખી પ્રતિક્રિયા વ્યક્ત કરતા કહ્યું હતું કે, પાકિસ્તાને આ વિસ્તારમાં હસ્તક્ષેપ કરવાનો કોઈ હક નથી.

વિદેશ મંત્રાલયે પાકિસ્તાના વરિષ્ઠ રાજનયિકને આપત્તિ પત્ર પણ આપ્યો હતો. નિવેદન મુજબ તથાકથિત ગિલગિટ અને બાલ્ટિસ્તાન પર પાકિસ્તાનના સુપ્રીમ કોર્ટના આદેશ પર પાકિસ્તાન સમક્ષ આકરો વિરોધ વ્યક્ત કરાવ્યો છે. નિવેદનમાં કહેવાયું છે કે સ્પષ્ટરીતે જણાવવામાં આવ્યું છે કે કેન્દ્રશાસિત પ્રદેશ સમગ્ર જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખ જેમાં ગિલગિટ અને બાલ્ટિસ્તાન પણ સામેલ છે, તે સંપૂર્ણ રીતે કાનૂની અને અપરિવર્તનીય વિલય હેઠળ ભારતનું અભિન્ન અંગ છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે પાકિસ્તાની સરકાર કે તેની ન્યાયપાલિકાને તે વિસ્તારોમાં હસ્તક્ષેપ કરવાનો કોઈ હક નથી જે તેણે ગેરકાયદેસર રીતે તથા જબરદસ્તીથી કબ્જો જમાવેલો છે.

કેવા પ્રકારનો હતો ઝેરી ગેસ...?

જે ગેસ લીક થયો, તે પીવીસી એટલે કે સ્ટાઈરીન કહેવાય છે. આ ન્યૂરો ટોક્સિન છે. જેનો કેમિકલ ફોર્મ્યુલા C6H5CH=CH2 હોય છે. આ સૌથી લોકપ્રિય ઓર્ગેનિક સોલ્વેન્ટ બેન્જીનથી પેદા થયેલા પાણીની જેમ બનેલું રંગ વિનાનું લિક્વિડ હોય છે. આનાથી ગેસ નીકળે છે. આ શ્વાસ રુંધાવી દે તેવો ગેસ છે. આ ગેસ પોલિસ્ટાઈરીન પ્લાસ્ટિક, ફાઈબર ગ્લાસ, રબર અને પાઈપ બનાવવાના પ્લાન્ટમાં ઉપયોગમાં લેવાય છે. નોંધનીય છે કે ભોપાલમાં ૧૯૮૪માં યુનિયન કાર્બાઈડ નામના પ્લાન્ટમાં ઝેરી ગેસ લીક થતાં હજારો લોકો ટપોટપ માર્યા ગયા હતા.

અમિત શાહે દુ:ખ વ્યક્ત કર્યુ

ગૃહપ્રધાન અમિત શાહે ટ્વિટ કરીને કહ્યું, 'વિશાખાપટ્ટનમની ઘટના દુ:ખદ છે. મેં એનડીએમએ અધિકારીઓ અને સંબંધિત અધિકારીઓ સાથે વાત કરી છે. અમે પરિસ્થિતિને સતત અને નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છીએ. હું વિશાખાપટ્ટનમના લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરું છું. '

રાહુલ ગાંધીએ આપી પ્રતિક્રિયા

રાહુલ ગાંધીએ વિશાખાપટ્ટનમ ગેસ ગળતરની ઘટના પર શોક વ્યક્ત કરીને ટ્વિટ કરીને લખ્યું, 'વિશાખાપટ્ટનમની ઘટના સાંભળીને હું ચોંકી ગયો. હું તે વિસ્તારના અમારા કોંગ્રેસ કાર્યકરો અને નેતાઓને અસરગ્રસ્ત લોકોને તમામ જરૂરી મદદ અને સહાય પ્રદાન કરવા વિનંતી કરું છું. જે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો તેના પરિવારો પ્રત્યેની મારી સંવેદના. હું પ્રાર્થના કરું છું કે જેઓ હોસ્પિટલમાં દાખલ છે તેઓ જલ્દી સ્વસ્થ થાય.

પીએમ મોદીએ જગન મોહન રેડ્ડી સાથે વાત કરી

વડાપ્રધાન મંત્રાલયે જણાવ્યું હતું કે, પીએમ મોદીએ વિશાખાપટ્ટનમની ઘટના અંગે આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન જગન મોહન રેડ્ડી સાથે વાત કરી હતી. સાથે જ તેમણે તમામ મદદ અને સહયોગની ખાતરી આપી



કોચિમાં ફ્રન્ટલાઈન સીઓવીડ -૧૯ લડવૈયાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવા એક કાર્ટૂનિસ્ટ એર્નાકુલમ જનરલ હોસ્પિટલની દિવાલ પર એક કાર્ટૂન દોરે છે.

સુપ્રિમ કોર્ટના જજ દિપક ગુપ્તા નિવૃત્ત થયા

દેશની લીગલ સિસ્ટમ ધનિક અને શક્તિશાળીની તરફેણમાં આવી ગઈ છે

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ દીપક ગુપ્તા બુધવારે નિવૃત્ત થઈ ગયા છે. તેમને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ફેરવેલ આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે, દેશની લીગલ સિસ્ટમ અમીરો અને શક્તિશાળી લોકોના પક્ષમાં થઈ ગઈ છે. જ્યારે કોઈ ગરીબ અવાજ ઉઠાવે છે તો સુપ્રીમ કોર્ટે તેને પણ સાંભળવું જોઈએ અને ગરીબો માટે જે બની શકે તે કરવું જોઈએ.

જસ્ટિસ ગુપ્તાએ જણાવ્યું કે, કોઈ અમીર વ્યક્તિ જેલમાં હોય છે તો કાયદો પોતાનું કામ ઝડપથી કરે છે પરંતુ ગરીબોના કેસમાં વિલંબ થાય છે. અમીર લોકો જલ્દી સુનાવણી માટે ઉચ્ચ ન્યાયપાલિકમાં પહોંચી જાય છે પરંતુ ગરીબ આવું કરી શકતો નથી. ત્યાંજ કોઈ અમીર જામીન પર છે તો કેસમાં વિલંબ થાય તે માટે ઉચ્ચ ન્યાયપાલિકમાં જવાનો ખર્ચ ઉઠાવી શકે છે.

જસ્ટિસ ગુપ્તાએ વધુમાં જણાવ્યું કે, કોર્ટે જ પોતાનું ઈમાન બચાવવું જોઈએ. દેશના લોકોને જ્યૂડિશયરી પણ ખૂબ જ વિશ્વાસ છે. હું જોઉં છું કે વકીલ કાયદાને બદલે રાજકીય અને વિચારધારાના આધારે દલીલ કરે છે. આવું થવું જોઈએ નહીં. સંકટના સમયે ખાસકરીને અત્યારે જે સંકટ છે ત્યારે મારા અને તમારા બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન નહીં થાય પરંતુ ગરીબો સાથે હંમેશા આવું થાય છે. જો કોઈ તેમની અવાજ ઉઠાવે છે તો કોર્ટે તેને સાંભળવી જોઈએ. તેમના માટે જે બની શકે તે કરવું જોઈએ.

જસ્ટિસ ગુપ્તા ત્રિપુરા હાઈકોર્ના પહેલા ચીફ જસ્ટિસ બન્યા હતા. તેઓ હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના પણ જજ રહી ચૂક્યા છે. ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટના જજ બન્યા હતા.

અમેરિકા સુધી પ્રહાર કરી શકે એવી મિસાઈલો બનશે

ઉ.કોરિયા આ વર્ષના અંત સુધી લાંબા અંતરની મિસાઈલ લોન્ચપેડ ફેસિલિટિ તૈયાર કરી લેશે

પ્યોંગયોંગ/વૉશિંગ્ટન

ઉત્તર કોરિયા આ વર્ષના અંત સુધીમાં પોતાની લાંબા અંતરની મિસાઈલ લોન્ચપેડ ફેસિલિટી તૈયાર કરી લેશે. અમેરિકાના એક થિંક ટેંકના મતે પ્યોંગયાંગ એરપોર્ટની પાસે તેના માટે જગ્યા નક્કી છે. એક રિપોર્ટના મતે સેટેલાઈટ તસવરોમાં એક નવી ફેસેલિટી દેખાઈ છે અને અંદાજો લગાવામાં આવી રહ્યો છે કે અહીં ઉત્તર કોરિયા પોતાના બેલેસ્ટિક મિસાઈલ પ્રોગ્રામને આગળ લઈ આવશે.

અમેરિકાના સેન્ટર ફોર સ્ટ્રેટેજીક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝના મતે કોમર્શયલ સેટેલાઈટ ઈમેજમાં એક અંડરગ્રાઉન્ડ સ્ટ્રકચરની પાસે આ ફેસેલિટી દેખાઈ છે. કહેવયા છે કે અહીં આવી બેલેસ્ટિક મિસાઈલો તૈયાર કરાશે જે અમેરિકા સુધી વાર કરી શકે. ઝજીંજીનું માનીએ તો આ ફેસિલિટી ૨૦૧૬થી નિર્માણધીન છે અને તેમાં મોટા રેલ ટર્મિનલ છે, પરસ્પર જોડાયેલી બિલ્ડિંગો છે.

રિપોર્ટમાં કહ્યું છે કે અહીંની ઊંચી બિલ્ડિંગો Hwasong-15 ઈંટરકોન્ટિનેંટલ બેલેસ્ટિક મિસાઈલ અને આવી બીજી મિસાઈલો રાખવાની ક્ષમતાવાળી છે. આ સિવાય આ બિલ્ડિંગ્સ એટલી પહોળી છે કે રસ્તાઓ દ્વાર પરસ્પર કનેક્ટેડ છે કે તેના પર મોટી ટ્રકો અને મિસાઈલ લોન્ચરોને લઈ જઈ શકાય. આ ફેસેલિટી એરિયા અંદાજે ૪૪૨૩૦૦ સ્કવેર મીટર કહેવાય છે.

આપને જણાવી દઈએ કે ગયા વર્ષે અમેરિકા અને ઉત્તર કોરિયાની વચ્ચે પરમાણુ કરારની વાતચીત નિષ્ફળ થયા બદથી મામલો જસનો તસ બન્યો છે. કિમ જોંગ ઉનની સર્જીરીની અટકળો પર અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેના ઝડપથી સાજા થવાની કામના કર હતી.

યસ બેન્કે માર્ચ ૨૦૨૦ના અંતે ૨૬૨૮ કરોડનો નફો કર્યોઃ ૬૩ ટકા રોકાણ પરત નહિ મળે

મુંબઈ

માર્ચ મહિનામાં અચાનક જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જેના ઉપર મોરેટોરીયમ લાદયું હતું એ યસ બેન્કે બુધવારે મોડી રાત્રે માર્ચ ૨૦૨૦ના અંતે પુરા થતા ક્વાર્ટરના પરિણામ જાહેર કર્યા હતા. બેંકે એડીશનલ ટીયર ૧ના ઈસ્યુ કરેલા બોન્ડની માંડવાળ કરી નાખી હોવાથી માર્ચ ૨૦૨૦ના અંતે રૂ.૨૬૨૮.૬ કરોડનો નફો નોંધાવ્યો છે જે ડિસેમ્બર ૨૦૧૯ના અંતે ક્વાર્ટરની વિક્રમી રૂ.૧૮,૫૬૦ કરોડની ખોટ સામે સારી બાબત છે.

જોકે, આ સિવાય બેંકના પરિણામમાં કોઈ રીતે કામગીરી સુધરી હોય, બેંકોના થાપણદારોને વિશ્વાસ બેસે એવી બાબત નથી.

યસ બેંકનું કુલ ધિરાણ ડિસેમ્બર ક્વાર્ટર સામે માર્ચમાં આઠ ટકા ઘટી રૂ.૧.૭૧ લાખ કરોડ રહ્યું છે. સપ્ટેમ્બરની સામે આ ઘટાડો વધારે વિકરાળ લાગી રહ્યો છે.

બેંકને બેઠી કરવાની રિઝર્વ બેંકની સ્કીમ અનુસાર રૂ.૮૪૧૫ કરોડના એડીશનલ ટીયર ૧ બોન્ડની માંડવાળ કરી હોવથી બેંકને રૂ.૬૨૯૬ કરોડની જવાબદરી હવે ચુકવવાની નહી હોવાથી નફો થયો છે. આ રકમ બાદ કરીએએ તો બેંકે માર્ચ ક્વાર્ટરમાં પણ ખોટ નોંધાવી છે. બેંકની વ્યાજની આવક (ડીપોઝીટરને આપવાનું વ્યાજ અને તેમાંથી લોન સામે મળેલું વ્યાજ) વાર્ષિક ઢોરને ૧૯.૬ ટકા વધી રૂ.૧૨૭૪ કરોડ થયું છે.

બેંકની મૂડીની જરૂરીયાત રિઝર્વ બેંકની સ્કીમ અનુસાર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને અન્ય બેંકોએ નવી મૂડી ઉમેરી હોવા છતાં ઓછી રહી છે. આ ઉપરાંત, લીક્વિડિટી રેશિયો ઘટી જતા રૂ.૩૩૪ કરોડને પેનેલ્ટી પણ ભરવી પડી છે.

કોરોના સંકટઃ દેશભરમાં ૫૪૮ ડોકટરો, નર્સને લાગ્યો કોરોનાનો ચેપ

ન્યુ દિલ્હી

સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી યાદી મુજબ અત્યાર સુધીમાં દેશભરમાં ૫૪૮ ડોકટર, નર્સ અને અર્ધતાબીબી કાર્યકર્તાઓને કોરોના નો ચેપ લાગ્યો છે, એમ સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું. જોકે, આમાં ફિલ્ડ પર કર કરતા લોકો, વોર્ડ બોય, સેનિટાઈઝેશન કાર્યકર્તાઓ, સુરક્ષા અધિકારીઓ, લેબ એટેન્ડન્ટ, પ્યુન, ધોબી અને કિચન સ્ટાફનો સમાવેશ ન થતો હોવાનું તેમણે કહ્યું હતું.

ડોકટરો, નર્સો અને અર્ધતબીબી ક્ષેત્રના કાર્યકર્તાઓને કોરોનાનો ચેપ કઈ રીતે લાગ્યો તે હજુ સુધી જાણવા મળ્યું નથી, એમ તેમણે કહ્યું હતું. દેશના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આવેલા સારવાર કેન્દ્રમાં કામ કરતા ડોકટરો, નર્સો અને અર્ધતાબિબી કર્મચારીઓનો આમાં સમાવેશ થાય છે, એમ તેમણે કહ્યું હતું.

આ મામલે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી ન હોવાને કારણે કેટલા લોકોને કામના સ્થળે તેમ જ કેટલા લોકોને અન્ય લોકોના સંપર્કમાં આવવાનો કારણે ચેપ લાગ્યો છે તે જાણી શકાયું નથી, એમ તેમણે કહ્યું હતું. દેશમાં કોરોના પોઝિટિવ ધરાવતા અનેક ડોક્ટરોનું મોત થયું છે. જોકે, તેનો ચોક્કસ આંકડો મળી શક્યો નથી.

અધિકારીના જણાવ્યા મુજબ દિલ્હીમાં ૬૯ ડોકટરોને કોરોનાનો ચેપ લાગ્યો છે. દેશભરમાં કોરોનાએ અત્યાર સુધીમાં કુલ ૧૬૯૪ જણનો ભોગ લીધો છે અને ૪૯, ૩૯૧ લોકોને કોરોનાનો ચેપ લાગ્યો છે, એમ તેમણે કહ્યું હતું. આ ઉપરાંત ૨૭૪ નર્સ અને અર્ધતબીબી કર્મચારીઓને પણ કોરોનાનો ચેપ લાગ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

૧૧ માર્ચથી લઈને ૧૬ ડિસેમ્બર સુધી ભારતમાં ૨.૧ કરોડ બાળકોનો જન્મ થશે

ભારતમાં આ વર્ષે ૯ મહિનામાં સૌથી વધુ બાળકો જન્મ લેશેઃ યુનિસેફનો રિપોર્ટ

ન્યૂયોર્ક

યુનિસેફ મુજબ ભારતમાં આ વર્ષે બે કરોડથી વધુ બાળકોનો જન્મ થશે. આ આંકડો માત્ર ૯ મહિનાનો છે. સંયુક્ત રાષ્ટ્ર તરફથી કોરોનાને મહામારી કરાર કર્યા બાદ આ આંકડો આપ્યો છે. યુનિસેફએ કહ્યું છે કે ૧૧ માર્ચથી લઈને ૧૬ ડિસેમ્બર સુધી ભારતમાં ૨.૧ કરોડ બાળકોનો જન્મ થશે. સાથોસાથ એવું પણ કહેવામાં આવ્યું છે કે આ દરમિયાન જન્મ લેનારા બાળકો અને તેમની માતાને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ થઈ શકે છે.

યુનિસેફ મુજબ, કોરોના વાયરસના ઓછાયામાં દુનિયાભરમાં લગભગ ૧૧૬ મિલિયન બાળકો જન્મ લેશે. એવું પણ અનુમાન છે કે જાન્યુઆરી-ડિસેમ્બર ૨૦૨૦ દરમિયાન ભારતમાં ૨ કરોડ બાળકો જન્મ લેશે. ત્યાં સુધી કે ધનીક દેશ પણ આ સંકટથી પ્રભાવિત થશે.

અમેરિકા જન્મના અંદાજિત આંકડાના મામલે છઠ્ઠો ઉચ્ચતમ દેશ છે. અહીં ૩.૩ મિલિયનથી વધુ બાળકોનો જન્મ ૧૧ માર્ચ અને ૧૬ ડિસેમ્બરની વચ્ચે રહેવાનું અનુમાન છે.

મહામારી જાહેર થાય બાદના ૯ મહિનામાં સૌથી વધુ જન્મ ભારતમાં થવાની શક્યતા છે. આ દરમિયાન ભારત ઉપરાંત ચીન (૧૩.૫ મિલિયન), નાઈજિરિયા (૬.૪ મિલિયન), પાકિસ્તાન (૫ મિલિયન) અને ઈન્ડોનેશિયા (૪ મિલિયન) બાળકોનો જન્મ થશે.

યુનિસેફએ કહ્યું કે કોરોનાના આ સમયમાં જન્મ લેનારા બાળકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડશે. જેમ કે લૉકડાઉન અને કર્ફ્યૂ, આ દરમિયાન તેમને યોગ્ય રીતે મેડિકલ સુવિધાઓ પણ નહીં મળી શકે.

કોરોનાની વધારે એક રસીનું માણસો પર પરિક્ષણ શરુ, સપ્ટેમ્બર સુધીમાં ઉપલબ્ધ થશે

અમેરિકી કંપની ફાઈબર અને જર્મનીની બાયોએનટેક કંપનીએ મળીને આ રસી બનાવી

ન્યૂયોર્ક

વર્તમાન સમયે દુનિયાભરના વિજ્ઞાનીઓ અને ડોક્ટરો કોરોના વાયરસને કાબૂમાં લેવા માટેની રસી બનાવવાના પ્રયાસોમાં લાગ્યા છે. ઘણા એવા દેશ અને સંસ્થા છે જેમણે રસી બનાવી લીધાનો દાવો કર્યો છે. આ બધી રસીનું અત્યારે વિવિધ સ્તર પર પરીક્ષણ ચાલી રહ્યું છે. કોરોનાના કેર વચ્ચે સારી વાત એ છે કે આમાંથી ઘણી બધી રસીનું માણસો પર પરિક્ષણ શરુ થઈ ગયું છે. ત્યારે આ યાદીમાં વધારે એક રસીનો ઉમેરો થયો છે.

ન્યુયોર્ક યુનિવર્સિટીના ઈન્ફેક્શન ડિસિઝના નિષ્ણાંત ડો. માર્ક મુલિગને જણાવ્યું કે ટૂંક સમયમાં આ રસીનું પરિક્ષણ સ્વસ્થ લોકો પર કરવામાં આવશે, કારણ કે આ રસીની કોઈ સાઈડ ઈફેક્ટ નથી. જિનેટિક મટીરિયલ્સમાંથી તૈયાર કરવામાં આવેલી આ રસી બીજી રસીઓ કરતા એકદમ અલગ છે. આ રસી શરીરની કોષિકાઓને વાયરસ સામે લડી શકે તેવા પ્રોટીન બનાવવાનો સંદેશ આપશે. જેના કારણે કોરોના વાયરસના ઈન્ફેક્શન સામે લડી શકાય. અમેરિકી કંપની ફાઈબર અને જર્મનીની બાયોએનટેક કંપનીએ મળીને આ રસી બનાવી છે. અને દાવો કર્યો છે કે સપ્ટેમ્બર સુધીમાં આ રસી ઉપલબ્ધ થઈ જશે.

વિજ્ઞાનીઓનું કહેવું છે કે કોરોના વાયરસ શ્વાસનળીમાંથી ફેફસામાં પહોંચીને શરીરના તમામ અંગોને બિમાર કરે છે. ત્યારે આ રસી શરીરને વાયરસ સામે લડી શકે તેવી રોગ પ્રતિકારક ક્ષમતા વિકસાવવાની તાલિમ આપશે. જેથી શરીરમાં વધારેમાં વધારે શક્તિશાળી એન્ટિબોડી ઉત્પન્ન થશે અને વાયરસનો નાશ કરશે. વિજ્ઞઆનીઓએ દાવો કર્યો છે કે અન્ય રસીઓની સરખામણીમાં આ રસી વધારે અસરકારક છે.

ગયા મહિને જર્મનીમાં ૧૨ લોકો પર આ રસીનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં સકારાત્મક પરિણામ આવતા હવે ૨૦૦ લોકો પર આ રસીનું પરિક્ષણ કરવામાં આવશે. અમેરિકામાં પહેલા ૩૬ લોકો પર પરિક્ષણ કરવામાં આવશે અને ત્યારબાદ આઠ હજાર લોકો પર રસીનું પરિક્ષણ કરાશે.

કોરોના વાયરસ વુહાનની લેબમાં જ પેદા થયોઃ અમેરિકા

વૉશિંગ્ટન

અમેરિકાના વિદેશ પ્રધાન માઈક પોમ્પિઓએ કહ્યું કે, ટ્રમ્પ પ્રશાસન પાસે સંપૂર્ણ માહિતી છે, જેના આધારે વિશ્વાસ આવે છે કે આ જીવલેણ કોરોના વાઈરસ ચીનના વુહાનની પ્રયોગશાળામાંથી પેદા થયો છે.

પોમ્પિઓએ એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે, અમે આ સંબંધમાં ગુપ્ત માહિતી એકત્ર કરી છે. હું તેના અંગે જણાવી શકતો નથી, પરંતુ અમારી પાસે વિશ્વાસ કરવા જેટલી જાણકારી છે. પ્રધાને કહ્યું કે, તેમણે આ અંગે પૂરાવા જોયા છે કે, આ વાઈરસ વુહાનની લેબમાંથી નીકળ્યો છે. તેમણે કહ્યું કે, મેં આ વાતનો સ્વીકાર કરનારા પૂરાવા પણ જોયા છે. આપણે આ મુદ્દે ઊંડાણમાં જવું જોઈએ.



ફેસ પ્રોટેકશન કે ફેસ માસ્ક ન હોવાથી એક ભારતીય મુળના વ્યકિતએ કાગળ મોઢે ઢાંકી લીધો હતો. આ તસ્વીર લંડન પોસ્ટ ઓફીસની બહાર લાગેલી લાઈનમાંથી લેવાઈ હતી.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

કઠોર વલણ જરૂરી છે

પડોશી દેશ પાકિસ્તાને ત્રાસવાદને લઈને ફરી એકવાર ભારત માટે જટિલ સ્થિતી સર્જી દીધી છે. કારણ કે પાકિસ્તાની ત્રાસવાદીઓ ફરી એકવાર હુમલા વધારી રહ્યા છે. કોરોના સામે જંગ વચ્ચે ભારતીય સુરક્ષા સામે પાકિસ્તાને નવી આફત ઉભી કરી છે. ત્રાસવાદની સામે જંગ ઉપરાંત સુરક્ષા દળો કોરોનાની સામે લડાઈ લડી રહ્યા છે. દેશ પાકિસ્તાન સાથે સંબંધોને સુધારવા માટે ભારત દ્વારા કેટલા પણ પ્રયાસ કરવામાં આવે તો પણ પાકિસ્તાનનુ વર્તન બદલાતુ નથી. હાલમાં ફરી પાકિસ્તાનની જમીનમાંથી મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ ભારતમાં ઘુસણખોરી કરી ગયા છે. સાથે સાથે સરહદ પર તંગ સ્થિતી રાખીને તેને સંબંધ સુધારવામાં રસ નથી તેની સાબિતી આપી દીધી છે. જેથી કાશ્મીરમાં દરેક ગતિવિધીમાં તેની પ્રતિક્રિયા આવતી રહે છે. કટ્ટરપંથીઓ પર પાકિસ્તાનમાં કોઇ કાબુ નથી. પાકિસ્તાન દરેક વખત અને વારંવાર એ બાબત સાબિત કરવાની કોશિશ કરે છે કે તેને ભારત અને ભારતની મિત્રતા સુધારવાની પહેલ સાથે કોઇ લેવાદેવા નથી. આંતરાષ્ટ્રીય સ્તર પર દબાણ બાદ ભારત સાથે દેખાવવા પુરતી વાતચીત પાકિસ્તાન કરે છે અને ત્યારબાદ વાતચીતમાં નક્કી કરવામાં આવેલી બાબતો અથવા તો કોઇ વચન પરત ભુલી જાય છે. પાકિસ્તાન ફરી કાશ્મીર મુદ્દા પર આવી જાય છે. મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ જાકીઉર રહેમાન લખવીની સામે તેને વધારે પુરાવાની જરૂર છે તેવી વાત પાકિસ્તાન કરે છે. સાથે સાથે જ્યારે પણ ત્રાસવાદી હુમલા ભારતમાં કરવામાં આવે છે ત્યારે તે પોતાને ત્યાં ચાલતા કેમ્પો પર કાર્યવાહી કરતુ નથી. ત્રાસવાદીઓ સામે ભારત દ્વારા હુમલામાં તેમની સંડોવણી અંગે હજુ સુધી જે પુરાવા આપ્યા છે તે પુરાવાને પાકિસ્તાન સરકાર પુરતા ગણતી નથી.આનાથી પણ આગળ પાકિસ્તાને એમ કહ્યું છે કે જ્યાં સુધી વાતચીતના એજન્ડામાં કાશ્મીર મુદ્દાને સામેલ કરવામાં આવશે નહી ત્યાં સુધી પાકિસ્તાન ભારત સાથે કોઇ દ્વિપક્ષીય વાતચીત કરશે નહી.વર્ષો પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાતચીત માટેની પહેલ કરી હતી. મોદીની વાતચીતની પહેલનો કોઇ ફાયદો થયોનથી. જ્યા સુધી ભારતની પ્રજાની વાત છે તો ભારતીય લોકો બિલકુલ સ્પષ્ટપણે માને છે કે પાકિસ્તાનના શાસકો ઝીણા હોય કે કેપ્ટન અયુબ કે જુલ્ફીકાર અલી ભુટ્ટો હોય કે જનરલ મુશર્રફ હોય પાકિસ્તાની નેતા ભારતના સગા નથી. ભારતના જ નહી બલ્કે પાકિસ્તાનના લોકોના પણ કોઇ આમાં સગા નથી. આ નેતાઓ તો માત્ર પોતાની ખુરશીના જ સગા છે. પાકિસ્તાનમા ખુરશી મેળવી લેવા માટે અને તેને જાળવી રાખવા માટે ભારતની સાથે સંબંધોનો ઉપયોગ હમેંશા હથિયારની જેમ કરે છે. પાકિસ્તાની લોકોની ભાવના સાથે રમત રમવામાં આવે છે. અહી મહત્વપૂર્ણ પ્રશ્ન એ થાય છે કે ભારતીય સરકાર ભારતીય લોકોની ભાવનાને કેમ સમજતા નથી. ભારતીય લોકોની ભાવના સાથે કેમ રમત રમવામાં આવે છે. ત્રાસવાદીઓ દ્વારા સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવી વારંવાર હુમલા ફરી શરૂ કર્યા બાદ ભારતને વધારે કઠોર વલણ અપનાવવાની જરૂર છે. સર્જિકલ સ્ટ્રાઈક, એરસ્ટ્રાઈક વિતેલા વર્ષોમાં કરવામાં આવ્યા હોવા છતાં પાકિસ્તાન તેની નાપાક હરકત જારી રાખી રહ્યુ છે.

કોરોનાની સામે લડાઈને લઈને ટિકા છતાં સુપરપાવર રહ્યા છે....

વ્યાપક ટિકા છતાં ટ્રમ્પ શક્તિશાળી

અમેરિકાના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદથી વ્યાપક ટિકા થઈ રહી હોવા છતાં ડોનાલ્ડ ટ્રમ્પ વિશ્વના સૌથી શક્તિશાળી લીડર તરીકે રહ્યા છે. હાલમાં કોરોનાકાળમાં તેમની વ્યાપક ટિકા થઈ રહી છે. કારણ કે અમેરિકામાં કોરોનાના કેસો દુનિયામાં સૌથી વધારે રહ્યા છે. મોતનો આંકડો પણ સૌથી વધારે રહ્યો છે. કોરોના સામે જંગમાં તેમની ગણતરી ખોટી સાબિત થઈ રહી છે. વ્યાપક ટિકા થઈ રહી હોવા છતાં તેમની સ્થિતી આજે પણ મજબુત રહેલી છે. વિશ્વના સૌથી શક્તિશાળી દેશના લીડરને શોભે તેવી જ તેમની સુવિધા પણ છે. જે જાણીને તમામ લોકો સરળતાથી સમજી શકે છે કે અમેરિકા વિશ્વમાં સૌથી શક્તિશાળી કેમ છે. પગારથી જ વાત કરવામાં ઓ તો અમેરિકાના પ્રમુખ ટ્રમ્પને વાર્ષિક ૪૦૦૦૦૦ ડોલર અથવા તો આશરે બે કરોડ ૭૨ લાખ ૪૪ હજાર રૂપિયાનો તો માત્ર પગાર મળે છે. આવી જ જ રીતે વ્યક્તિગત યાત્રા માટે એક લાખ ડોલર અથવા તો આશરે ૬૮ લાખ રૂપિયા મળે છે. મનોરંજન માટે પણ ટ્રમ્પને આશરે ૧૯ હજાર ડોલર અથવા તો આશરે ૧૩ લાખ રૂપિયા મળે છે. આ ઉપરાંત પણ ટ્રમ્પની પાસે કેટલીક ખાસ સુવિધા રહેલી છે. જો કે તમામ લોકોને આ અંગે માહિતી નથી કે અમેરિકામાં પ્રમુખને પણ સામાન્ય નાગરિકની જેમ જ તેમના પગાર પર ટેક્સ ચુકવવાની જરૂર હોય છે. વ્હાઈટ હાઉસમાં અતિઆધુનિક સુવિધા છે. ૫૫૦૦૦ સ્કેવેયર ફુટમાં બનેલી છ માળની ઈમારતમાં ૧૩૨ રૂમ, ૩૫ બાથરૂમ, ૨૮ ફાયરપ્લસ, એક ટેનિસ કોર્ટ, એક બોલિંગ અલે, એખ ફિલ્મી મુવી થિયેટર, એક જોંગિગ ટ્રેક, એક સ્વીમિંગ પુલ, ગોલ્ફ માટે એક શાનદાર મેદાન, સમગ્ર કદમાં બાસ્કેટબોલ કોર્ટનો સમાવેશ થાય છે. આ સુવિધા ઉપરાંત વ્હાઈટ હાઉસમાં પાંચ શેફ હમેંશા ડ્યુટી પર તૈયાર રહે છે. સાથે સાથે એક સોશિયલ સેક્રેટરી, એક કેલિગ્રાફર, માળી, નોકર મળીને કુલ ૯૬ કર્મચારીઓ હોય છે. આ જ કારણ છે કે પૂર્વ પ્રમુખ રોનાલ્ડ રેગનના પુત્ર વ્હાઈટ હાઉસને આઠ સ્ટાર હોટેલ કહેતા હતા. કેમ્પ ડેવિડ પાટનગર વોશિંગ્ટન ડીસીથી ૧૧૩ કિલોમીટરના અંતરે છે. તે પ્રમુખને જલ્દીથી પાટનગરથી નિકળવા માટે ગેટવે તરીકે છે. તેની સ્થાપના વર્ષ ૧૯૩૫માં કરવામાં આવી હતી. ફ્રેન્કલીન રુઝવેલ્ટ બાદ તમામ અમેરિકી પ્રમુખ આનો લાભ ઉઠાવી રહ્યા છે. જ્યોર્જ બુશ તો દરેક સપ્તાહમાં કેમ્પ ડેવિડમાં જતા હતા. ટ્રિસિયા નિક્સને એક વખતે કહ્યુ હતુ કે તે રિસોર્ટ હોટેલની જેમ છે. જ્યાં કોઈ મહેમાનની જેમ છે. અમેરિકી પ્રમુખ માટે એરફોર્સ વન હોય છે. પ્રમુખના બોઈંગ જેટમાં ૧૦૦ વ્યક્તિના બેસવા માટેની જગ્યા હોય છે. તેમાં ૮૫ ટેલિફોન, અનેક કોમ્પ્યુટર કનેક્શન, અને ફેક્સ મશીનો હોય છે. તેમાં ઉડાણ વેળા પણ ફ્યુઅલ ભરી શકાય છે. તે દુશ્મનોના રડારને જામ કરી શકે છે. સુરક્ષાની દ્રષ્ટિએ તે અભૂતપૂર્વ હોય છે. અમેરિકી પ્રમુખની સુરક્ષા માટે સૌથી મોંઘા અને શક્તિશાળી જવાનોનો કાફલો રહે છે. અમેરિકા પ્રમુખને મારી નાંખવા માટે મહિનામાં સરેરાશ ૫૦૦ જેટલી ધમકી મળતી રહે છે. જેના કારણે અમેરિકી પ્રમુખની અવધિ પૂર્ણ થયા બાદ પણ તેમને, તેમની પત્નિને અને ૧૬ વર્ષથી નીચે ના બાળકોને આજીવન સુરક્ષા મળતી રહે છે. બીજી એક વિશેષતા એ છે કે અમેરિકી પ્રમુખ ચાર વર્ષની અવધિ જ્યારે પૂર્ણ કરી લે છે ત્યારે નિવૃતિ બાદ પણ પેન્સન તરીકે હમેંશા માટે લેવલ વનના પેન્શન મળે છે. વર્તમાન સમયમાં આ રકમ આશરે ૧.૩૫ કરોડ રૂપિયા છે. તેમને લશ્કરી હોસ્પિટલમાં સારવાર લેવા માટે સુવિધા હોય છે. ટ્રમ્પનો જન્મ અને ઉછેર ન્યૂયોર્કમાં થયો છે. ૧૯૬૮માં પેન્સીવેનીયામાંથી ઈકોનોમીક્સમાં બેચરલ ડિગ્રી મેળવી લેવામાં સફળતા મેળવી હતી.

અમેરિકી પ્રમુખ પણ જંગી સુવિધા હોવા છતાં સામાન્ય નાગરિકની જેમ જ તેમના પગાર પર ટેક્સ ચુકવે છે : ટ્રમ્પનો પગાર આશરે ત્રણ કરોડ

૧૯૭૧માં તેમને તેમના પિતા ફ્રેડ ટ્રમ્પના રીયલ એસ્ટેટનો કોરાબાર સોંપવામાં આવ્યો હતો. ટ્રમ્પ મિસ યુએસએ સૌંદર્ય સ્પર્ધામાં પણ રહ્યા હતા. જેમાં ૧૯૯૬થી ૨૦૧૫ દરમિયાન તેઓ માલિક હતા. વિશ્વમાં ૩૨૪માં સૌથી અમીર વ્યક્તિ તરીકે અને અમેરિકાના ૧૫૬ માં સૌથી અમીર વ્યક્તિ તરીકે રહ્યા છે. જૂન ૨૦૧૫માં ટ્રમ્પે રીપબ્લિકન તરીકે ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી.

વ્યક્તિગત યાત્રા માટે ૬૮ લાખ રૂપિયા મળે છે

ટ્રમ્પ પાસે કેવી કેવી સુવિધા

અમેરિકાના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદથી વ્યાપક ટિકા થઈ રહી હોવા છતાં ડોનાલ્ડ ટ્રમ્પ વિશ્વના સૌથી શક્તિશાળી લીડર તરીકે રહ્યા છે. હાલમાં કોરોનાકાળમાં તેમની વ્યાપક ટિકા થઈ રહી છે. કારણ કે અમેરિકામાં કોરોનાના કેસો દુનિયામાં સૌથી વધારે રહ્યા છે. ટ્રમ્પ પાસે કેવી કેવી સુવિધા રહેલી છે તે નીચે મુજબ છે.

- **અમેરિકાના પ્રમુખ ટ્રમ્પને વાર્ષિક ૪૦૦૦૦૦ ડોલર અથવા તો આશરે બે કરોડ ૭૨ લાખ ૪૪ હજાર રૂપિયાનો તો માત્ર પગાર મળે છે**
- **આવી જ જ રીતે વ્યક્તિગત યાત્રા માટે એક લાખ ડોલર અથવા તો આશરે ૬૮ લાખ રૂપિયા મળે છે**
- **મનોરંજન માટે પણ ટ્રમ્પને આશરે ૧૯ હજાર ડોલર અથવા તો આશરે ૧૩ લાખ રૂપિયા મળે છે**
- **વ્હાઈટ હાઉસમાં અતિઆધુનિક સુવિધા છે. ૫૫૦૦૦ સ્કેવેયર ફુટમાં બનેલી છ માળની ઈમારતમાં ૧૩૨ રૂમ, ૩૫ બાથરૂમ, ૨૮ ફાયરપ્લસ, એક ટેનિસ કોર્ટ, એક બોલિંગ અલે, એખ ફિલ્મી મુવી થિયેટર, એક જોંગિગ ટ્રેક, એક સ્વીમિંગ પુલ, ગોલ્ફ માટે એક શાનદાર મેદાન, સમગ્ર કદમાં બાસ્કેટબોલ કોર્ટનો સમાવેશ થાય છે**
- **વ્હાઈટ હાઉસમાં પાંચ શેફ હમેંશા ડ્યુટી પર તૈયાર રહે છે. સાથે સાથે એક સોશિયલ સેક્રેટરી, એક કેલિગ્રાફર, માળી, નોકર મળીને કુલ ૯૬ કર્મચારીઓ હોય છે**
- **કેમ્પ ડેવિડ પાટનગર વોશિંગ્ટન ડીસીથી ૧૧૩ કિલોમીટરના અંતરે છે. તે પ્રમુખને જલ્દીથી પાટનગરથી નિકળવા માટે ગેટવે તરીકે છે**
- **અમેરિકી પ્રમુખ માટે એરફોર્સ વન હોય છે. પ્રમુખના બોઈંગ જેટમાં ૧૦૦ વ્યક્તિના બેસવા માટેની જગ્યા હોય છે. તેમાં ૮૫ ટેલિફોન, અનેક કોમ્પ્યુટર કનેક્શન, અને ફેક્સ મશીનો હોય છે. તેમાં ઉડાણ વેળા પણ ફ્યુઅલ ભરી શકા છે. તે દુશ્મનોના રડારને જામ કરી શકે છે**
- **અમેરિકી પ્રમુખની સુરક્ષા માટે સૌથી મોંઘા અને શક્તિશાળી જવાનોનો કાફલો રહે છે**

એક ફૂલનો દેખાવ કોરોના જેવા, પણ ગુણ છે ઔષધિય

છત્તીસગઢના બસ્તર જિલ્લામાં અત્યારે અનોખા પ્રકારના ફૂલો ઉગી નીકળે છે જે ફૂલો દેખાવમાં એકદમ કોરોના વાઈરસ જેવા જ હોય છે. કોરોના વાયરસ જેવા દેખાતા હોવા છતાં આ ફૂલ તેમજ તેનાં પાંદડાં ઘણા ઉપયોગી છે. પાંદડાં ઔષધીય ગુણ ધરાવે છે અને ફૂલોનો ઉપયોગ રંગ બનાવવામાં થાય છે.

આખી દુનિયા કોરોના વાયરસથી ત્રસ્ત છે. તેવામાં આ વાયરસનું ક્યાંય નામ લેવાય અથવા એ વાયરસ જેવી કોઈ આકૃતિ કે વસ્તુ દેખાય તો લોકો ગભરાઈ જાય તે સ્વાભાવિક છે. પરંતુ બસ્તર જિલ્લામાં આવેલી મટનાર ઘાટી આ સમયે 'ઓલી' કે 'અલ્લી' નામના ફૂલોથી આચ્છાદિત થઈ ગઈ છે. જેને લીધે આ ઘાટીની સુંદરતા વધી ગઈ છે. અલ્લી ફુલ ભારતમાં ફકત બસ્તરમાં જ જોવા મળે છે.

ભારતમાં પહેલીવાર પૂનામાં કોરોના વાયરસનું ચિત્ર લેવામાં આવ્યું. 'ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ'ના પૂના સ્થિત 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી'ના વૈજ્ઞાનિકો ગયા માર્ચ મહિનાના અંતમાં પહેલીવાર કોરોના વાયરસનું ચિત્ર સામે લઈ આવ્યા. આ ચિત્ર 'ઈમેજ ટ્રાન્સમિશન ઇલેક્ટ્રોન માઈક્રોસ્કોપ' ઈમેજિંગના ઉપયોગ દ્વારા કોરોના વાયરસનું ચિત્ર લેવામાં આવ્યું. વનસ્પતિશાસ્ત્રી ડોક્ટર એમ. એલ. નાયકે જણાવ્યું કે, 'ઓલી એટલે કે અલ્લી ફૂલ છત્તીસગઢમાં બસ્તરની પથરાળ ઘાટીઓમાં જોવા મળે છે. ગામના સ્થાનિક લોકો આ ફૂલને 'અલ્લી' નામથી ઓળખે છે. આ ફૂલ મેલાસ્ટોમેસ પરિવારનું છે અને એનું વૈજ્ઞાનિક નામ છે 'મેમેકોલીન એડ્યુલ'. ભારતમાં તેનું નામ 'ઓલી', 'આયર્ન વુડ' તો શ્રીલંકામાં 'કોરાકહ' (વાદળી ધુમ્મસ)ના નામથી ઓળખાય છે. તેમાં પીળી ડાઈ તેમજ ગ્લૂકોસાઈડ હોય છે. શ્રીલંકામાં ઓલી ફૂલોનો ઉપયોગ રંગ બનાવવા માટે થાય છે. બૌદ્ધ ભિક્ષુકો વર્ષોથી આ ફૂલનો ઉપયોગ કપડાંને રંગ કરવામાં કરતા આવ્યા છે. ચટાઈને રંગવામાં પણ આ ફૂલના રંગનો ઉપયોગ થાય છે.

આયુર્વેદ ચિકિત્સક નિખિલ દેવગન જણાવે છે કે, 'ઓલીના પાંદડાનો રસ એન્ટી ડાયેરિયલ છે. એથી જ બસ્તરના ગ્રામવાસીઓ પેટની કે પાચનની કોઈ પણ સમસ્યામાં આ ફૂલનાં પાંદડાનો રસ દવા તરીકે લે છે. ઓલીની ડાળખીનો દાંતણ તરીકે પણ ગ્રામીણ લોકો ઉપયોગ કરે છે'.

વધતા હુમલા વચ્ચે તમામ વિકલ્પો પર એકસાથે કામ કરવાની જરૂર

ત્રાસવાદને રોકવા આધુનિક રીત જરૂરી

દેશવિદેશમાં ફેલાઈ રહેલા ત્રાસવાદની જાળને નિવેદનબાજી, સેમિનાર અને વિરોધ પ્રદર્શનથી કાપી શકાશે નહી : આધુનિક તૈયારી, બજેટ જરૂરી

ત્રાસવાદી દુષણ પર અંકુશ મુકવા માટે હવે એકસાથે તમામ વિકલ્પો પર કામ કરવાની જરૂર પડશે. ભારત અને દુનિયાભરમાં ફેલાઈ રહેલી ત્રાસવાદની જાળને માત્ર લાંબા લાંબા નિવેદન, સેમિનાર અને વિરોધ પ્રદર્શન કરીને કાપી શકાશે નહી. ત્રાસવાદ પર અંકુશ મુકવા માટે હવે હાલમાં અપનાવવામાં આવેલી નિતીને પણ બદલવી પડશે. આધુનિક તૈયારી કરવી પડશે. જરૂરી બજેટની ફાળવણી પણ કરવી પડશે. સાથે સાથે યુવાનો ત્રાસવાદી સંગઠનો તરફ પ્રેરિત કેમ થઈ રહ્યા છે તે બાબત પર પણ ધ્યાન આપવાની જરૂર છે. આ તમામ બાબતોને ધ્યાનમા લઈને જ સફળતા મેળવી શકાય છે. ઈન્ટરનેટના આ યુગમાં કોઈ પણ વિચારધારાનો ફેલો પેમ્પલેટ અથવા તો પોસ્ટરો મારફતે કરવામાં આવતો નથી. પત્રો મારફતે પણ તેનો ફેલાવો થતો નથી. ત્રાસવાદી સંગઠનો પણ હાઈટેક બની ચુક્યા છે. ત્રાસવાદી સંગઠનો વધુ પ્રમાણમાં સોશિયલ મિડિયાનો ઉપયોગ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ખાસ કરીને સોશિયલ મિડિયા પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. યુવાનો સોશિયલ મિડિયાનો ઉપયોગ સૌથી વધારે પ્રમાણમાં કરે છે. જેથી ખાસ નિષ્ણાંત ટીમ તેના પર નજર રાખે તે ખુબ જરૂરી છે. પાકિસ્તાન અને દુનિયાના અન્ય દેશોમાં સક્રિય રહેલા ત્રાસવાદી સંગઠનના લીડરો અને આકાઓ સોશિયલ મિડિયા મારફતે યુવાનોના સંપર્કમાં આવે છે અને તેમની સાથે મિત્રતા કરે છે. ત્યારબાદ પોતાની તરફેણમાં કરવા માટે નવા નવા લાલચ આપવામાં આવે છે. આમાં યુવાનો ફસાઈ પણ જાય છે. આવી સ્થિતીમાં યુવાનોને આવી ગતિવિધીમાં સામેલ થવાથી રોકવા માટે ખાસ રણનિતી અને આધુનિક તરીકા અપનાવવાની જરૂર છે. આધુનિક સમયમાં સોશિયલ મિડિયા વિચારોની આપલે માટે સૌથી મોટા માધ્યમ તરીકે છે. જેથી ત્રાસવાદ પર અંકુશ મુકવા માટે તેના પર નિયંત્રણ મેળવી લેવા તરીકે શોધી કાઢવા પડશે. આના અનુરૂપ તૈયારી પણ કરી લેવી પડશે. આના માટે જરૂરી બજેટની ફાળવણી પણ કરવી પડશે. યુવાનો ત્રાસવાદ પ્રત્યે કેમ આકર્ષિત થઈ રહ્યા છે તેના તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. ત્રાસવાદને પરાજિત કરવાની જવાબદારી માત્ર સરકારની જ નહી બલ્કે સામાન્ય દરેક નાગરિકની પણ છે. સામાન્ય નાગરિકોને પણ પોતાની રીતે સુરક્ષા સંસ્થાઓની શક્ય તેટલી મદદ કરવી પડશે. પોતાની આસપાસ થઈ રહેલી ગતિવિધી પર સામાન્ય લોકો ધ્યાન રાખે તે જરૂરી છે. સાથે સાથે શંકાસ્પદ પ્રવૃતિ અંગે પોલીસને જાણ કરવામાં આવે તે પણ જરૂરી છે. કારણ કે ત્રાસવાદના કારણે જો કોઈ વ્યક્તિ પ્રભાવિત સૌથી વધારે થાય છે તો તે સામાન્ય લોકો જ છે. જેથી સામાન્ય લોકોને વધારે સાવધાન રહીને પોતાની આસપાસની ગતિવિધી પર નજર પણ રાખવી જોઈએ. પોલીસ અને સુરક્ષા સંસ્થાઓની આ રીતે મદદ કરી શકાય છે. સામાન્ય લોકો પણ વધારે સહકાર આપીને ત્રાસવાદી ગતિવિધીને રોકવામાં સક્રિય સુરક્ષા સંસ્થાઓને પુરતી મદદ કરે તે જરૂરી છે. કારણ કે સામાન્ય લોકોને જ વધારે સઘન કરવાનુ આવે છે. જ્યારે કોઈ હુમલો કરવામાં આવે છે ત્યારે નિર્દોષ લોકોના મોત જ સૌથી વધારે પ્રમાણમાં થાય છે. આવી સ્થિતીમાં સામાન્ય પ્રજા પણ તેમની આસપાસની ગતિવિધીની અવગણના કરવાના બદલે તેના પર નજર રાખે તે જરૂરી છે. ખાસ કરીને કોઈ પણ શંકાસ્પદ પ્રવૃતિ દેખાય તો ધ્યાન આપવાની જરૂર છે. ત્રાસવાદીઓની ઘુસણખોરીને રોકવા માટે પણ પગલા વધારે કઠોર જરૂરી છે. દેશની અંદર ઘુસી ગયેલા ત્રાસવાદીઓને આશ્રય આપનાર લોકોને પણ શોધી કાઢવા માટે કોઈ નક્કર નિતી શોધી કાઢ વી જોઈએ. તમામ સ્તર પર પોતાના લોકો ગુપ્તરીતે માહિતી એકત્રિત કરી શકે તેવી વ્યવસ્થા કરી શકાય છે.



આતંકવાદ ઉપર અંકુશ મુકવા શુ કરવુ પડે

- **ત્રાસવાદ પર અંકુશ મુકવા માટે તમામ વિકલ્પનો એક સાથે ઉપયોગ જરૂરી છે**
- **આધુનિક તૈયારી સાથે કઠોર નિતી અપનાવવી પડશે**
- **પુરતા પ્રમાણમાં બજેટ, હથિયારોની ફાળવણી કરવી પડશે**
- **ત્રાસવાદી સંગઠનો પ્રત્યે યુવાનો કેમ આકર્ષિત થઈ રહ્યા છે તેના તરફ ધ્યાન આપવાની જરૂર છે**
- **સરકારની સાથે સાથે તમામ સામાન્ય લોકોને પણ પોતાની ફરજ અદા કરીને સુરક્ષા સંસ્થાઓની મદદ કરવી જોઈએ**
- **સામાન્ય લોકોને પોતાની આસપાસ થઈ રહેલી ગતિવિધી પર ખાસ નજર રાખવી જોઈએ**
- **કોઈ શંકાસ્પદ ગતિવિધી પોતાની આસપાસ દેખાય તો પોલીસને જાણ કરવી જોઈએ**
- **સોશિયલ મિડિયા પર ખાસ ધ્યાન જરૂરી છે**

એક યાદગાર પલઃ ભારતે કપિલના ૧૭૫ રનથી મેળવ્યો ઐતિહાસિક વિજય


મુંબઇ

ભારતે વન-ડે ક્રિકેટનાં ૪૯ વર્ષના ઇતિહાસમાં જેટલા પણ દિલધડક વિજય મેળવ્યા છે એમાં જો ૧૯૮૩ના પ્રુડેન્શિયલ કપના ઝિમ્બાબ્વે સામેના મુકાબલાની વાત ન થાય તો ભારતની રોમાંચક જીત પર આધારિત રેકોર્ડ બુક અધૂરી કહેવાય.

ઝિમ્બાબ્વેએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતને હરાવ્યું છે, પરંતુ '૮૩ના વિશ્વ કપની હારને કદી નહિ ભુલાવી શકે.

૧૮મી જૂનનો એ દિવસ હતો અને ટનબ્રિજ વેલ્સના નેવિલ ગ્રાઉન્ડ પર સ્પર્ધાની ૨૦મી લીગ મેચ શરૂ થવાને અડધા કલાકની વાર હતી ત્યારે કપિલ દેવ નિખંજે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. લીગ રાઉન્ડની શરૂઆતમાં ગ્રુપ 'બી'માં ઝિમ્બાબ્વેની નવીસવી ટીમ ઓસ્ટ્રેલિયાની બળૂકી ટીમને હરાવી ચૂકી હતી અને ભારતે વેસ્ટ ઇન્ડીઝને પહેલો ઘાતક પંચ લગાવી દીધો હતો એટલે ૧૮મી જૂને બંને હરીફો (ભારત અને ઝિમ્બાબ્વે) બુલંદ ઉત્સાહ સાથે ટનબ્રિજ વેલ્સના મેદાન પર આવ્યા હતા.

જોકે, ભારતે આઘાતજનક આરંભ કર્યો હતો. સુનીલ ગાવસકર ઝીરો પર જ આઉટ થઈ ગયા હતા.



ટીમના ૬ રનના સ્કોર પર ક્રિશ શ્રીકાંતે અને મોહિન્દર અમરનાથે પણ વિકેટ ગુમાવી દીધી હતી. ૯ રનના ટીમ-સ્કોર પર સંદીપ પાટીલે વિકેટ ગુમાવી એટલે યશપાલ શર્મા સાથે કપિલ દેવ જોડાયા હતા. એ જોડી માંડ સેટ થઈ ત્યાં ૧૭ રનના ટોટલ પર યશપાલ પણ આઉટ થઈ ગયા હતા. આમ, માત્ર ૧૭ રનમાં પાંચ વિકેટ પડી ગઈ હતી.

હવે ખરો ખેલ શરૂ થયો હતો.

કપિલને રોજર બિન્નીનો સાથ મળ્યો હતો. કપિલે મોટા ભાગે સ્ટ્રાઇક પોતાની પાસે રાખી હતી અને ફટકાબાજી ચાલુ રાખી હતી. જોકે, બેઉ વચ્ચે ૬૦ રનની ભાગીદારી થઈ હતી ત્યાં ૭૭ રનના સ્કોર પર ટ્રાઇકોસે બિન્નીને એલબીડબ્લ્યુ કરીને ભારતની બેટિંગ લાઇનઅપમાં ગાબડું પાડ્યું હતું. એમ છતાં, કપિલ હિંમત નહોતા હાર્યા અને તેમણે રવિ શાસ્ત્રી સાથે મળીને નવી પાર્ટનરશિપ શરૂ કરી હતી. જોકે, ટોટલમાં માંડ એક રન ઉમેરાયો ત્યાં શાસ્ત્રીની વિકેટ પડી હતી. હવે કપિલ પાસે ત્રણ જ ભાવિ જોડીદાર હતા... મદન લાલ, સૈયદ કિરમાણી અને બલવિંદર સંધુ.

ઝિમ્બાબ્વેના બોલરોમાં પીટર રોઉસન, બુચાર્ટ, કેવિન કરેન, ફ્લેચર અને ટ્રાઈકોસે કપિલને આઉટ કરવા કોઈ કસર નહોતી છોડી, પણ ભારતીય કેપ્ટને તેમને ફાવવા નહોતા દીધા. કપિલે ૧૭ રન બનાવનાર મદન લાલ સાથે અને ૨૪ રન બનાવનાર કિરમાણી સાથે મોટી ભાગીદારી કરીને ભારતને ૨૬૬ રનનો સન્માનજનક સ્કોર અપાવ્યો હતો. આ ૨૬૬ રન ૬૦ ઓવરમાં ૮ વિકેટે બન્યા હતા. કપિલ ૧૩૮ બોલમાં ૬ સિક્સર, ૧૬ ફોરની મદદથી બનેલા ૧૭૫ રને અણનમ રહ્યા હતા.

ઝિમ્બાબ્વે ૨૬૭ રનના લક્ષ્યાંક સામે સાધારણ શરૂઆત બાદ ૫૭ ઓવરમાં બનેલા ૨૩૫ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ જતાં ભારતનો ૩૧ રનથી શાનદાર વિજય થયો હતો. મદન લાલે ત્રણ અને બિન્નીએ બે વિકેટ લીધી હતી. કપિલે એક વિકેટ પણ લીધી હતી અને સમગ્ર ક્રિકેટ જગત પર છવાઈ ગયા હતા.

નાસાએ કરી જાહેરાત
અંતરિક્ષમાં શૂટિંગ કરનારો પ્રથમ એક્ટર બનશે ટોમ ક્રૂઝ



વૉશિંગ્ટન

હોલીવુડ સ્ટાર ટોમ ક્રૂઝ ટૂંક સમયમાં અંતરિક્ષમાં શૂટિંગ કરતો જોવા મળશે. આ વાતની પુષ્ટિ નાસા પણ કરી છે. ટોમ ક્રૂઝ અને એલન મસ્ક સ્પેસ એક્સ નાસા સાથે મળીને એક ફિલ્મ પર કામ કરી રહ્યા છે. જેનું શૂટિંગ અંતરિક્ષમાં કરાશે. નાસાના એડમિનિસ્ટ્રેટરે જિમ બ્રિડેનસ્ટાઈને ટ્વિટ કરીને આ વાતની પુષ્ટિ કરી હતી.

તેમણે ટ્વિટ કરીને લખ્યુ, નાસા ટોમ ક્રૂઝ સાથે તેની આગામી ફિલ્મનું શૂટિંગ સ્પેસ સ્ટેશનમાં કરવાને લઈ ઉત્સાહિત છે. તેમણે આગળ ટ્વિટમાં કહ્યું કે, નાસાનો આ પ્રોજેક્ટને પૂરો કરવા માટે હાલના સમયની નવી જનરેશન, એન્જિનિયર અને સાયન્ટિસ્ટ સાથે મળી કામ કરશે.

અંતરિક્ષમાં જઈને શૂટિંગ કરનારો ટોમ ક્રૂઝ પ્રથમ એક્ટર બની જશે. અંતરિક્ષને લઈ ફિલ્મ બની હોય અને ત્યાં જ શૂટ થઈ હોય તેવી પ્રથમ ફિલ્મ હશે.

૧૯૮૫માં જાવેદ મિયાંદાદે ઑડી કાર જીતવા ભરપૂર કોશિશ કરેલીઃ રવિ શાસ્ત્રી

મુંબઇ

કોરોના વાયરસના કારણે હાલ બધી ક્રિકેટ ટુર્નામેન્ટ રદ કરવામાં આવી છે. જ્યારે લોકડાઉનના કારણે ખેલાડીઓ પોતાના ઘરે પરિવાર સાથે સમય પસાર કરી રહ્યા છે. આ દરમિયાન ભારતીય ક્રિકેટ ટીમના કોચ રવિ શાસ્ત્રીએ તાજેતરમાં આપેલ એક ઇન્ટરવ્યૂમાં મોટો ખુલાસો કર્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ રવિ શાસ્ત્રીએ પાકિસ્તાનના એવા ક્રિકેટરના નામનો ખુલાસો કર્યો છે જેને ૧૯૮૫માં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ઓડી કાર મેળવવા માટે પૂરજોશ કોશિશ કરી હતી. જો કે, ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરવા બદલ રવિ શાસ્ત્રીને એ ઓડી કાર મળી





હતી. શાસ્ત્રીના દમ પર ભારતીય ટીમે ટુર્નામેન્ટનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. આ ટુર્નામેન્ટમાં શાસ્ત્રી સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે ચૂંટાયા હતા અને ઇનામમાં ઓડી કાર જીત્યા હતા. મીડિયા રિપોર્ટ મુજબ એક ખાનગી મીડિયા કાર્યક્રમમાં રવિ શાસ્ત્રીએ કહ્યું કે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટની રેસમાં જાવેદ મિયાંદાદ પોતાને મજબૂત દાવેદાર માની રહ્યા હતા. આ ટુર્નામેન્ટમાં ભારતે શાસ્ત્રી અને શ્રીકાંતના દમ પર પાકિસ્તાનને હરાવ્યું હતું. શાસ્ત્રીએ જણાવ્યું કે, જાવેદ મિયાંદાદ પાસે ઓડી જીતવાની તક પણ નહોંતી તેમ છતાં તેઓ શાસ્ત્રીનું ધ્યાન ભટકાવવાની કોશિશ કરતા રહેતા હતા. શાસ્ત્રીએ કહ્યું કે ફાઇનલમાં અમારા વચ્ચે સતત વાતચીત થતી હતી. આ સિવાય રવિ શાસ્ત્રીએ ૧૯૮૫ની વનડે મેચ રમનારી ભારતીય ટીમને હાલની ભારતીય ટીમ કરતા વધુ મજબૂત ગણાવી.

'રાધે' ઓનલાઈન ૨૫૦ કરોડ રૂપિયામાં વેચાશે?



મુંબઇ

સલમાન ખાનની 'રાધે'નું શૂટિંગ લોકડાઉનના કારણે પૂરું થઈ શક્યું નથી. દિશા પટણી અને સલમાનનું એક્શન સોંગ હજુ શૂટ કરવાનું બાકી છે. આમ તો આ ફિલ્મનો ક્લાઈમેક્સ પણ શૂટ કરવાનો બાકી છે ત્યારે હમણાં એવું જાણવા મળ્યું છે કે સલમાનની 'રાધે' અને અક્ષયની 'લક્ષ્મી બમ' ઓનલાઈન રિલીઝ થઈ શકે છે.

સલમાનની ટીમ પણ 'રાધે'ને ઓનલાઈન રિલીઝ કરવા માટેનું પ્લાનિંગ કરી રહી છે. ૨૫૦ કરોડ રૂપિયા કરતાં વધારે કિંમત મળતાં ફિલ્મ રિલીઝ થશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું.

સલમાન ખાનના પ્રોડક્શનની બિઝનેસ ડીલ સંભાળતા ઝોર્ડી પટેલે જણાવ્યું હતું કે આવતા વર્ષ સુધી ફિલ્મની રિલીઝ કરવા માટે નિર્માતા રાહ જોઈ શકે તેમ નથી.

જેમ 'લક્ષ્મી બમ' હોટસ્ટાર પર સીધી રિલીઝ કરવામાં આવી રહી છે તેમ જો 'રાધે'ને પણ મોકો મળશે તો ચોક્કસ રિલીઝ કરવામાં આવશે. અમે ઓટીટી માટે તૈયાર છીએ.

મોટી ફિલ્મો થિયેટરમાં રિલીઝ થાય તો સારું પણ અત્યારનો સમય જોઈને લાગે છે કે ફિલ્મ અટકી પડે તેના કરતાં ઓનલાઈન રિલીઝ થાય એ જ સારું. જો ઈદ પર 'રાધે' રિલીઝ નહિ થાય તો દિવાળી કે ક્રિસમસ પર કે ન્યુ યર પર રિલીઝ થશે. જોકે, તમામ બાબતો થિયેટરો ખૂલે તેના પર નિર્ભર છે.

ડેવિડ વૉર્નરે ઓલટાઈમ આઈપીએલ ઈલેવનની પસંદગી કરી

મેલબર્ન

ઈન્ડિયન પ્રીમિયર લીગની ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન ડેવિડ વોર્નરે તેની ઓલટાઈમ આઈપીએલ ઈલેવનની પસંદગી કરી છે. તેણે ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજ ખેલાડીને સામેલ કર્યા છે. જોકે ચોંકાવનારી વાત છે કે વોર્નર ટીમમાં આઈપીએલના સૌથી સફળ બોલર લસિથ મલિંગાને સામેલ કર્યો નથી. ઉપરાંત શેન વોટ્સન જેવા દિગ્ગજ ખેલાડીને પણ સ્થાન નથી આપ્યું.

ક્રિકબઝ માટે હર્ષા ભોગલે સાથે ઈન્ટરવ્યૂમાં વોર્નરે તેની ટીમની પસંદગી કરી હતી. તેણે ખુદને અને રોહિત શર્માને



ઓપનિંગ બેટ્સમેન તરીકે રાખ્યા છે. રોયલ ચેલેન્જર્સ બેંગલોરના કેપ્ટન વિરાટ કોહલીને નંબર ૩ અને ચેન્નાઈ સુપર કિંગ્સના બેટ્સમેન સુરેશ રૈનાને ૪ નંબર પર રાખ્યો છે.

પાંચમાં અને છઠ્ઠા નંબર પર વોર્નરે બે દિગ્ગજ ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને ગ્લેન મેક્સવેલને તેની ટીમમાં સ્થાન આપ્યું છે. એમ એસ ધોની વોર્નરની ટીમમાં વિકેટકિપર બેટ્સમેન હશે.

બોલર્સમાં મિચેલ સ્ટાર્ક, જસપ્રીત બુમરાહ અને આશીષ નેહરાને ટીમમાં સામેલ કર્યા છે. સ્પિન બોલર તરીકે યુઝવેંદ્ર ચહલ અને કુલદીપ યાદવમાંથી કોઈ એકની પસંદગી નહોતો કરી શક્યો. વોર્નરની ટીમમાં એબી ડીવિલિયર્સ અને ક્રિસ ગેલ જેવા દિગ્ગજ ખેલાડીને સ્થાન મળ્યું નથી.

વોર્નરની ઓલટાઈમ આઈપીએલ ઈલેવનઃ

રોહિત શર્મા, ડેવિડ વોર્નર, વિરાટ કોહલી, સુરેશ રૈના, ગ્લેન મેક્સવેલ, હાર્દિક પંડ્યા, એમએસ ધોની (વિકેટકિપર), મિચેલ સ્ટાર્ક, જસપ્રીત બુમરાહ, આશીષ નેહરા, કુલદીપ યાદવ/યુઝવેંદ્ર ચહલ.

ભારતીય ક્રિકેટરો માનસિક સમસ્યાઓ વિશે વાત કરતા ખચકાય છેઃ ધોની

રાંચી

મેદાન પર હંમેશા શાંત રહેતા ભારતીય ટીમના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીને પણ ડર લાગે છે અને તે પણ દબાણ અનુભવે છે. ધોનીએ કહ્યું હતું કે, ભારતીય ક્રિકેટરો માનસિક સમસ્યાઓ વિશે વાત કરતાં ખચકાય છે. આવી સ્થિતિમાં ટીમ સાથે એક મેન્ટલ કન્ડિશનિંગ કોચ રહે તે જરૂરી છે. ભૂતપૂર્વ ક્રિકેટર એસ બદ્રીનાથના મેન્ટલ હેલ્થના ઓનલાઈન સત્રમાં ક્રિકેટ, વોલીબોલ અને ટેનિસના ટોચના કોચીઝ સાથેની ચર્ચા દરમિયાન



ધોનીએ આ વાત કહી હતી. વિકેટકીપર બેટ્સમેને કહ્યું કે જો મેન્ટલ કન્ડિશનિંગ કોચ થોડા દિવસો માટે ટીમ સાથે જોડાય છે, તો તેનો વધારે ફાયદો નહીં થાય. કારણ કે તે પછી થોડા દિવસો માટે જ પોતાના અનુભવો ખેલાડીઓ સાથે શેર કરી શકશે. જો તે સતત ટીમ સાથે હોય, તો પછી તેઓ સમજી શકે કે તે કયા ક્ષેત્ર છે જે કોઈ ખેલાડીની રમતને અસર કરે છે. તેમણે કહ્યું કે આજે પણ માનસિક સમસ્યાઓ સ્વીકારવી એ ભારતમાં મોટો મુદ્દો છે. ખાસ કરીને ખેલાડીઓ સાથે. ખરેખર કોઈ કહેતું નથી કે, જ્યારે હું બેટિંગ કરવા જાઉં છું, ત્યારે પ્રથમ પથી ૧૦ બોલ રમતી વખતે હૃદયના ધબકારા વધી જાય છે. હું દબાણ અનુભવું છું, મને થોડો ડર લાગે છે. દરેક વ્યક્તિને એવું લાગે છે. પરંતુ તેનો સામનો કેવી રીતે કરવો તે કોઈ કહેતું નથી?

યુરોપમાં સૌથી પહેલા શરૂ થનાર ટૂર્નામેન્ટ બનશે
જર્મનીમાં ફૂટબોલ લીગ ૧૫મેથી શરુ થઈ શકે,ખાલી સ્ટેડિયમમાં મેચ રમાશે



બર્લિન

કોરોનાવાયરસ (કોવિડ-૧૯) જેવા રોગચાળા વચ્ચે ફૂટબોલ ચાહકો માટે એક સારા સમાચાર સામે આવ્યા છે. જર્મનીમાં બુંદેસલિગા ફૂટબોલ લીગ ૧૫ મેથી શરૂ થઈ શકે છે. મેચ ખાલી સ્ટેડિયમમાં યોજાશે. કડક નિયમો સાથે ૧૩ માર્ચથી અટકેલી આ લીગ શરૂ કરવાની જર્મન સરકારે મંજૂરી આપી દીધી છે. જો કે, ૩૬ પ્રોફેશનલ ક્લબ સાથેની બેઠક બાદ આખરી નિર્ણય લેવાનો બાકી છે. જો આવું થાય, તો બુંદેસલિગા ટોપ -૫ યુરોપિયન ફૂટબોલ લીગની પ્રથમ લીગ હશે, જેની મેચ શરૂ થશે.

તે ઉપરાંત બે મહિના પછી, આ શુક્રવારથી દક્ષિણ કોરિયાની ફૂટબોલની સીઝન શરૂ થવા જઈ રહી છે. આ મેચ પણ પ્રેક્ષકો વગરની હશે. ઉપરાંત, કોરોના ચેપથી બચવા માટે નવી માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. આ અંતર્ગત, ખેલાડીઓ ગોલ ફટકાર્યા પછી ઉજવણી કરી શકશે નહીં, હાથ મિલાવશે નહીં અને મેચની મધ્યમાં એકબીજા સાથે વાત પણ કરશે નહીં.

ઋષિ કપૂરના નિધનથી અભિનેતા પ્રેમ ચોપરા દુઃખી



મુંબઇ

બોલિવુડ એક્ટર ઋષિ કપૂર હવે આ દુનિયામાં રહ્યા નથી. ગત ૩૦ એપ્રિલે તેમનું નિધન થયું હતું. દરેક સેલેબ્સ સોશિયલ મીડિયા પર એક્ટર સાથેની જૂની યાદો અને તસવીરો શેર કરીને શ્રદ્ધાંજલી પાઠવી રહ્યા છે. આ દરમિયાન એક્ટર પ્રેમ ચોપરાએ પણ શોક વ્યક્ત કર્યો છે. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે, તેઓ ઋષિ કપૂરની અંતિમ ક્રિયામાં હાજર ન રહી શક્યા તે વાતનું તેમને દુઃખ છે. આ સાથે જ તેમણે નીતુ સિંહ અને રણબીર કપૂરને લઈને પણ વાત કરી છે.

ઋષિ કપૂરના નિધનને એક અઠવાડિયું થઈ ગયું છે, તેમ છતાં કોઈને વિશ્વાસ નથી આવી રહ્યો કે તેઓ સાચે આ દુનિયાને અલવિદા કહી ચૂક્યા છે. સ્પોટબોય સાથે વાતચીત કરતાં પ્રેમ ચોપરાએ કહ્યું કે, 'હું લોકડાઉનના કારણે ઋષિ કપૂરની અંતિમ વિદાયમાં હાજરી આપી શક્યો નહીં અને મને આ વાતનો ખૂબ પસ્તાવો છે'. તેમણે આગળ કહ્યું કે, 'મેં નીતુને ફોન કર્યો હતો અને ફોન પર વાતચીત કરતાં મને જાણ થઈ કે તે અને રણબીર દુઃખના આ સમયમાં ખૂબ હિંમત રાખી રહ્યા છે'. આ વાતચીત કરતાં તેઓ ભાવુક પણ થઈ ગયા હતા. તેમણે કહ્યું કે, 'જ્યારે તે અમેરિકાથી સારવાર કરાવીને ઘરે પરત આવ્યો હતો ત્યારે તેણે મને કહ્યું હતું કે કેન્સર વિશે ચિંતા કરવાની કોઈ વાત નથી અને તે હવે ઠીક છે'. ઋષિ કપૂર વિશે વાત કરતાં પ્રેમ ચોપરાએ કહ્યું કે, 'આ એક મોટું નુકસાન છે. તે મારા દિલની નજીક હતો. તે સમજદાર એક્ટર હતો. જે હંમેશા મહેનત કરતો હતો.

દેવોલિના ભટ્ટાચાર્જીના બિલ્ડિંગમાં એક વ્યક્તિ કોરોના પોઝિટિવઃ બિલ્ડિંગ સીલ

મુંબઇ

ટીવી એક્ટ્રેસ અને બિગ બોસ ૧૩ની કન્ટેસ્ટન્ટ દેવોલિના ભટ્ટાચાર્જીનું બિલ્ડિંગ સીલ કરાયું છે. દેવોલિનાના બિલ્ડિંગમાં એક શખ્સનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી આ પગલાં લેવામાં આવ્યા છે. સુરક્ષા અને અગમચેતીના ભાગરૂપે એક્ટ્રેસના બિલ્ડિંગને હાલ સીલ કરી દેવામાં આવ્યું છે. સામે આવેલી જાણકારી પ્રમાણે, દેવોલિનાએ પણ પોતાને ૧૪ દિવસ માટે સેલ્ફ ક્વૉરન્ટીન કરી છે.

દેવોલિનાના બિલ્ડિંગમાં જે શખ્સને કોરોના થયો છે તેના ઘરે એક રસોઈયો કામ કરે છે. આ જ રસોઈયો દેવોલિનાના ઘરે પણ ભોજન બનાવવા આવતો હતો. આ જ કારણે દેવોલિના પોતે સેલ્ફ-ક્વૉરન્ટીન થઈ છે. જણાવી દઈએ કે, દેવોલિના મુંબઈના ગોરેગાંવ ઈસ્ટમાં રહે છે. અહીં તેની સાથે મમ્મી અને ભાઈ પણ રહે છે. જો કે, દેવોલિના હાલ ઘરે એકલી છે. લોકડાઉન પહેલા જ તેની માતા અને ભાઈ તેમના વતન આસામ ગયા હતા અને ત્યાં ફસાઈ ગયા છે.

ઘણા મીડિયા અહેવાલોમાં એવો ઉલ્લેખ છે કે, દેવોલિનાના રસોઈયાને કોરોના થયો છે. પરંતુ દેવોલિનાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી મૂકીને આ વાત ફગાવી છે.

રામાયણની સીતાએ વડોદરામાં ભાજપનો પ્રચાર કર્યો હતો

મુંબઇ

રામાનંદ સાગરની સીરિયલ રામાયણમાં સીતાનો રોલ કરનાર અભિનેત્રી દીપિકા ચિખલીયા આ દિવસોમાં સોશિયલ મીડિયા પર ભારે એક્ટિવ છે. તે અવાર નવાર પોતાની તસવીરો શેર કરતી રહે છે. તેમાંથી ઘણી તસવીરો જૂની પણ હોય છે. હવે દિપીકાએ પોતાની એક એવી તસવીર શેર કરી છે કે જેમાં તે ચૂંટણીનો પ્રચાર કરતી જોવા મળી રહી છે.

દીપિકાની આ તસવીર ત્યારની છે કે જ્યારે તેણે ચૂંટણી પ્રચારમાં ભાગ લીધો હતો. ૯૦ના દશકામાં ગુજરાતના વડોદરામાં તેણે ચૂંટણી લડી હતી. ત્યારે દીપિકા પ્રચાર કરવા ઉતરી હતી. ટ્વીટર પર ફોટો શેર કરીને પ્રધાનમંત્રી મોદી, પીએમઓ ઈન્ડિયા અને બીજેપી દિલ્હીને પણ ટેગ કરી હતી.

ફોટો શેર કરીને દીપિકાએ લખ્યું હતું કે, ચૂંટણી અને પ્રચારના મારા દિવસો. ફોટોમાં દીપિકા સફેદ અને પીળા રંગની સાડી પહેરીને જોવા મળી રહી છે. તે માઈક લઈને ચૂંટણીનો પ્રચાર કરી રહી છે.

આ પહેલા પણ દીપિકાએ એક તસવીર શેર કરી હતી એમાં તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને લાલ કૃષ્ણ અડવાણી સાથે જોવા મળી હતી. દીપિકાએ આ તસવીર શેર કરતાં લખ્યું હતું કે, એ સમયની તસવીર કે જ્યારે હું વડોદરા ચૂંટણી લડી હતી.

૩૦ હજારથી વધુ લોકોના મોત નિપજ્યા

કોરોનાનું ગઢ બન્યુ બ્રિટનઃ મૃત્યુઆંક મામલે ઈટાલી,સ્પેનને પાછળ છોડ્યુ

લંડન

બ્રિટનમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસથી ૬૯૩ લોકો મોતને ભેટ્યા છે, કોરોનાથી અત્યારસુધીમાં ત્યાં ૨૯,૪૨૭ દર્દીઓના મોત થયા છે. આ સાથે જ કોરોના વાયરસથી મૃત્યુ પામનારની સંખ્યા યુરોપમાં સૌથી વધારે થઈ ગઈ છે. જો કે, નવા આંકડા પ્રમાણે જાણ થઈ છે કે દેશમાં કોરોના વાયરસના સંક્રમણથી ૩૦ હજારથી વધારે લોકોના મોત થયા છે, જે જાહેર કરાયેલા આંકડા કરતાં વધારે છે.

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસે કહ્યું કે, કોવિડ ૧૯ના કારણે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં ૨૪ એપ્રિલ સુધીમાં ૨૯, ૭૧૦ લોકોના મોત થયા છે, જ્યારે આ સમયગાળામાં સરકારી આંકડાઓમાં ૨૨,૧૭૩ લોકોના મોતની વાત કરવામાં આવી છે. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસના આંકડા સરકારી આંકડા કરતાં ૩૪ ટકા વધારે છે. બ્રિટનના સરકારી આંકડા પ્રમાણે અત્યારસુધીમાં ૨૯,૪૨૭ લોકોના મોત થયા છે, જે ઈટાલીના ૨૯,૩૧૫ મોતના આંકડા કરતાં વધારે છે. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસના આંકડામાં તે ત્રણ મોતને પણ સામેલ કરવામાં આવ્યા છે, જે કોવિડ ૧૯ના શંકાસ્પદ હતા અને તેમની તપાસ નહોતી થઈ. બ્રિટન બાદ યુરોપમાં સૌથી વધારે મોત ઈટાલી, સ્પેન અને ફ્રાંસમાં થયા છે. સ્પેનમાં ૨૫,૮૫૭ લોકોએ જીવ ગુમાવ્યો છે જ્યારે ફ્રાંસમાં ૨૫,૫૩૧ના મોત થયા છે.

અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૦૭૩ લોકોના મોત,મૃત્યુઆંક ૭૨ હજારને પાર

કોરોના વાઈરસનો હુમલો પર્લ હાર્બર ૯/૧૧થી પણ વધુ ખતરનાકઃ ટ્રમ્પ

વૉશિંગ્ટન

કોરોના વાયરસથી ઝઝૂમી રહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે, કોરોનાને કારણે જે સ્થિતિનો સામનો કરી રહ્યા છે તે પર્લ હાર્બર અને ૯/૧૧થી પણ ભયાનક છે. કોરોનાને કારણે અમેરિકામાં અત્યાર સુધી ૭૨ હજારથી વધારે લોકોના મોત થઈ ગયા છે અને ૧૨ લાખથી વધારે લોકો કોરોનાથી સંક્રમિત થઈ ગયા છે. બીમારીને કારણે દુનિયાના સુપરપાવર તરીકે ઓળખાતા અમેરિકાની અર્થવ્યવસ્થાને પણ નુકસાન પહોંચ્યું છે.

અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૦૭૩ લોકોના જીવ ગયા છે અને ૨૫ હજાર ૪૫૯ નવા કેસ મળ્યા છે. ન્યૂયોર્કમાં મૃત્યુઆંકમાં ઘટાડો થઈ રહ્યો છે. ન્યૂયોર્કના ગવર્નર એન્ડ્રયુ ક્યુમોએ કહ્યું હતું કે એક દિવસમાં અહીં ૨૩૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે જણાવ્યું કે, આપણે અત્યાર સુધીના સૌથી ભયાનક હુમલાથી ઝઝૂમી રહ્યા છે. જે પર્લ હાર્બર અને ૯/૧૧ કરતા પણ વધારે ભયાનક છે. આજ સુધી અમેરિકામાં આવો કોઈ હુમલો થયો નથી. કોરોનાને કારણે અમેરિકા લોકડાઉન અને મોટા ભાગની આર્થિક ગિતિવિધિઓ બંધ છે. ત્યાં જ આઈએમએફ અને વર્લ્ડ બેંકે અંદાજ વ્યક્ત કર્યો છે કે, અમેરિકામાં આર્થિક મંદી આવી શકે છે. અંદાજ મુજબ, વર્તમાન નાણાંકીય વર્ષના બીજા ક્વોર્ટરમાં અમેરિકાની અર્થવ્યવસ્થાનો ગ્રોથ રેટ માઈનસ ૧૫-૨૦ટકા હોઈ શકે છે. હાલમાં અમેરિકામાં નવા કેસોની સંખ્યા અને મૃત્યુઆંકમાં ઘટાડો થયો છે જેને કારણે કેટલાક રાજ્યોમાં આર્થિક ગતિવિધિઓ શરૂ થઈ રહી છે.

ટેસ્લાના સીઈઓ એલન મસ્કે પિતા બન્યાઃ પુત્રનું નામ રાખ્યુ એક્સ એઈ એ-૧૨

વૉશિંગ્ટન

ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓ એલન મસ્કની ઘરે નવા મહેમાનનું આગમન થયું છે. એલન મસ્કની પ્રેમિકા અને કેનેડાની ગાયિકા ગ્રિમ્સે પોતાના પ્રથમ બાળકને જન્મ આપ્યો છે. પરંતુ આ ગુડ ન્યૂઝ સોશિયલ મીડિયાના યુઝર્સ માટે ચોંકાવનારી બની ગઈ જ્યારે એલન મસ્કે ટ્વીટર પર પોતાના બાળકનું નામ ટ્વીટ કર્યું. ઈલેકટ્રિક ગાડી બનાવનાર વિશ્વની સૌથી મોટી કંપનીના સીઈઓએ પોતાના બાળકનો ફોટો શેર કર્યો છે અને તેનું નામ એક્સ એઈ એ-૧૨ જણાવ્યું છે. બાળકનું વિચિત્ર નામ સાંભળીને લોકો અલગ અલગ પ્રકારની પ્રતિક્રિયાઓ આપવા લાગ્યા. ઘણાં લોકો આ નામનો અર્થ શોધવામાં જોતરાય ગયા. જ્યારે કેટલાંક લોકો આ ચર્ચામાં લાગી ગયા કે આ નામનું ઉચ્ચારણ કઈ રીતે કરીશું. અંતરિક્ષ ક્ષેત્રે કામ કરનારી કંપની સ્પેસ એક્સના ફાઉન્ડર એલન મસ્ક દ્વારા પુત્રનું નામ ટ્વીટ કર્યા બાદ ગ્રિમ્સે ટ્વીટ રી પુત્રના નામનો અર્થ સમજાવ્યો છે. તેઓએ ટ્વીટમાં લખ્યું હતું કે ટેસ્લા સ્ટોક પ્રાઈઝ ઈઝ ટૂ હાઈ આઈએમઓ. જેનો અર્થ છે મારા હિસાબે ટેસ્લાના સ્ટોક પ્રાઈઝ કંઈક વધારે જ છે. તેમની આ ટ્વીટથી કંપનીના વેલ્યૂએશનને જોરદાર ઝટકો લાગ્યો હતો.

આફ્રિકાના નાઈજરમાં રેતીના તોફાન બાદ આકાશ લાલ થયુ...!!

નિમેય

આફ્રિકિ દેશ નાઈજરની રાજધાનીન નિમેયમાં ભિષણ રેતીનું તોફાન આવ્યું હતું. પશ્ચિમ આફ્રઅરિકી દેશોમાં આવા રેતીના તોફાનો ઘણી સામાન્ય બાબત છે, પરંતુ આ ખતે રેતીના ભયાનક તોફાન બાદ ત્યાંનુ આકાશ એકદમ લાલ થઈ ગયું હતું. એક તો રેતીનું તોફાન આ વખતે ખૂબ ભીષણ હતું અને બાદમાં આકાશના લાલ રંગના કારણે ત્યાં ડરનો માહોલ ઉભો થયો હતો. લોકો ગભરાઈને ભાગવા પણ લાગ્યા હતા. સોશિયલ મીડિયા પર આ રેતીના તોફાન અને એકદમ લાલ થયેલા આકાશની તસવીરો અને વીડિયો વાયરલ થયા છે.

જાન્યુઆરીથી એપ્રિલ વચ્ચે નાઈજરમાં આવા રેતીના તોફાન આવે છે, પરંતુ આટલું વિશાળ અને લાલ રંગનું આકાશ ક્યારેય જોવા ના મળતા લોકોમાં ડર જોવા મળી રહ્યો છે. આ તોફાન એટલું વિશાળ હતું કે રેતીની ઉંચી દિવાલ જાણે કે આકાશ સુધી હોય તેમ લાગતુ હતું. લોકો આ તોફાનને રેતીની ત્સુનામી પણ ગણાવી રહ્યા છે. તો વળી કેટલાક લોકો જણાવે છે કે આ બધા દ્રશ્યો કોઈ હોલિવૂડની ફિલ્મ જેવા હતા.

માત્ર આટલું જ નહીં પણ કેટલાક લોકોએ તો રસ્તા પર ભઆગવાનું શરુ કરી દીધું. જ્યારે રેતીનું તોફાન થોડું ધીમુ પડ્યું તો આકાશનો કલર લાલ જોઈને ડરમાં વધારો થયો. સ્થાનિક લોકોએ જણાવ્યું કે અમે પહેલા આવું ક્યારેય નથી જોયું. એખ તરફ દુનિયામાં કોરોના વાયરસનો કેર છે, તો બીજી તરફ આકાશ લાલ થઈ જતા કેટલાક લોકોએ તો આને દુનિયાનો વિનાશ થવાની શરુઆત પણ માની લીધી છે.

કોરોનાની સાથે જીવવું પડશે, જૂનમાં સૌથી વધારે કેસ નોંધાશેઃ એમ્સ ડિરેક્ટર

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના કારણે દેશમાં ૪૦ દિવસ તાળાબંધી કરવામાં આવી. આશા હતી કે લોકડાઉનમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકશે. પરંતુ જે પ્રમાણમાં દેશમાં કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે તે પરથી કહી શકાય કે લોકડાઉન છતાં કોરોના કેસમાં ભારે ઘટાડો થઈ શક્યો નથી.

એમ્સના ડિરેકટર રણદીપ ગુલેરિયાએ કહ્યું કે ૪૦ દિવસ સક્ષ્ડ બંધ રહેવા છતાં દેશમાં કોરોના કેસમાં ઘટાડો થયો નથી. દેશમાં હાલમાં કેટલાક વિસ્તારોમાં લોકડાઉનમાં છૂટછાટ આપવામાં આવી છે. જોકે રેડ ઝોનમાં વધુ કડક લોકડાઉનનું અમલ કરવામાં આવ્યું છે ત્યાં રણદીપ ગુલેરિયાએ ઈટાલી અને ચીનનું ઉદારહણ આપતાં જણાવ્યું કે સોશિયલ ડીસ્ટન્સ માટે પગલાં લીધા તેના એક મહિના પછી પરિણામો જોવા મળ્યા હતા. જોકે ભારતની પરિસ્થિતિ પર હાલમાં તે વિશે કહી શકાય નહીં ત્યાં એઈમ્સના ડૉ.રણદીપ ગુલેરિયાનું માનવું છે કે જૂન અને જુલાઈમાં કોરોના વાયરસ ભારતમાં પિક પર હશે.

રણદીપ ગુલેરિયા અનુસાર ભારતમાં જે રીતે કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે તે જોઈને તે કહેવું મુશ્કેલ છે કે કોરોના વાયરસ ક્યારે પીક પર હશે. પરંતુ સંભાવનાઓ છે એક જુન અને જુલાઈમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ હશે જેના માટે આપણે તૈયાર રહેવું જોઈએ. આરોગ્ય અને અર્થવ્યવસ્થા બધું એક સાથે મગજમાં રાખીને કામ કરવું પડશે.

ડૉ. ગુલેરિયા અનુસાર કોરોના વાયરસના કેસ વધવા પાછળ કોરોના વાયરસની ટેસ્ટિંગમાં વધારો પણ હોઈ શકે છે. પહેલાં કરતા વધુ ટેસ્ટિંગના કારણે વધુ કેસ સામે આવી રહ્યા છે. નોંધનીય છે કે ભારતમાં જેટલી ટેસ્ટિંગ થાય છે તેમાંથી ૪થી ૪.૫ ટકા લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવે છે. ભારતમાં કોરોના વાયરસના કેસમાં કોઈ જ ઘટાડાના સંકેત દેખાતાં નથી. મુંબઈ અને અમદાવાદમાં સતત કેસમાં વધારો થઈ રહ્યો છે. ૪૦ દિવસના લોકડાઉન છતાં દેશમાં આ પરિસ્થતી છે ત્યારે કોરોના સામે લડવા માટે સરકારે વધુ આક્રમક રણનીતિ સાથે કામ કરવું પડશે.

લોકડાઉનમાં છૂટછાટ આપવાથી કોરોનાની વપાસી થઈ શકે છેઃ નિષ્ણાતો

વૉશિંગ્ટન

યુરોપ અને અમેરિકામાં કોરોના વાયરસને રોકવા માટે લાગુ કરવામાં આવેલા લોકડાઉનમાં છૂટછાટ આપવામાં આવી રહી છે. આ વચ્ચે નિષ્ણાંતોએ આશંકા વ્યક્ત કરી છે કે વિશ્વભરમાં મોત અને સંક્રમણનો બીજો તબક્કો શરૂ થઈ શકે છે. જેને કારણે સરકારને ફરીથી દેશને બંધ કરવાની ફરજ પડી શકે છે.

કોલંબિયા યુનિવર્સિટીના સંક્રમણ અને રોગપ્રતિકારક શક્તિ કેન્દ્રના ડૉ. ઈયાન લિપકિને જણાવ્યું છે કે, આપણે છૂટછાટ આપીને જોખમ લઈ રહ્યા છે જે ભારે પડશે. ઈટાલીના નિષ્ણાંતો નવા પીડિતો અને તેમના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરવાના પ્રયાસ કરી રહ્યા છે.

ફ્રાન્સમાં લોકડાઉમાં છૂટછાટ આપવામાં આવી નથી અને તેમણે સંક્રમણના નવા કેસો માટે પહેલાથી જ યોજના બનાવી લીધી છે. ફ્રાન્સના પાશ્ચર ઈન્સ્ટીટ્યૂટમાં વાઇરસ એકમના પ્રમુખ ઓલિવર શ્વાર્ત્જે જણાવ્યું છે કે, સંક્રમણનો બીજો તબક્કો આવશે પરંતુ મુશ્કેલી એ છે કે સંક્રમણ મોટા પ્રમાણમાં ફેલશે કે નાના પ્રમાણમાં તે અંગે કોઈ જાણકારી નથી.

અમેરિકાના વોશિંગ્ટન કેન્સર ફેલિમી ફાઉન્ડેશના વૈશ્વિક સ્વાસ્થ્ય નીતિ એસોસિએટ ડિરેક્ટર જોશ મિચોડે જણાવ્યું છે કે, જો આપણે લોકોના સ્વાસ્થ્ય પ્રતિ યોગ્ય પગલા લીધા વગર જ છૂટછાટ આપીશું તો વધારે કેસ સામે આવી સકે છે અને વધારે લોકો પોતાના જીવ ગુમાવી શકે છે.

નેતન્યાહૂ ૧૩મેના રોજ વડાપ્રધાન પદના શપથ લઈ શકે છે

ઈઝરાયલી સુપ્રીમ કોર્ટે નેતન્યાહૂને આપી નવી સરકાર બનાવવાની અનુમતિ

જેરુસલેમ

ઈઝરાયેલની સુપ્રીમ કોર્ટે વડાપ્રધાન બેંજામીન નેતન્યાહૂને અયોગ્ય જાહેર કરવાની માગ કરનારી અરજીને ફગાવી દીધી છે અને તેમને સરકાર બનાવવાની મંજૂરી આપી દીધી છે. અરજીમાં નેતન્યાહૂ પર ભ્રષ્ટાચારનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. નેતન્યાહૂ સતત ચોથી વખત વડાપ્રધાન બનશે. નેતન્યાહૂને ૧૩મેના રોજ વડાપ્રધાન પદના શપથ ગ્રહણ કરી શકે છે. નેતન્યાહૂ તેમના ચાર કાર્યકાળમાં ૧૪ વર્ષ વડાપ્રધાન રહ્યા છે. તેમની વિરુદ્ધ કોર્ટમાં ભ્રષ્ટાચારનો કેસ કરવામાં આવ્યો હતો. તેમના પર છેતરપિંડી અને લાંચ લેવાનો આરોપ છે. ત્યાંજ ૬૦ વર્ષના બેની ગેન્ટ્ઝે પોતાની કારકિર્દી ડિસેમ્બર ૨૦૧૮માં શરૂ કરી હતી. તેઓ ૨૦૧૧-૧૫ની વચ્ચે ઈઝરાયેલની મિલેટ્રીના ચીફ રહ્યા હતા. માર્ચમાં થયેલી સંસદીય ચૂંટણીમાં નેતન્યાહૂ ત્રણ બેઠકો પર બહુમતિ હાંસેલ કરીને ચૂંટાયા હતા. બીજી તરફ દેશના બે પ્રમુખ પાર્ટીઓને ગઠબંધન સરકાર રચવા માટે પૂરતા વોટ મળ્યા નહતા. નેતન્યાહૂની લિકુડ પાર્ટીને ૩૬ અને તેમની અગેવાની હેઠળના રાઈટ વિંગ (લિકુડ પાર્ટી)ને ૫૮ બેઠકો મળી હતી. પૂર્વ સેના પ્રમુખ બેની ગેન્ટ્ઝે ની બ્લૂ એન્ડ વ્હાઈટ પાર્ટીને ૩૩ બેઠકો અને તેમની (બ્લૂ એન્ડ વ્હાઈટ પાર્ટી) આગેવાની હેઠળ ડાબેરી સંગઠનને ૫૫ બેઠકો પ્રાપ્ત થઈ હતી.

ઈરાકના પૂર્વ ખુફિયા પ્રમુખ મુસ્તફા અલ-કદીમીએ લીધા વડાપ્રધાન પદના શપથ

બગદાદ

ઈરાકમાં કોરોના વાઈરસ વૈશ્વિક મહામારીને કારણે ઉદ્ભવેલા આર્થિક સંકટની વચ્ચે ગુપ્તચર એજન્સીના પૂર્વ પ્રમુખ મુસ્તફા અલ-કદીમીએ દેશના વડા પ્રધાન તરીકેના શપથ લીધા હતા. સંસદ સત્રમાં ૨૫૫ સાંસદોએ ભાગ લીધો હતો અને ઈરાકના વડા પ્રધાન તરીકે મુસ્તફા અલ-કદીમીના નામનો પ્રસ્તાવને મંજૂરી આપી હતી, જેથી દેશમાં પાંચ મહીનાથી ચાલી રહેલા નેતૃત્વનું સંકટ પુરું થઈ જાય. કદીમીને જ્યારે વડા પ્રધાન પદ માટે નામાંકિત કરવામાં આવ્યા હતા, ત્યારે તેમણએ ગુપ્તચર પ્રમુખ પદેથી રાજીનામુ આપ્યું હતું, તેમણે એવા સમયમાં વડા પ્રધાન પદનો કાર્યભાર સંભાળ્યો છે.

મુંબઈ એપીએમસી માર્કેટમાં કામ કરતા ૧૧૭ લોકો કોરોના પોઝિટિવ

મુંબઈ

કોરોના વાયરસે દેશમાં સૌથી વધુ જ્યાં કેર વર્તાવ્યો છે તે મહારાષ્ટ્ર રાજ્ય છે. અહીં અત્યાર સુધીમાં ૧૬૭૫૮ જેટલા કેસ સામે આવ્યાં છે. જ્યારે ૬૫૧ લોકોએ જીવ ગુમાવ્યાં છે. સૌથી વધુ કેસ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં જોવા મળ્યા છે. નવી મુંબઈના એપીએમસી માર્કેટમાં કામ કરનારા પર કોરોનાનો પ્રકોપ જોવા મળ્યો છે. માર્કેટ અને તેની સાથે જોડાયેલાઓમાંથી અત્યાર સુધીમાં ૧૧૭ લોકો કોરોના પોઝિટિવ નીકળ્યા છે. જેમાંથી ૫૫ લોકો એવા છે કે જેઓ એપીએમસીમાં કામ કરે છે જેમ કે વેપારી, કર્મચારી અને મજૂરો. જ્યારે ૬૨ લોકો તેમના પરિવારજનો અથવા તેમના નીકટના લોકો છે. અત્રે જણાવવાનું કે એપીએમસી મુંબઈ પાસેના વિસ્તાર નવી મુંબઈમાં આવેલું સૌથી મોટું માર્કેટ છે. જ્યાં શાકભાજી, ફૂટ, મસાલા અને અન્ય સામાન આવે છે અને ત્યારબાદ ત્યાંથી મુંબઈ, થાણા, અને તેની આસપાસના વિસ્તારોમાં વેચાણ માટે જાય છે. નવી મુંબઈમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ૪૪૦ છે. જેમાં એપીએમસીના લોકો પણ સામેલ છે.

આંધ્રપ્રદેશમાં પહેલા પાનાથી ચાલુ

સત્તાવાળાઓ દ્વારા આખો વિસ્તાર ખાલી કરાવવામાં આવી રહ્યો છે આ દુર્ઘટનાની ભયાનકતા એ હતી કે જેઓ જ્યાં હતા ત્યાં જ ગેસની અસરથી બેહોશ થઇ ગયા. હતા. કોઈ રસ્તા પર તો કોઈ પાણીના નાળામાં બેહોશીની હાલતમાં ણલળી આવ્યાં હતા. કોરોના લોકડાઉનનાં આ પ્લાન્ટ બંધ હતો. પરંતુ સરકારે આપેલી છૂટછાટના પગલે તેમાં ઉત્પાદન કાર્ય શરૂ કરાયું હતું. અને ગેસ લીકની કરુણ ઘટના બની હતી.

પ્રારંભિક તપાસમાંથી પ્રાપ્ત માહિતી મુજબ, વિશાખાપટ્ટનમના આર.આર. વેંકટપુરમ ગામમાં એલજી પોલિમર ઉદ્યોગમાં કેમિકલ ગેસ લીક થયો હતો.. આનાથી ઘણા લોકોને શ્વાસ લેવામાં તકલીફ થઇ હતી કેમ કે આ ગેસ ઝેરી અને શ્વાસ રૂંધી નાંખે તેવા પ્રકારનો જલ્દ હતો. છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ગેસ લગભગ ૨૦ ગામોમાં ફેલાયો છે અને લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે.જિલ્લા કલેક્ટર વિનય ચંદે પત્રકારોને જણાવ્યું હતું કે આશરે ૨૦૦ લોકો ગૂંગળામણના કારણે ગંભીર રીતે બીમાર પડ્યા હતા. ઘણા લોકો તેમના ઘરે કેદ છે. અધિકારીઓએ લોકોને બપોર સુધી ગોપાલપટ્ટનમ તરફ ન જવા સલાહ આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના બાદ બચાવ કાર્ય માટે ઉચ્ચ સ્તરિય બેઠક દિલ્હીમાં યોજી હતી. અને આંધ્રના સીએમ જગમોહન રેડ્ડી સાથે વાત કરી હતી.

બનાવની વિગતો આપતાં સૂત્રોએ કહ્યું કે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમના વેંકટપુરમ ગામમાં ગુરુવારે સવારે લગભગ ૩ વાગ્યે કેમિકલ ફેક્ટરીમાંથી ગેસ લિક થવાથી ૧૦ લોકોના મોત થયા હતા. જેમાં બે બાળક પણ સામેલ છે. રાજ્યના ડીજીપી દામોદર ગૌતન સવાંગે જણાવ્યું કે, ગેસની અસરથી ૬ લોકોના મોત થયા, જ્યારે એક વ્યક્તિ અફરા તફરીમાં ભાગતા ભાગતા કુવામાં પડ્યા હતા. આ ગેસ મલ્ટીનેશનલ કંપની એલજી પોલિમર્સ ઈન્ડસ્ટ્રીના પ્લાન્ટમાંથી લીક થયો હતો. મીડિયા રિપોર્ટ્સના જણાવ્યા પ્રમાણે, એક હજારથી વધારે લોકો બિમાર પડ્યા છે. આ સાથે જ વડાપ્રધાન મોદીએ આ દુર્ઘટના અંગે રાષ્ટ્રીય ડિઝાસ્ટર મેનેજમેન્ટની બેઠક બોલાવી હતી.

ઝેરી ગેસ લીક થવાથી આ કારખાનાના આસપાસના ૩ થી ૫ કિમીના વિસ્તારમાં ભારે અફરા તફરી ફેલાઈ ગઇ હતી. ઝેરી ગેસથી વેંકટરપુરમ ગામની આસપાસ લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. ઘણા લોકોને ચક્કર પણ આવ્યા હતા. તો સાથે જ ઘણા લોકોના શરીરમાં લાલ નિશાન પણ પડી ગયા છે. ગોપાલપટ્ટનમ સર્કલના ઈન્સપેક્ટર રામાન્યાએ મીડિયાને જણાવ્યું કે, તેમને લગભગ ૫૦ લોકોને રસ્તા પર બેભાન મળ્યા હતા. બચાવ ટુકડી અને પોલીસને ઘટનાસ્થળ પર પહોંચવામાં ઘણી મુશ્કેલી પડી હતી. આ ઘટનાના સાક્ષીઓએ જણાવ્યું હતું કે, લોકો શ્વાસ નહતા લઈ શકતા, અને જે જ્યાં ઉભા હતા, ત્યાં જ ચક્કર ખાઈને નીચે પડી ગયા હતા.

મળતી માહિતી પ્રમાણે, આ દુર્ઘટનામાં ૨૦ લોકોની હાલત ગંભીર છે. જેમાં મોટાભાગે વૃદ્ધ અને બાળકો છે. સરકારી હોસ્પિટલમાં લગભગ ૧૫૦ લોકોને દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ઘણા લોકોને ગોપાલપુરમની ખાનગી હોસ્પિટલમાં ભરતી કરાવાયા છે. વડાપ્રધાન મોદીએ NDMA સાથે બેઠક યોજી હતી જેમાં , સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને ગૃહમંત્રી અમિત શાહ પણ સામેલ થયા હતા. વિશાખાપટ્ટનમ કેસમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કાર્યકર્તાઓને અસરગ્રસ્ત લોકોની મદદ માટે કહ્યું હતું.

ગૃહમંત્રી અમિત શાહે વિશાખાપટ્ટનમ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું તો ગેસ લીક અંગે પીએમ મોદીએ મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડી સાથે વાત કરી હતી. બે હજાર લોકોને બહાર કાઢવામાં આવ્યાં હતા. બચાવ કાર્યમાં નૌસેનાની ટીમ પણ પહોંચી હતી. નૌસેનાએ પણ ૫૦ બ્રીધિંગ સેટ્સ, પોર્ટેબલ એર કમ્પ્રેસર અને ૨ એમ્બ્યુલન્સ મોકલી દીધી હતી. દુર્ઘટનાના પગલે દ્રઢઈચ્છ, દ્રઢસ્છ અને રાજયની ટીનોએ રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું છે

NDRFના ડીજી એસએન પ્રધાને જણાવ્યું કે, ઘણા લોકોને ગળામાં ખારાશ, સ્કીનની તકલીફ થઈ રહી હતી. અત્યાર સુધી ૧૫૦૦ લોકોને કાઢવામાં આવ્યા છે. ૫૦૦થી વધારે લોકોને હોસ્પિટલમાં ભરતી કરાવાયા છે. જે લોકો ગંભીર રીતે બિમાર છે, તેમને વિશાખાપટ્ટનના કિંગ જ્યોર્જ હોસ્પિટલમાં ભરતી કરાવાયા હતા. મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડી સ્થિતિની સમીક્ષા કરવા માટે વેંકટપુરમ ગામ જશે દરમ્યાનમાં, રાજયપાલ વિશ્વભૂષણ હરિચંદને વિશાખાપટ્ટનમાં રેડ ક્રોસને રિલીફ ઓપરેશનમાં સામેલ થવા માટે કહ્યું છે.

દેશમાં ૨૪ કલાકમાં પહેલા પાનાથી ચાલુ

પોઝિટિવ કેસ, પશ્ચિમ બંગાળમાં ૧૪૫૬ કેસ, જ્યારે ૧૪૪ લોકોના મોત થયા છે. આંધ્ર પ્રદેશમાં ૧૭૭૭ લોકો કોરોના પોઝિટિવ જોવા મળ્યાં છે. ત્યાં ૩૬ લોકોએ જીવ ગુમાવ્યાં છે. મધ્ય પ્રદેશમાં પણ કોરોનાનો હાહાકાર છે જ્યાં ૩૧૩૮ કેસ નોંધાયા છે અને ૧૮૫ લોકોના મૃત્યુ થયા છે.

દુનિયાની ઉથલપાથલમાં પહેલા પાનાથી ચાલુ

જીવનની મુશ્કેલીઓને દૂર કરવાના સંદેશ અને સંકલ્પે ભારતની સભ્યતા અને સંસ્કૃતિને હંમેશા દિશા બતાવી છે. ભગવાન બુદ્ધે ભારતની આ સંસ્કૃતિને સમૃદ્ધ કરી છે. તેઓ પોતાનો દીપક સ્વયમ બન્યા અને પોતાની જીવનયાત્રાથી બીજાના જીવનને પ્રકાશિત કર્યા. બુદ્ધ કોઈ એક પરિસ્થિતી સુધી સીમિત નથી કે કોઈ એક પ્રસંગ પૂરતા સીમિત નથી.

ભગવાન બુદ્ધે ૪ સત્ય બતાવ્યા, દયા, કરુણા, સુખ-દુખ પ્રત્યે સમભાવ અને જે જેવા રૂપમાં છે તેવા રૂપમાં સ્વીકારવા આ સત્ય નિરંતર ભારત ભૂમિની પ્રેરણા બન્યા છે. આજે તમે પણ જોઈ રહ્યા છો કે ભારત નિસ્વાર્થ ભાવે કોઈ ભેદભાવ વગર પોતાને ત્યા અને વિદેશમાં સંકટથી ઘેરાયેલા વ્યક્તિ સાથે તાકાતથી ઊભું છે. ભારત આજે પ્રત્યેક ભારતવાસીના જીવનને બચાવવાના બનતા પ્રયાસો કરી રહ્યુ છે. પોતાના વૈશ્વિક જવાબદારીને પણ એટલી જ ગંભીરતાથી નિભાવી રહ્યુ છે.

બુદ્ધ ભારતના બોધ અને ભારતના આત્મબોધ બન્નેના પ્રતીક છે. આ આત્મબોદ્ધ સાથે ભારત નિરંતર માનવતા માટે સમગ્ર વિશ્વમાં કામ કરી રહ્યું છે અને કરતું રહેશે. ભારતની પ્રગતિ હંમેશા વિશ્વની પ્રગતિમાં સહાયક થશે. આ મુશ્કેલ સ્થિતિમાં તમારું અને તમારા પરીવારનું ધ્યાન રાખો. પોતાની રક્ષા કરો અને બીજાને પણ મદદ કરો.

યોગ્ય રીતે પહેલા પાનાથી ચાલુ

અનુસાર, અત્યાર સુધીમાં સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સંક્રમણના કારણે લગભગ ૨,૫૦,૦૦૦ લોકો મોતને ભેટ્યા છે જ્યારે ૩૫ લાખથી વધારે લોકો આ વાયરસની અડફેટે આવી ચૂક્યા છે. એપ્રિલ મહિનાની શરૂઆત બાદથી દુનિયામાં દરરોજ સરેરાશ ૮૦,૦૦૦ જેટલા કેસ નોંધાઈ રહ્યા છે. નોંધનીય છે કે WHO અત્યારે વિશ્વવ્યાપી કોરોના વાયરસની મહામારી સાથે સંકળાયેલી અનેક બેદરકારીને કારણે નિંદાનો સામનો કરી રહ્યો છે.

અત્યાર સુધીમાં માસ્ક ન પહેરનાર ૧૦૩૪ લોકો દંડાયા

વડોદરામાં કોરોના વાયરસની સંખ્યા ૪૫૭એ પહોંચી: વધુ ૨ ટ્રેનમાં પરપ્રાંતિયોને વતન યુપી મોકલાયા



વડોદરા

કોરોના વાઈરસને પગલે લોકડાઉનમાં ફસાયેલા પરપ્રાંતિયોને લઈને બુધવારે મોડી રાત્રે ૨ ટ્રેનોએ વડોદરાથી ઉત્તરપ્રદેશ રવાના કરાઈ હતી. વડોદરા શહેરમાં દોઢ મહિના કરતા વધુ સમયથી કોરોના વાઈરસનો કહેર યથાવત છે. જેમાં કોરોના વાઈરસના ૪૫૭ દર્દીઓમાંથી ૧૬૪ દર્દીઓ સાજા થઈ ને ઘરે જઈ ચુક્યા છે. અને ૩૧ દર્દીના મોત થયા છે, જ્યારે ૨૬૨ દર્દીઓ સારવાર હેઠળ છે. જોકે વડોદરા શહેરમાં શરૂઆતના એક મહિનાના કોરોના વાઈરસના ૧૯૭ કેસમાંથી ૧૫૮ દર્દી સાજા થઈ ગયા છે અને ૧૨ દર્દીના મોત થયા છે. માત્ર ૨૭ દર્દીઓ જ સારવાર હેઠળ છે. વડોદરા શહેરના યાકુતપુરા વિસ્તારમાં આવેલા મદાર મહોલ્લામાં રહેતા ૬૫ વર્ષના અમિરશા અમજદશા દિવાનનું કોરોના વાઈરસનાથી ગોત્રી હોસ્પિટલમાં મોત થયું છે. વડોદરા શહેર-જિલ્લામાં મૃત્યુઆંક વધીને ૩૨ ઉપર પહોંચ્યો છે. અમિરશા અમજદશા દિવાનને ૨૮ એપ્રિલના રોજ ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ત્યારબાદ ૨૯ એપ્રિલે તેમનો કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આજે સવારે ૮:૨૦ વાગ્યે ગોત્રી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું છે.

કોરોના વાઈરસની મહામારીને પગલ માસ્ક પહેરવુ ફરજીયાત કરવામાં આવ્યું છે. વડોદરા શહેરમાં અત્યાર સુધીમાં માસ્ક ન પહેરનારા ૧૦૩૪ લોકો પકડાયા હતા. જેઓને ૧૦,૩૩, ૭૦૦ રૂપિયા દંડ ફટકારવામાં આવ્યો હતો.

પાલનપુરમાં પીવાના પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું



પાલનપુર

બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુરમાં માનસરોવર ફાટક પાસે ગુરુવારે પીવાની પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું. ધરોઈ ડેમમાંથી પાલનપુર શહેરને આપવામાં આવતા પીવાના પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણીનો વેડફાટ થયો હતો અને ભંગાણની જગ્યાએ પાણી વેડફાતા તળાવ ભરાઈ ગયું હતું. કોરોનાના કહેર વચ્ચે પાલનપુરમાં પીવાના પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હોવાની ઘટના સામે આવી છે. પાઈપલાઈન લીકેજ થતાં જ હજારો લીટર પાણી વેડફાયું હતું. જોકે સ્થાનિક લોકોએ જાણ કરવા છતાં પણ કોઈજ અધિકારીના ફરકતા લાખો લીટર પાણીનો બગાડ થયો હતો. એક તરફ બનાસકાંઠાના અનેક વિસ્તારોમાં પાણીની અછતના કારણે વિકટ પરિસ્થિતિ બની છે, ત્યારે બીજી તરફ અધિકારીઓની બેદરકારીના કારણે પાણીનો વેડફાટ ચાલુ રહેતા લોકોમાં રોષ વ્યાપ્યો હતો.

વરઘોડો, જમણવાર કે દાંડિયારાસને મનાઈ

રાજકોટ જિલ્લામાં લગ્નવિધિ માટે મંજૂરી અપાઈ: ૨૦ લોકો જ હાજર રહી શકશે

રાજકોટ

રાજકોટથી એક મોટા સમાચાર મળી રહ્યા છે. ઓરેન્જ ઝોન રહેલા રાજકોટ શહેર અને જિલ્લામાં લગ્ન માટે થોડીક શરતોને આધીન મંજૂરી મળી ગઈ છે. રાજકોટમાં લગ્ન તો મંજૂરી મળી ગઈ છે, પણ મેળાવડા નહીં સાદાઈથી લગ્ન કરી શકાશે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, રાજકોટ શહેર અને જિલ્લામાં લગ્ન માટે મંજૂરી આપી દેવામાં આવી છે જેથી હવે લોકો થોડીક શરતોને આધીન લગ્ન કરી શકશે. રાજકોટમાં થનાર લગ્નમાં મેળાવડા નહીં સાદાઈથી લગ્ન કરી શકાશે, ફૂલેકા અને જમણવાર નહીં કરી શકાય. આ સિવાય તંત્રએ લગ્નમાં ૨૦થી વધુ લોકો લગ્નવિધીમાં હાજર પણ રહી શકશે નહીં. એટલું જ નહીં, જો તમારે લગ્ન પ્રસંગ કરવો હશે તો અગાઉથી લગ્નમાં હાજર રહેતા લોકોની યાદી પ્રાંતઅધિકારીને આપવી પડશે. આજે રાજકોટ – નાયબ કલેકટર પરિમલ પંડ્યાએ એક નિવેદન આપ્યું હતું. નાયબ કલેકટર પરિમલ પંડ્યાએ રાજકોટ જિલ્લામાં લગ્નવિધી માટે મંજૂરી આપી છે. ૨૦ લોકોને લગ્નવિધી માટે પ્રાંત અધિકારીએ મંજૂરી આપી દેતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. પરંતુ શરત એટલી માત્ર છે કે રાજકોટમાં કોઈ લગ્નમાં વરઘોડો, દાંડિયા રાસ કે જમણવાર થઈ શકશે નહીં. લગ્નમાં હજાર રહેતા લોકોની યાદી પ્રાંતધિકારીને આપવી ફરજીયાત છે, જો કાયદાનું ઉલ્લંઘન કરશો તો તેના માટે સજા કે દંડની યોગ્ય જોગવાઈ પણ કરી છે.

કૂતરા બાબતે સોસાયટીમાં ઝઘડો: લાકડીઓ વડે કૂતરાને માર મારી પગ તોડી નાંખ્યો

અમદાવાદ

શહેરના ચાંદખેડા વિસ્તારમાં લોકડાઉનની વચ્ચે સોસાયટીમાં માણસોના નહીં પરંતુ કુતરાઓના કારણે ઝઘડાની ઘટનાઓ બની રહી છે. ચાંદખેડામાં સોસાયટીમાં કૂતરાઓને મારવાના કારણે બોલાચાલી અને મારામારીના બે બનાવ સામે આવ્યા છે. ન્યુ સીજી રોડ પર શ્રીજી પ્રકાશનગર સોસાયટીમાં ફરતા કૂતરાઓને સોસાયટીના જ યુવકોને લાકડીઓ વડે માર માર્યો હતો જેમાં એક કુતરાનો પગ ભાંગી ગયો હતો. જે બાબતે સોસાયટીના રહીશે પોલીસમાં ફરિયાદ કરી છે જ્યારે જગતપુર પાસે આવેલી ગણેશ જેનિશશ સોસાયટીમાં કૂતરા કરડતા હોવાને લઈ લાકડી લઈ ફરતા પિતા-પુત્રને ફિટનેસ ટ્રેનર યુવકે કહ્યું હતું કે, તમને હજી સુધી કરડ્યું નથીને કહેતા બંનેએ માર માર્યો હતો. ચાંદખેડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ન્યુ સીજી રોડ પર શ્રીજી પ્રકાશનગર સોસાયટીમાં રહેતા સંજય દેશપાંડે સવારે દવા લઈને ઘરે પરત ફર્યા ત્યારે તેમની પુત્રી અને પુત્રએ કહ્યું હતું કે, પાલવ દરજી, સ્વમિલ દરજી, દિલીપ દરજી, ઝલક મારવાડી અને હસમુખ મહેરિયા સોસાયટીમાં ફરતા કૂતરાઓને લાકડીઓ વડે માર મારતા હતાં અને એક કૂતરાનો પગ તોડી નાખ્યો હતો. જેથી મારવાની ના પાડતા તમે પાળેલા છે કૂતરા જેની વીડિયો ઉતારી લઈશું અને કેસ કરીશું તેવી ધમકી આપી હતી. જેથી પોલીસમાં ફોન કરતા તેઓ ભાગી ગયા હતા. ચાંદખેડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

રાજ્યના ૧૧ જિલ્લા કોરોના મુક્ત થવાની તૈયારીમાં: સાવચેતીના પગલાં લેવાશે

ગાંધીનગર

ગુજરાતમાં હાલ કોરોના કહેર મચાવી રહ્યો છે. ગુજરાતમાં કોરોનાની સૌથી વધુ અસર અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, આણંદ, ગાંધીનગર, પંચમહાલ, બનાસકાંઠામાં છે. જ્યારે ગુજરાતના એક માત્ર અમરેલી જિલ્લો એવો છે, જ્યાં અત્યાર સુધીમાં એક પણ કેસ નોંધાયો નથી. આ ઉપરાંત નર્મદા, પોરબંદર, ગીર સોમનાથ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાએ કોરોનાને મ્હાત આપી છે. આમ, ગુજરાતમાં હાલ ૬ જિલ્લા કોરોનામુક્ત છે. હવે આ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નથી.

આ ઉપરાંત રાહતના સમાચાર એ છે કે, ગુજરાતના વધુ ૧૧ જિલ્લા ગમે ત્યારે કોરોનામુક્ત થઈ શકે છે. આ જિલ્લાઓની વાત કરીએ તો ડાંગમાં કોરોનાના બે કેસ નોંધાયા છે, જેમાંથી એક વ્યક્તિ સાજો થઈ ગયો છે. હવે એક જ વ્યક્તિ સારવાર હેઠળ છે. તાપી જિલ્લામાં પણ બે કેસ છે, જેમાંથી એક કોરોનાને મ્હાત આપી છે. આ પછી કચ્છ જિલ્લામાં સાત કેસ છે, જેમાંથી એકનું મોત થયું છે અને ૫ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. હવે એક જ વ્યક્તિ સારવાર હેઠળ છે.

આવી જ રીતે વલસાડમાં ૬ કેસ નોંધાયેલા છે, જેમાંથી એકનું મોત થયું છે અને ૩ વ્યક્તિએ કોરોનાને મ્હાત આપી છે. ત્યારે હવે બે જ કેસ બાકી રહ્યા છે. જૂનાગઢ જિલ્લામાં કોરોનાના બે જ કેસ નોંધાયેલા છે. તેમજ અન્ય કેસો સામે આવ્યા નથી. આવું દેવભૂમી દ્વારકામાં છે, જ્યાં ૩ કેસો નોંધાયા છે. આ પછી નવા કેસ આવ્યા નથી. આમ, ગુજરાતમાં કચ્છ, તાપી, વલસાડ, નવસારી, ડાંગ, દેવભૂમી દ્વારકા અને જૂનાગઢ ગમે ત્યારે કોરોનામુક્ત થઈ શકે છે. ભરુચમાં અત્યાર સુધીમાં ૨૭ કેસ નોંધાયા છે, જેમાંથી ૨૨ લોકોએ કોરોનાને મ્હાત આપી છે અને બે લોકોના મોત થયા છે. જ્યારે હવે માત્ર ૩ વ્યક્તિ સારવાર હેઠળ છે.

છોટાઉદેપુર જિલ્લામાં ૧૪ કેસ નોંધાયા હતા, જેમાંથી ૧૧ લોકો સાજા થઈ ગયા છે. જ્યારે હવે ફક્ત ૩ લોકો સારવાર હેઠળ છે. સાબરકાંઠામાં અત્યાર સુધીમાં ૧૦ કેસ નોંધાયેલા છે, જેમાંથી બેનાં મોત થયા છે, જ્યારે ત્રણ લોકો સાજા થયા છે. આમ, હવે પાંચ લોકો સારવાર હેઠળ રહ્યા છે. આવી જ રીતે જામનગરમાં પાંચ કેસો છે, જેમાંથી એકનું મોત થયું છે અને હવે ચાર લોકો સારવાર હેઠળ રહ્યા છે, ત્યારે એવી આશા છે કે, આ જિલ્લાઓ ગમે ત્યારે કોરોનામુક્ત થઈ શકે છે. કેમકે, આ જિલ્લાઓમાં પાંચથી વધુ કેસો એક્ટિવ નથી.

લોકોને સંક્રમિત કર્યા હોવાની ચર્ચાઓ પણ ઉઠી

મેઘરજનાં કોરોના પોઝિટીવ ફરાર દર્દીને પોલીસે ઝડપી પાડ્યો

મેઘરજ

સમગ્ર રાજ્ય હાલ કોરોનાના મહામારી સામે લડત આપી રહ્યું છે. તમામ પ્રયાસો અથાગ પ્રયત્નો પણ આ જીવલેણ વાયરસને રોકવામાં નિષ્ફળ નિવડ્યા છે, ત્યારે અરવલ્લીના મેઘરજ ખાતે એક કોરોનાનો સંક્રમિત દર્દી જે ભાગી ગયો હતો, ત્યારે હવે તેની શોધખોળ પૂર્ણ થઈ છે. આ યુવકને મેઘરજ પોલીસે ભિલોડાના રામેળા ગામથી ઝડપી પાડ્યો છે.

કોરોના પોઝિટિવ દર્દી ફરાર થયા બાદ આ યુવાને અનેક લોકોને સંક્રમિત કર્યા હોવાની ચર્ચાઓ પણ ઉઠી છે.ત્યારે મેઘરજની એક સોસાયટીના યુવક કોરોના સંક્રમિત હોવાની ખબર પડતા તે ફરાર થયો હતો. આરોગ્ય વિભાગ અને પોલીસે રાતભર તેને શોધવા દોડધામ કરી હતી.જે ભિલોડાના રામેળા ગામથી ઝડપાયો. આ દર્દીને હોસ્પિટલ લઈ જવા આરોગ્ય તંત્ર દ્વારા કોઈ વ્યવસ્થા કરવામાં ન આવી હોવાનો આક્ષેપ છે..એક કલાક સુધી મેઘરજ પોલીસ તેને લઈને ઉભી રહી..આ દર્દીને ક્વોરન્ટીન કર્યા સમયથી આરોગ્ય વિભાગની ઢીલી નીતિ હોવાની પણ ચર્ચાઓ છે.

બેબેસીયા નામના રોગથી સિંહોના મોત થયા: વન વિભાગનો ખુલાસો

જૂનાગઢ

જૂનાગઢ જિલ્લો એશિયાટિક સિંહ માટે જાણીતો છે. આ સિંહ માત્ર ભારતમાં જ જોવા મળે છે. પરંતુ છેલ્લા ત્રણ મહિનામાં ૨૩ જેટલા સિંહના મોત થયા છે. હવે આ સિંહના મોતના મામલે હવે મોટો ખુલાસો થયો છે. વન વિભાગના મુખ્ય વન સંરક્ષક દુષ્યંત વસાવડાએ મીડિયા સમક્ષ ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે, બેબેસીયા નામના રોગને કારણે આ સિંહોના મોત થયા છે. સિંહના મોત માટે કેનાઈટ ડિસ્ટેમ્પર વાઈરસ જવાબદાર નથી. વન વિભાગના મુખ્ય વન સંરક્ષક દુષ્યંત વસાવડાએ કહ્યું કે, છેલ્લા ત્રણ મહિનામાં આશરે ૨૩ જેટલા સિંહના મોત થયા છે. તેમણે કહ્યું કે, આ માટે બેબેસીયા રોગ જવાબદાર છે. જે સિંહાના મોતની તપાસ કરવામાં આવી તેમાં હિમોગ્લોબીનની ખામી તેમજ બેગેસીયા નામનો રોગ જોવા મળ્યો છે. આ માટે કેનાઈન ડિસ્ટેમ્પર વાઈરસ જવાબદાર નથી. છેલ્લા ત્રણ મહિનામાં ૨૩ સિંહાનો મોત થયા છે. જેમાં તુલસીશ્યામમાં ૯, જસાધારમાં ૯, સાવરકુંડલામાં ૨, હડાળા રેન્જમાં ૨ અને જાફરાબાદમાં ૧ એમ કુલ ૨૩ સિંહોના મોત થયા છે. તો જસાધાર એનિમલ કેર સેન્ટરમાં ૧૪ સિંહ ઓબઝર્વેશન હેઠળ હતા તેમાંથી ૬ પુખ્ત સિંહને છોડી દેવામાં આવ્યા છે. હજુ ૮ સિંહ બાળને ઓબઝર્વેશન હેઠળ રખાયા છે.

મને અને એકતાને લાયક પાત્ર નહીં મળે તો અમે બંન્ને લગ્ન કરી લેતા: કરણ જોહર

મુંબઈ

બોલિવૂડમાં કેટલીક જોડીઓ બની ગઈ પરંતુ કેટલીક જોડીઓ અધુરી જ રહી ગઈ. હાલમાં એકતા કપૂર અને કરણ જોહર સારા મિત્રો છે. તેની દોસ્તી વિશે આખા બોલિવૂડને ખબર છે. પરંતુ એક સમય હતો કે બન્નેના લગ્નની વાતો ખુબ થતી હતી અને મીડિયામાં પણ તેની ચર્ચાએ જોર પકડ્યું હતું. બધાની નજર એ સમયે આ બન્ને પર ખુબ રહેતી હતી.

એક ઈન્ટરવ્યૂમાં કરણ જોહરે ખુદ આ વાતનો ખુલાસો કર્યો હતો. તેણે કહ્યું હતું કે, જો મને અને એકતાને લાયક પાત્ર નહીં મળે તો અમે બન્ને જ એકબીજા સાથે લગ્ન કરી લેતા. મારા અને એકતાના લગ્નથી બીજા કોઈને ખુશી મળે કે ના મળે પણ મારી માતાને ખુબ ખુશી મળતી. કારણ કે એકતા મારા ઘરની વહુ બને તો એની સીરિયલમાં આગળ શું થશે એ પહેલાથી જ ખબર પડી જાય. ઉલ્લેખનીય છે કે, એકતા કપૂર અને કરણ જોહર સારા મિત્રો છે અને સોશિયલ મીડિયા પર પણ એકબીજાના ફોટોમાં કોમેન્ટ કરતાં રહે છે. હાલમાં જ કરણ જોહરે એક તસવીર શેર કરી હતી એમાં એકતાએ કોમેન્ટ કરી હતી અને પોતાની સીરિયલ કસોટી જિંદગી કેમાં મિસ્ટર બઝાજનો રોલ ઓફર કર્યો હતો.

જામનગરથી અમદાવાદ મોકલાયેલા બે તબીબના રિપોર્ટ પોઝિટિવ

ભાવનગરમાં ૪૫ વર્ષની મહિલાનું કોરોનાથી મોત: રાજકોટમાં બે કેસ પોઝિટિવ

રાજકોટ

ભાવનગરના બાપેસરા કુવા વિસ્તારમાં રહેતા સોફીયાબેન મહેબુબભાઈ પઠાણ (ઉ.વ.૪૫)નું કોરોનાની સારવાર દરમિયાન મોત નીપજયું છે. આથી ભાવનગરમાં મૃત્યુઆંક ૬ થયો છે. સોફીયાબેનને ૩ મેના રોજ કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આથી તેમને આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ આજે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ અંગે જિલ્લા વિકાસ અધિકારીએ માહિતી આપી છે. રાજકોટમાં આજે વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે.રાજકોટથી અમદાવાદ જવા અને અમદાવાદથી રાજકોટ આવવા ઉપર પણ પ્રતિબંધ લગાડી દવામાં આવ્યો છે. માત્ર મેડિકલ સેવા અને એમ્બ્યુલન્સ જ જઈ શકશે. આ અંગે કલેક્ટર રેમ્યા મોહનએ નિર્દેશ આપ્યો છે.

રાજકોટમાં ૧૬૬ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં ૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. ૩૮ વર્ષના યુવાન અને ૧૯ વર્ષની યુવતીને પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. જયારે ૧૩૫ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. જયારે ૨૯ના રિપોર્ટ આવવાના બાકી છે. રાજકોટમાં પોઝિટિવ કેસની સંખ્યા ૬૫ પર પહોંચી છે. ૬૫ પૈકી ૨૪ દર્દી સાજા થતા રજા આપવામાં આવી છે. જયારે ૪૧ દર્દી સારવાર હેઠળ છે અને એક દર્દીનું મોત નીપજ્યું હતું.

રાજકોટ-અમદાવાદ અવર-જવર બંધ: કલેક્ટરને લીધો મહત્વપૂર્ણ નિર્ણય

રાજકોટ

સતત વધી રહેલા કોરોના કેસને કારણે રાજકોટ જિલ્લા કલેક્ટરે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. અમદાવાદથી ગયેલા વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા રાજકોટ કલેક્ટરે અમદાવાદથી રાજકોટ અને રાજકોટથી અમદાવાદ આવવા-જવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. મહત્વનું છે કે અત્યાર સુધી રાજકોટ જિલ્લામાં કોરોના વાયરસના ૬૫ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે. રાજકોટ જિલ્લા કલેક્ટરના નવા આદેશ અનુસાર કોઈપણ વ્યક્તિ રાજકોટથી અમદાવાદ અને અમદાવાદથી રાજકોટ અવર-જવર કરી શકશે નહીં. શહેરમાં કોરોના વાયરસના વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય કરવામાં આવ્યો છે.

શાંતિકુંજ આશ્રમના પ્રમુખ ડૉ. પ્રણવ પંડ્યા પર દુષ્કર્મનો આરોપ

ન્યુ દિલ્હી

શાંતિકુંજ આશ્રમ હરિદ્વારના પ્રમુખ ડૉ. પ્રણવ પંડ્યા પર દુષ્કર્મનો આરોપ લાગ્યો છે. છત્તીસગઢના રાયપુરની રહેવાસી એક યુવતીએ આ આરોપ લગાવ્યો છે. આ મામલામાં દિલ્હીના વિવેક વિહાર પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી છે. ફરિયાદમાં ડૉ. પ્રણવ પંડ્યાની પત્નીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બીજી તરફ, પોતાની વિરુદ્ધ દિલ્હીમાં નોંધાયેલી ફરિયાદને ડૉ. પ્રણવ પંડ્યાએ કાવતરાનો હિસ્સો ગણાવ્યો છે. તેઓએ કહ્યું કે, મારી પર ખોટા આરોપ લાગ્યા છે. જે વ્યક્તિએ આ ફરિયાદ કરી છે તે શાંતિકુંજમાં રહે છે. ડૉ. પ્રણવ પંડ્યાએ આરોપ લગાવ્યો કે તે વ્યક્તિ પોતાની પત્નીને પણ તેમની વિરુદ્ધ ઉપયોગ કરીને બ્લેકમેલ કરી રહ્યો છે.

ફિલ્મ બૈજુ બાવરામાં દીપિકા-રણબીર જોવા મળશે..!?

મુંબઈ

ગયા વર્ષે સંજય લીલા ભણશાલીએ પોતાના ડિરેક્શન હેઠળની ફિલ્મ 'બૈજુ બાવરા'ની જાહેરાત કરી હતી. આ ફિલ્મ ૧૯૫૨માં આવેલી ભારત ભૂષણ તથા મીના કુમારીની 'બૈજુ બાવરા'ની રીમેક છે. સંજય લીલા ભણશાલીએ ફિલ્મની સ્ટાર-કાસ્ટને લઈ કોઈ જાહેરાત કરી નહોતી. આ ફિલ્મમાં શાહરુખ ખાન, સલમાન ખાનથી લઈ રણવીર સિંહ દરેકના નામ ચર્ચાઈ ચૂક્યા છે. આલિયા ભટ્ટની 'ગંગુબાઈ કાઠિયાવાડી' ફિલ્મ પૂર્ણ કરીને સંજય લીલા ભણશાલી 'બૈજુ બાવરા'નું શૂટિંગ શરૂ કરશે. હવે, ચર્ચા છે કે આ ફિલ્મમાં દીપિકા તથા રણબીરને લેવામાં આવશે.

સૂત્રોના મતે, સંજય લીલા ભણશાલીએ રણબીર કપૂર તથા દીપિકા પાદુકોણનો ફિલ્મ માટે સંપર્ક કર્યો હતો.

કોરોના સંકટ: ટી-૨૦ વર્લ્ડકપ આયોજન અંગે આજે મોટો નિર્ણય લેવાશે

મેલબર્ન

કોરોના વાયરસની અસર સ્પોર્ટ ઈવેન્ટ્સ પર ઘણી પડી રહી છે. આઈપીએલ સહિત લગભગ બધી ક્રિકેટ ટુર્નામેન્ટ્સ પણ રદ અને ટાળવામાં આવી છે. આ સિવાય આ વર્ષે ઓસ્ટ્રેલિયાની યજમાનીમાં થનારી ટી૨૦ વર્લ્ડ કપ ટુર્નામેન્ટ પર પણ સંકટના વાદળ ઘેરાઈ રહ્યા છે. આ વૈશ્વિક મહામારીના કારણે ટી૨૦ વર્લ્ડ કપના આયોજનની સંભાવનાઓ ઓછી દેખાઈ રહી છે.

મીડિયા રિપોર્ટ મુજબ ટી૨૦ વર્લ્ડ કપના આયોજનની સંભાવનાઓ અંગે ચર્ચા કરવા માટે ૮મે એટલે કે શુક્રવારે આઈસીસી અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા વચ્ચે ટેલી કોન્ફ્રેન્સિંગ થવાની છે. આપણે જણાવી દઈએ કે આ પહેલા ૨૩ એપ્રિલના રોજ બંને વચ્ચે આ મુદ્દે ચર્ચા થઈ હતી. ત્યાર બાદ એવું કહેવામાં આવ્યું હતું કે આ અંગે સતત નજર રાખવામાં આવશે અને પરિસ્થિતિઓના અનુરૂપ ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે નિર્ધારિત સમય મુજબ ટી૨૦ વર્લ્ડ કપનું આયોજન ૧૫ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર સુધી થવાનું છે. પરંતુ કોરોના વાયરસના સંકટ વચ્ચે ટી૨૦ વર્લ્ડ કપ તેના નિર્ધારિત સમય પર થશે કે નહીં તે અંગે હાલ કોઈ સ્પષ્ટતા નથી. કેટલાક સૂત્રોનું કહેવું છે કે જો ભવિષ્યમાં કદાચ ટી૨૦ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવશે તો પણ તે ખાલી મેદાનમાં થવાની શક્યતાઓ છે. એટલે કે દર્શકોને મેદાન પર એન્ટ્રી નહીં મળે.

ધોળકામાં આવેલ કેડીલા કંપનીમાં ૨૧ કર્મચારીઓ કોરોના પોઝિટિવઃ ગાંધીનગરમાં વધુ ૪ કેસ

ગાંધીનગર

આજે રાજ્યમાં અલગ અલગ જગ્યાએ કોરોના વાઈરસના કેસ સામે આવ્યા છે. અત્યાર સુધી કોરોનાથી દૂર રહેલા જામનગરમાં કોરોના વાયરસે પગપેસરો કર્યો છે, ત્યારે આજે મળતી માહિતી પ્રમાણે જામનગરમાં કોરોના પોઝિટિવની સેવા કરતા ડોક્ટરોને વાઈરસનો ચેપ લાગ્યો છે. જામનગરથી અમદાવાદ મોકલવામાં આવેલા તબીબને કોરોના પોઝિટીવ આવ્યો છે. અમદાવાદ મોકલવામાં આવેલા ૨ ડોક્ટરને કોરોના પોઝિટીવ આવતા ફફડાટ વ્યાપી ગયો છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, જામનગરમાંથી જીજી હોસ્પિટલમાંથી ૧૮ તબીબોને અમદાવાદ મોકલાયા હતા. જેના કારણે તબીબી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

અમદાવાદના ધોળકાની વાત કરવામાં આવે તો અહીં છેલ્લા બે દિવસમાં ૨૫ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. આ ૨૫ પોઝિટિવ કેસમાંથી ૨૧ કેસ કેડિલા ફાર્મા કંપનીના કર્મચારીઓના છે. જ્યારે ચાર અન્ય લોકો સામેલ છે. અમદાવાદ ગ્રામ્યમાં હાલ કોરોનાના ૮૧ જેટલા પોઝિટિવ કેસ નોંધાયેલા છે. જે જે લોકો તેમના સંપર્કમાં આવ્યા હશે તેમને હોમ ક્વોરન્ટીન કરવામાં આવશે. બીજી તરફ એવી પણ વિગત મળી છે કે કોરોના પોઝિટિવ કેસ આવ્યો છતાં કંપનીએ પોતાનું યુનિટ ચાલું રાખ્યું હતું. હવે જ્યારે એક સાથે ૨૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે ત્યારે તંત્રએ યુનિટને સીલ કરી દીધું છે.

જામનગરથી અમદાવાદ મોકલાયેલા બે તબીબો જિલ પટેલ અને કેતન મકવાણાનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. જ્યારે અન્ય ત્રણ તબીબો કિંજલ નારીયા, પ્રિયંક બત્રા, રાજુ હુણના રિપોર્ટ આવવાના બાકી છે. આ બંને તબીબ અમદાવાદમાં જ સારવાર હેઠળ છે.

ગાંધીનગર જિલ્લામાં પણ કોરોનાના વધુ ૪ કેસ આજે સામે આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં કલોલમાં ૧, નાંદોલમાં ૨, વાસણામાં ૧ કેસ નોંધાયા છે. આજે કુલ ૪ કેસ જિલ્લામાં નવા નોંધાયા છે. આ તમામ પોઝિટીવ કેસ વિશે એવું કહેવામાં આવી રહ્યું છે કે, અગાઉ પરિવારજનો કોરોનાં સંક્રમિત થયાં હોવાથી તેમના સંપર્કમાં આવેલા આ નવા ૪ કેસ આવ્યા છે.

ગાંધીનગરના દહેગામમાં પણ વધુ ૩ કેસ પોઝિટિવ સામે આવ્યા છે. નાંદોલમાં વધુ ૨ કેસ પોઝિટિવ નોંધાયા છે. દહેગામમાં વાસણા ચૌધરીમાં કોરોનાનો વધુ એક કેસ સામે આવ્યો છે. આ સાથે જ દહેગામ તાલુકામાં કોરોનાનો આંક ૧૪ પર પહોંચી ગયો છે.

અમદાવાદ મહિલા એસીપી મીની જોસેફે કોરોનાને મ્હાત આપી



અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસની મહામારીનો પ્રકોપ યથાવત્ જોવામ મળી રહ્યો છે. જો કે રાજ્યમાં કોરોના યોદ્ધાઓમાં પોઝિટિવ રિપોર્ટ આવતાં ચિંતાનું કારણ જોવા મળી રહ્યું છે. રાજયના પોલીસ, ડોકટર તેમજ મેડિકલ કર્મીઓમાં કોરોના પોઝિટિવ જોવા મળતા ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેરના ક્રાઈમ બ્રાંચના મહિલા ACPમાં કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સંદર્ભે આજે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અમદાવાદના મહિલા ACPએ કોરોનાને મ્હાત આપી દીધી છે. અમદાવાદના મહિલા ACP મીની જોસેફને SVPમાંથી ડિસ્ચાર્જ કરાયા છે અને તેઓ સ્વસ્થ થઈને પોતાના ઘરે પાછા ફર્યા છે.

તમને જણાવીએ કે, અમદાવાદ શહેરના ક્રાઈમ બ્રાંચના અધિકારીમાં કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. શહેરના ક્રાઈમ બ્રાંચના મહિલા ACP મીની જોસેફનો રિપોર્ટ પોઝિટિવ આવતા ફફડાટ વ્યાપેલો હતો. ત્યારબાદ તેમને SVP હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા. જો કે ક્રાઈમ બ્રાંચની મહિલા ACP અધિકારીમાં કોરોના પોઝિટિવ આવતાં પોલીસ વિભાગની ચિંતામાં વધારો જોવા મળ્યો હતો.

બોપલ-ઘુમા ન.પા.એ ઠરાવ પસાર કર્યોઃ દવા-દૂધની દુકાનો જ ખૂલશે

અમદાવાદ

બોપલ ઘુમા કોર્પોરેશન વિસ્તારની બહાર હોવાથી કોર્પોરેશનનું જાહેરનામું લાગુ પડતું નથી. એટલે બોપલમાં ગુરૂવારે સવારે કરિયાણાની દુકાનો અને શાકભાજીનું વેચાણ ચાલુ થઈ ગયું હતું. પરંતુ બોપલ-ઘુમા નગરપાલિકાએ કોર્પોરેશનના પગલે બોપલમાં પણ કરિયાણા અને શાકભાજીનું વેચાણ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. આ મામલે અમદાવાદ જિલ્લા DySP કે.ટી. કામરિયાએ જણાવ્યું હતું કે, કોર્પોરેશનના જાહેરનામાને પગલે બોપલ-ઘુમા નગરપાલિકાએ આજે ઠરાવ પસાર કર્યો છે. જે અમને ૧૧ વાગ્યે મળ્યો છે એટલે અમે તાત્કાલિક આજથી બધુ બંધ કરાવી દીધું છે અને હવે દૂધ અને દવા સિવાય તમામ વસ્તુઓની દુકાન બંધ રહેશે.

૫ મેની સાંજથી ૬ મેની સાંજ સુધીમાં શહેરમાં કોરોનાના નવા ૨૯૧ કેસ નોંધાયા છે અને ૨૫ દર્દીના મોત થયા છે જ્યારે ૭૪ સાજા થયા છે.આમ અત્યાર સુધી કુલ ૪૭૧૬ પોઝિટિવ કેસ અને કુલ ૨૯૮ દર્દીના મોત નીપજ્યાં છે અને ૭૭૮ દર્દી સાજા થયા છે. શહેરમાં બેકાબૂ બનેલા કોરોનાને નાથવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે આજથી અમદાવાદમાં માત્ર દૂધ અને દવાની દુકાનો જ ખુલી રાખવાનો નિર્ણય કર્યો છે. જ્યારે રેડ ઝોનમાં તમામ બેંક બંધ રાખવા આદેશ આપ્યો છે. આજથી ૧૫ મે સુધી ફૂટ્સ, શાકભાજી, કરિયાણાની દુકાનો પણ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

રખિયાલ ચાર રસ્તા,હાથીખાઈથી અંદરના એપ્રોચ રોડને પણ બંધ કરાયો

અમદાવાદમાં સંપૂર્ણ શટડાઉન વચ્ચે સોનીની ચાલીનો ઓવરબ્રિજ બંધ કરાયો

અમદાવાદ

અમદાવાદના પૂર્વ ઝોનમાં અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવના ૩૪૦ કેસ નોંધાઇ ચૂક્યા છે. ખાસ કરીને રખિયાલ, બાપુનગર, વિરાટનગર, ઓઢવ, અજિત મીલના પટ્ટામાં વધુ સંક્રમણ જોવા મળતા આ વિસ્તારમાં લોકોની અવર-જવર પર અંકુશ મુકવા માટે સોનીની ચાલીનો ઓવરબ્રિજ સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો છે.

પૂર્વ વિસ્તારમાં લોકડાઉનના સખત અમલની બુધવારે શરૂઆત કરાઇ હતી. જેમાં સૌપ્રથમ નેશનલ હાઇવે આઠ પરના સોનીની ચાલી પરના બ્રિજને બંને છેડેથી પતરા લગાવીને સંપૂર્ણ બંધ કરી દેવાયો હતો. બ્રિજના નીચેથી અજિત મીલ તરફ જતો રસ્તો પણ બંધ કરાયો છે. બ્રિજના નીચે તે તરફ પણ લોખંડના પતરા અને બેરિકેડ લગાવીને રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે.

રખિયાલ ચાર રસ્તા, હાથીખાઇથી અંદરના એપ્રોચ રોડને પણ સંપૂર્ણ બંધ કરાયો છે. કોઇ અવર-જવર ન કરે તે માટે પ્રતિબિધંત વિસ્તારના મોટા બેનરો લગાવી દેવામાં આવ્યા છે. બીજી તરફ રખિયાલથી વિરાટનગર તરફ જતો રસ્તો પણ બંધ કરાયો છે. ત્યાં પણ પતરા લગાવી દેવાયા છે. પૂર્વ વિસ્તારમાં ઠેરઠેર રસ્તાઓ બંધ કરી દેવામાં આવતા લોકોની અવર-જવર પર તો અંકુશ આવ્યો છે. પરંતુ શારદાબહેન, એલ.જી, વી.એસ. સિવિલ સહિતની હોસ્પિટલમાં જતા સ્ટાફને મુશ્કેલીમાં મુકાવું પડયું છે. નર્સો, ડૉક્ટરોએ ફરી ફરીને જવાની ફરજ પડી રહી છે.

અમદાવાદ સંપૂર્ણ શટડાઉનની જાહેરાત છતાં શાકભાજી-કરિયાણાની દુકાનો ખૂલી



અમદાવાદ

રાજ્યમાં કોરોનાનો કહેર ચરમસીમાએ પહોંચ્યો છે અને તેમાં પણ ખાસ કરીને અમદાવાદમાં તો કોરોનાનો બોમ્બ ફાટ્યો હોય તેમ પોઝિટીવ કેસોની સંખ્યા વધતી જાય છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવા આવેલા કમિશનરે શહેરીજનો માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. કમિશનરે ગુરુવારે અમદાવાદમાં તમામ દુકાનો બંધ રાખવા અને માત્ર દવા અને દૂધની જ દુકાનો ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. જોકે આજે સવારે શહેરના અમુક વિસ્તારોમાં ચિત્ર કંઈક અલગ જોવા મળ્યું હતું.

આજે સવારે મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા કમિશનરના નિર્ણયને લોકો ઘોળીને પી ગયા હોય તેમ ચુસ્ત લોકડાઉનના ધજાગરા જોવા મળ્યા હતા. આજે સવારે બોપલ અને ઘુમા વિસ્તારમાં શાકભાજી-ફળવાળા, પ્રોવિઝન સ્ટોર ખુલ્લા દેખાયા હતા. બોપલવાસીઓએ સરેઆમ ઉલ્લંઘન કરી શાકભાજી અને વસ્તુઓ લેવા બહાર નીકળી પડ્યા હતા. આ વિસ્તારમાં આવેલી અનેક સોસાયટીમાં શાકભાજીની લારી અને ટેમ્પાવાળા પહોંચી ગયા હતા. માત્ર દવા અને દુધની જ દુકાનો ચાલુ રાખવાની જાહેરાત બાદ પણ લોકો સરેઆમ કાયદાનો ભંગ કરીને બહાર નીકળી પડ્યા હતા, તેમ છતાં પોલીસ પણ ક્યાંય દેખાઈ નહોતી. પોલીસ દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવ્યા ન હતાં.

અમદાવાદના બોપલમાં તંત્રની નિષ્ક્રિયતા ફરી એકવાર છતી થઈ છે. ન.પા.ના આદેશ છતાં બોપલ-ઘુમામાં શાકમાર્કેટ અને કરિયાણાની દુકાનો ખુલ્લી રહેતા તંત્ર સામે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. આજે સવારે બોપલ નગરપાલિકાના આદેશ છતાં દુકાનોની બહાર લોકોની કતારો જોવા મળી હતી. ત્યારે આ વિશે તેમને પુછતાં દુકાનદારનો લુલો બચાવ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, જનતા ઉઠાડવા આવી એટલે અમારે દુકાનો ખોલવી પડી છે.

એટલું જ નહીં, સુરતમાં પણ લોકડાઉનના ધજાગરા જોવા મળ્યા હતા. સુરતમાં પણ આજે સવારે શાકભાજી માર્કેટમાં લોકોની ભીડ જોવા મળી હતી. અમદાવાદ બાદ સુરતમાં મોટો નિર્ણય લેવાઈ શકે છે તે બીક અને APMC બંધ થવાના ભયથી સુરતમાં આજે ભીડ ઉમટી પડી હતી. અહીં માર્કેટમાં પણ સોશિયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો હતો.

અમદાવાદથી જામનગર પહોંચેલા પરિવારને સામાન સાથે ક્વોરન્ટીન કરી દેવાયો

જામનગર

અમદાવાદથી જામનગર પહોચેલા પરિવારને ઘરના સામાન સાથે જ સમરસ હોસ્ટેલમાં ક્વોરન્ટીન કરી દેવામાં આવ્યા છે. પરિવારને ધ્રોલ ચેકપોસ્ટ પાસે જ રોકવામાં આવ્યો અને તેમને સીધા જ કવોરન્ટીન કરી દેવામાં આવ્યા. કલેકટરે સૂચના આપી છે કે જે પણ લોકો બહારથી હિજરત કરીને આવશે તેમને શહેરમાં પ્રવેશ આપવામાં નહી આવે અને પરિવાર હિજરત કરીને આવ્યો હતો. જેથી તેને ક્વોરન્ટીન કરવામાં આવ્યો. ઉલ્લેખનિય છે કે જામનગરની તમામ સરકારી અને અર્ધ સરકારી શાળાઓને ક્વોરન્ટીન સેન્ટર તરીકે કલેક્ટર દ્વારા જાહેર કરવામાં આવી છે.

અમદાવાદ ખાતે ફરજ નીભાવી રહેલા જામનગરના ૧૨ એસઆરપી જવાનોને ગત ૨ તારીખે જામનગર ચેલા કેમ્પ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને તે કેમ્પમાંથી એક પદ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેના પગલે તે તમામ વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે. સાથે જ કેમ્પની આસપાસ રહેતા લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા કડક સૂચના આપવામાં આવી છે. અને ત્યાથી અવરજવર પણ બંધ કરી દેવામાં આવી છે. અને કેમ્પમાં રહેલા તમામ જવાનોને ત્યાજ ક્વોરન્ટીન કરી દેવામાં આવ્યા છે.

રુપાણીની નિષ્ફળતાને કારણે વડાપ્રધાનએ ગુજરાતનો હવાલો સોંપ્યો કે. કૈલાસનાથનને

કોરોના વાયરસને કારણે ગુજરાતમાં જે સ્થિતિ નિર્માણ થઈ તેને પહોંચી વળવા વિજય રુપાણી બીનઅસરકારક સાબિત થયા તેવી છાપ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી જતાં તેમણે પોતાના હોમ ગ્રાઉન્ડ ગુજરાતને બચાવવા માટે તેમના અત્યંત વિશ્વાસુ અધિકારી અને મુખ્ય મંત્રીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાસનાથનને મોરચો સંભાળી લેવાનો આદેશ વડાપ્રધાન તરફથી આપવામાં આવ્યો છે.

મુંબઈ પછી સૌથી વધુ કેસ દેશમાં અમદાવાદમાં નોંધાયા અને અમદાવાદની સ્થિતિ વધુ કથળી રહી છે તેનાથી ચિંતિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના હોમ પીચને બચાવી લેવા માટે ગુજરાતમાં ચાલી રહેલી કામગીરીની જાણકારી મેળવી હતી. જેમાં વિવિધ તબક્કે મુખ્યમંત્રી વિજય રુપાણી નિષ્ફળ જઈ રહ્યા હોવાની છાપ ઊભી થવા પામી હતી.

કોઈપણ ભોગે ગુજરાતની સ્થિતિને કાબુમાં લેવા માટે નરેન્દ્ર મોદીએ પોતાના અત્યંત વિશ્વાસું કે. કૈલાસનાથનને મોરચો સંભાળી લેવાનો આદેશ આપતાં હવે વિજય રુપાણીને બદલે કે. કૈલાસનાથને સમગ્ર કામગીરીનું સુકાન સંભાળી લીધું છે.

કે. કૈલાસનાથન એક્શનમાં આવતા સૌથી પહેલા વિજય રુપાણીના અંગત ગણાતા અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાને ક્વોરન્ટીનના નામે રજા પર ઉતારી દેવામાં આવે, તેની સાથે મુખ્ય સચિવ અનિલ મુકીમ અને રાજીવ ગુપ્તા સહિતની ટીમને તેમણે મેદાને ઉતારી દીધી હતી. આમ હવે અમદાવાદ સહિત ગુજરાતમાં કોરોનાની જે સ્થિતિ છે તેને પહોંચી વળવાની વ્યૂહરચના ખુદ કૈલાસનાથન ઘડી રહ્યા છે, તમામ બેઠકોમાં તેઓ હાજર રહે છે. અધિકારીઓને પણ સીધી સૂચના તેમના દ્વારા આપવામાં આવે છે અને વડાપ્રધાન કાર્યાલયને પણ તેઓ સ્થિતિથી વાકેફ કરી રહ્યા છે.

આ દરમિયાન વડાપ્રધાન દ્વારા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા સાથે મીટિંગ કરતાં ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન થઈ રહ્યું છે તેવી અટકળો પણ શરૂ થઈ હતી.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાનો મુખ્યમંત્રી રૂપાણીને પત્ર

રાજ્ય સરકાર એસટી બસ દોડાવે, કોંગ્રેસ મજૂરોના ભાડા ચૂકવવા તૈયાર

ગાંધીનગર

ગુજરાતમાં ફસાયેલા શ્રમિકોને પોતાના વતન પરત જવા મામલે કોંગ્રેસે ઝંપલાવતા રાજકારણ ગરમાયું છે. વાત જાણે એમ હતી કે, ઘણાખરા શ્રમિકો પાસે ભાડાના પૈસા ન હતા ત્યારે કોંગ્રેસે ભાડાનો ખર્ચો ઉપાડવાની તૈયારી બતાવી હતી. પણ ગઈ કાલે સુરતમાં કોંગી ધારાસભ્ય સી જે ચાવડા દ્વારા આપવામાં આવેલ પૈસા મામલતદારે સ્વીકાર્યા ન હતા જ્યારે મંત્રી કુમાર કાનાણીએ એવી કમેન્ટ કરી હતી કે તેઓ કોંગ્રેસ પાસેથી ભાડુ વસૂલવા તૈયાર છે. જેના જવાબમાં આજે અમીત ચાવડાએ સીએમ રૂપાણીને પત્ર લખ્યો છે. ગુજરાતના શ્રમિકોને ગુજરાતમાં વતન મોકલવાનો મામલે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ ઝરૂરૂપાણીને પત્ર લખ્યો છે.

ગઈકાલે તમારા મંત્રી દ્વારા ભાડાની માગ કરાઈ હતી. કાલે કુમાર કાનાણીએ કોંગ્રેસ પાસે ભાડુ માંગ્યુ હતુ . ગુજરાતની જનતાએ તમને ૨૨ વર્ષથી સમર્થન આપ્યુ છે. આવા કપરા સમયમાં રાજનીતિ ન થવી જોઈએ. સરકારે ભૂતકાળમાં કાર્યક્રમો પાછળ ફી માં જી દોડાવી છે. અત્યારે ધંધા-રોજગાર બંધ, લોકોની સરકાર પાસે અપેક્ષા હોય. સરકાર ફસાયેલાને ભાડાની રકમ ન આપે તો કોંગ્રેસ આપશે. જરૂરિયાતવાળા લોકોને કોંગ્રેસ ભાડાની રકમ આપવા સમંત છે. સરકાર જલ્દી જી બસની વ્યવસ્થા કરે કોંગ્રેસ ભાડું ચૂકવશે.

અરવલ્લીમાં એક જ દિવસમાં નવા ૨૫ કેસ કોરોનાના પોઝિટિવ નોંધાયા

અરવલ્લી

જિલ્લામાં બુધવારની મોડી સાંજે ૩૦૦ સેમ્પલના રિપોર્ટ આવ્યા જેમાંથી ૨૫ કેસના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય તંત્રની સાથે વહીવટી તંત્રમાં પણ હડકંપ મચી ગયો હતો. એક સાથે ૨૫ કેસ પોઝિટિવ આવતા સમગ્ર જિલ્લામાં ભય છવાઈ ગયો છે. આ સાથે જ અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીના કુલ પોઝિટિવ દર્દીઓનો આંકડો ૪૭ પર પહોંચ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ જિલ્લાના મોડાસામાં પાંચ, શિલાદ્રી, શોભાયડામાં ત્રણ, ટીંટોઈ, બ્રહ્મપુરી, અમલાઈમાં ત્રણ, લિંભોઈ, મેઘરજ, સુરપુર, જનાલી ટાંડામાં ત્રણ, કરણપુર, સુનોખ, શામપુર, ખડોદા અને જાબચીતરીયામાં કેસ નોંધાયા છે.

આ તમામ વિસ્તારોના ૫ કિમી ત્રિજયામાં આવેલા વિસ્તારને બફરઝોન વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલા છે. જયારે ૫ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલા છે.

જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્કીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિતની આવશ્યક સેવાઓ અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મૂક્યા છે.

ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર પાંચ કિમી લાંબી વાહનોની લાઈન લાગી

અરવલ્લી

આખા દેશમાં કોરોનાનો કહેર છે ત્યારે આંતર રાજ્ય બોર્ડર પણ સીલ કરી દેવામાં આવી છે. જેમની પાસે જવા માટેના પાસ હોય તેવા જ લોકો અવરજવર કરી શકે છે. તમામ લોકો માટે પરિવહન હાલ બંધ છે. આવી પરિસ્થિતમાં આજે સવારે રાજસ્થાન અને ગુજરાત બોર્ડર પર આવેલી શામળાજી બોર્ડ પાસે વાહનોની ૫ કિમીથી વધારે લાંબી કતાર થઈ ગઈ હતી. અહીં આશરે ૬૦૦થી વધારે વાહનોને રોકી રાખવામાં આવ્યા હતા. જેના કારણે ત્યાં ટ્રાફિક જામનાં દ્રશ્યો સામે આવ્યાં હતા. જોકે, આટલી મોટી સંખ્યામાં લોકો ભેગા થવાને કારણે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ ગઈકાલ સુધીનાં પાસ ધારકોને ગુજરાતમાંથી રાજસ્થાન જવા દેવાની મંજૂરી આપવામાં



આવી હતી.

આવી વિકટ પરિસ્થિતિમાં સવારે આ બોર્ડર બંધ કરી દેવામાં આવી હતી પરંતુ આજે ફરીથી ખોલી દેવાની ફરજ પડી હતી. આ વાહનો ચાલકોને ગુજરાત પોલીસ અને રાજસ્થાન પોલીસની સમજાવટ બાદ જવા દેવામાં આવ્યાં હતા.

મળતી માહિતી પ્રમાણે, ૫૦૦થી વધારે ગાડીઓએ રાજસ્થાનમાં પ્રવેશ મેળવ્યો છે. આજે ઈસ્યુ કરાયેલા પાસ ધારકોને પ્રવેશ નહીં મળે પરંતુ ગઈકાલ સધી ઈશ્યુ થયેલા લોકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આજે સવારે શામળાજી બોર્ડર પાસે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતાં. જેના કારણે ૫ કિમી લાંબી લાઈન થઈ ગઈ હતી. અહીં આવેલા વાહન ચાલકો પાસે જવા માટેનો પાસ પણ હતો તે છતાં તેમને જવા દેવામાં ન આવતા આ લોકો અકળાયા હતાં.

તમારા ઘરે બે અઠવાડિયા ચાલે એટલું શાક-અનાજ હશે સામાન્ય માણસ પાસે નથી

રુપાણી તમારા અધિકારીઓની મુર્ખતાથી અમદાવાદ મોત તરફ ધકેલાયું

કોરોના વાયરસની હાલ જે સ્થિતિ છે તેની સામે વિશ્વ આખું પોતાની રીતે લડી રહ્યું છે, સદ નસીબે વિશ્વના બીજા દેશોની સરખામણીએ ભારતમાં કોરોનાનું મોડું આગમન થયું હોવાને કારણે આપણી પાસે તેમની ભૂલો અને તેમના અનુભવોનું ભાથું છે. સમગ્ર ભારતમાં કોરોનામાં અમદાવાદ શહેર બીજા ક્રમાંક પર છે. પરંતુ ગુજરાતની સ્થિતિ એવી છે કે, રાજકીય સૂજબૂજ અને નેતૃત્વના અભાવે ખુદ ગુજરાતના અધિકારીઓ જ ગુજરાતને કોરોનામાંથી ઉગારવાને બદલે મોતના મોંમાં ધકેલી રહ્યા હોય તેવી સ્થિતિ ખાસ કરીને અમદાવાદ શહેરમાં નિર્માણ પામી છે.

અમદાવાદમાં કોરોનાની સ્થિતિ પર કાબુ મેળવવા અમદાવાદ મ્યૂનિસિપલ કમિશનર વિજય નેહરા વિવિધ તરકીબો લગાવી અમદાવાદને કોરોનાને મ્હાત આપવા રાત દિવસ મહેનત કરી રહ્યા હતા. પરંતુ વિજય નેહરાએ કોરોનાના વાસ્તવીક આંકડા છૂપાવાને બદલે વાસ્તવીક આંકડાઓને આધારે લડી લેવાનો નિર્ધાર કર્યો હતો. અમદાવાદની સ્થિતિને ધ્યાનમાં લેતા લોકડાઉન લંબાવું જોઈએ તેવા મતના વિજય નેહરા હતા, પરંતુ વિજય રુપાણી અને તેમના સેક્રેટરી કોર્પોરેટ હાઉસીસના સતત દબાણને પગલે ધંધા રોજગાર શરૂ કરવા જોઈએ તે દિશામાં આગળ વધી રહ્યા હતા. જોકે વિજય નેહરા આ નિર્ણયને આડે આવી રહ્યા હતા.

અમદાવાદ મ્યુનિ. કમિશનર વિજય નેહરાની ખુરશી પર બેઠા સિવાય ગુજરાત સરકારના કોઈ સેક્રેટરીઝ કે રાજનેતાઓને અમદાવાદની ગંભીર સ્થિતિનો અંદાજ આવી રહ્યો ન હતો. જેના કારણે વિજય નેહરાને સેલ્ફ ક્વોરેન્ટીન કરવાના નામે રજા પર ઉતારી તેમના સ્થાને મુકેશ કુમારને અમદાવાદ કમિશનરનો ચાર્જ સોંપાયો હતો.

કે કૈલાસ નાથન, જયંતિ રવિ, અશ્વિનિ કુમાર, રાજીવ ગુપ્તા અને મુકેશ કુમારે અમદાવાદનો હવાલો સંભાળ્યો ત્યારે ખુરશીમાં બેઠાના ૨૪ કલાકમાં જ તેમને અંદાજ આવી ગયો કે અમદાવાદની સ્થિતિ ખરેખર ગંભીર છે, વિજય નેહરાએ જે પ્રમાણે વ્યૂહરચના ઘડી અમદાવાદનું જનજીવન ધબકતું રહે તેવા અને કોરોના પર કાબુ લેવાય તેવા પ્રયત્નો કરી રહ્યા હતા પરંતું વિજય નેહરાને ખોટા સાબીત કરવા માટે આ તમામ અધિકારીઓએ જે સામુહીક ભૂલ કરી તેના કારણે અમદાવાદના ૮૦ લાખ લોકોનો જીવ દાંવ પર લાગી ગયો.

બુધવારની બપોરે આ અધિકારીઓ દ્વારા અમદાવાદને ૧૫મી મે સુધી જડબેસલાક બંધ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો. અમદાવાદીઓને કોઈપણ પ્રકારનો સમય કે તક આપ્યા સિવાય દૂધ અને દવાની દુકાનો સિવાય તમામ જીવન આવશ્યક ચિજો પર પ્રતિબંધ લગાવી દેતા બુધવારની સાંજે લાખો અમદાવાદીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. વિજય નેહરા કોરોનાના સુપર સ્પ્રેડર દુકાનદારો અને શાકવાળાઓથી પ્રજાને દુર રાખવા માગતા હતા ત્યાં લાખો લોકોની ભીડ એક સામટી ઉમટી પડી હતી.

અધિકારીઓના અણઘડ નિર્ણયને કારણે ૫૦ દિવસના લોકડાઉન પર પાણી ફરી વળ્યું હતું. વિજય રુપાણી અને તેમના અધિકારીઓના ઘરે બે અઠવાડિયા ચાલે તેટલું અનાજ અને શાકભાજી હશે પરંતુ અમદાવાદીઓના ઘરે એવી વ્યવસ્થા નથી તેવી માણસાઈનો અંદાજ મેળવવામાં રુપાણી સરકાર નિષ્ફળ નિવડી અને આજે જે સ્થિતિ અમદાવાદમાં નિર્માણ થઈ જેના કારણે આગામી દિવસોમાં પોઝિટિવ દર્દીઓની સંખ્યા જે વધશે તેની નૈતિક જવાબદારી સ્વિકારવાની તૈયારી અધિકારી અને વિજય રુપાણીએ રાખવી પડશે.

ઉબખલ જીઆઈડીસીની વુડન ફેક્ટરીમાં આગ: લાખો રૂપિયાનો માલ-સામાન બળીને ખાખ

વિજાપુર

જિલ્લના વિજાપુર તાલુકાના કુકરવાડા ગામ નજીક આવેલી ઉબખલ GIDCની અકે વુડન ફેક્ટરીમાં એકા એક આગ ભભૂકી ઉઠતા ફેક્ટરી આસપાસના વિસ્તારમાં ભારે દોડભાગ મચી હતી. જો કે ઘટનાની જાણ ડિઝાસ્ટર વિભાગને કરાતા મહેસાણા વિજાપુર સહિતના ફાયર ફાઈટરની ટિમો ઘટના સ્થળે દોડી આવી આગ પર કાબૂ મેળવવા જહેમત ઉઠાવી હતી.

પરંતુ લાકડાના સામાનમાં આગ ભભૂકતા આગ પર કાબૂ મેળવવા ૩ કલાકની ભારે જહેમત બાદ ફાયરટીમને સફળતા મળી હતી. જો કે હાલમાં મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે ફેક્ટરીમાં લાગેલી કોઈ મશીનરીમાં ઈલેક્ટ્રિક શોકના કારણે સ્પાર્ક થતા આગ લાગી હોવાનું અનુમાન છે, તો આગને પગલે ફેકટરીમાં રહેલો લાખો રૂપિયાનો માલસામાન આગમાં બળીને ખાખ થયો છે, તો કેટલો હિસ્સો ફાયરટીમની મદદથી સલામત રહ્યો છે.

મ્યુનિ. કમિશનર તથા પોલીસ કમિશનર મીઠીખાડી અને ભેસ્તાનની મુલાકાતે

સ્થળ નિરીક્ષણ કરી મ્યુનિ. કમિશનરે વિવિધ સૂચના આપી

સુરત

સુરત શહેરમાં નોવેલ કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લઈ શહેરના કેટલાક વિસ્તારને કલસ્ટર વિસ્તાર જાહેર કરવામાં આવેલ છે. ગતરોજ સુરત મહાનગરપાલિકાના કમિશનર બંછાનિધિ પાની અને પોલીસ કમિશનર આર.બી.બ્રહ્મભટ્ટે લીંબાયત ખાતે મીઠીખાડી, ડીંડોલી ખાતે ઉમિયાનગર અને ભેસ્તાન આવાસની પ્રત્યક્ષ મુલાકાત લઈ આ વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ કામગીરીની વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું અને આ વિસ્તારની જનતા દ્વારા કોરોના વાયરસની ગાઈડલાઈનનો અમલીકરણની માહિતી મેળવી જરૂરી સૂચના અને માર્ગદર્શન આપેલ છે.

વધુમાં બમરોલી વડોદ ખાતે આવેલ તિરૂપતિ સર્કલથી પરપ્રાંતીય શ્રમિકોને વતન જવા માટે કરવામાં આવેલ વ્યવસ્થાના ભાગરૂપે કોઈપણ શ્રમિકો કોરોના વાયરસનું સંક્રમણ લઈને પોતાના વતન ન જાય એ માટે સ્થળ પર શ્રમિકોનું થર્મલ ચેકિંગ અને સિટીલીંકની બસો દ્વારા શ્રમિકોને સ્ટેશન લઈ જવાની વ્યવસ્થા તથા કોરોના વાયરસના સંક્રમણની તકેદારીના ભાગરૂપે તમામ બસોને ડિસઈન્ફેક્શન કરવાની કામગીરીનું પણ નિરીક્ષણ કર્યું હતું. માન. ધારાસભ્ય ઝંખનાબેન પટેલ પણ સ્થળ પર ઉપસ્થિત રહી મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા હતા.

હયાતીની ખરાઈ માટે પેન્શનરો માટે સૂચના

નવસારી

જિલ્લા તિજારી કચેરી નવસારી મારફત બેદ્વક શાખામાંથી પેન્શન મેળતા હોય તેવા પેન્શનરોને જણાવવાનું કે, ગુજરાત સરકારના નાંણા વિભાગના ઠરાવના આધારે પેન્શનરોને વાર્ષિક હયાતીની ખરાઈ મે મહિનામાં કરાવવાને બદલે જુન મહિનામાં કરાવવામાં આવે છે. ઉપરાંત જે પેન્શનરો જુન મહિનમાં હયાતિની ખરાઈ ન કરાવી શકે તેઓ જુલાઈ અને ઓગષ્ટ મહિનામાં પણ હયાતિની ખરાઈ કરાવી શકે છે.

ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એક લાખ ફુડ પેકેટનું વિતરણ

લોકડાઉનના કપરા સમયમાં ટ્રસ્ટની ઉમદા સેવાભાવના

સુરત

શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરિટેબલ ટ્રસ્ટશ અને લક્ષ્મી ડાયમંડ દ્વારા કોરોનાની મહામારીમાં લોકડાઉન દરમિયાન તા.૨૬મી માર્ચ થી તા.૩૦મી એપ્રિલ વચ્ચે ગરીબો-વંચિતો અને શ્રમિકવર્ગના ૧,૦૭,૨૬૩ વ્યક્તિઓને ફૂડ પેકેટ વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરના લિંબાયત, પરવત પાટીયા, ઓલપાડ, સાયણ, લસકાણા, પુણા ગામ, લંબેહનુમાન રોડ, ભાઠેના, ઉધના ટેક્ષટાઈલ લેબર એરિયા, વેડરોડ, મોટા વરાછા, વાલક પાટીયા, વરાછા તથા સુરત શહેર અને જિલ્લાના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પ્રતિદિન સરેરાશ ૩૫૦૦થી વધુ ફૂડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવતી હતી.

આજે સમગ્ર વિશ્વ કોરોના મહામારીથી ત્રસ્ત છે, ત્યારે અત્યંત ગરીબ પરિવારની હાલત સૌથી વધારે કફોડી થઈ છે. હાલમાં ધંધા રોજગાર સ્થગિત થઈ ગયા છે. આવા સંજોગોમાં સુરતમાં લોકડાઉનની સ્થિતિમાં ઉમદા અને સરાહનીય કામગીરી કરતાં શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરિટેબલ ટ્રસ્ટટના સ્વયંસેવકો દ્વારા શ્રમિક પરિવારના ઘર સુધી જમવાનું પહોંચે તેવી ઉમદા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

સુરત ડાયમંડ એસોશિએશનને ગજેરા ટ્રસ્ટમ અને લક્ષ્મી ડાયમંડ દ્વારા ૨૫૦ ફૂડ કીટ આપવામાં આવી છે. તેમજ ભાઠેના ઉધના ટેક્ષટાઈલ લેબરને ૧૫૦૦ ફૂડ કીટ આપવામાં આવી હતી. સાથોસાથ ટ્રસ્ટ દ્વારા અમરેલી ખાતે ૩૦૦ બેડની રહેવા-જમવા સહિતની કોરેન્ટાઈન વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જ્યારે વલસાડ જિલ્લાના સરીગામ ખાતે લક્ષ્મી વિદ્યાપીઠમાં ૧૪૬ વ્યક્તિઓને આશ્રય આપી ત્રણ ટાઈમ જમવાનું અને નાસ્તો આપી લોકડાઉનના કપરા સમયમાં મદદરૂપ બની રહ્યા છે. આ જનસેવા માટે ગજેરા ટ્રસ્ટી દ્વારા કોઈપણ વ્યક્તિ કે સંસ્થા પાસેથી આર્થિક સહયોગ લેવામાં આવ્યો નથી. મોટી સંખ્યામાં ફૂડ પેકેટ તૈયાર કરવા માટે લક્ષ્મી ડાયમંડના કર્મચારીઓ સ્વયંસેવકની ભૂમિકા નિભાવી રહ્યા છે.

વિતરણ પૂર્વે અનાજના જથ્થાની તપાસ કરવી જરૂરી : દર્શન નાયક

ખેડૂત આગેવાને જિલ્લા કલેક્ટર સમક્ષ ફરિયાદ કરી

સુરત

સરકારી ગોડાઉનમાં અનાજ તથા કઠોળના પુરવઠાની ચકાસણી કરી તપાસ કરવા બાબતે ખેડૂત અગ્રણી દર્શન નાયકે જિલ્લા કલેક્ટરને કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, હાલ covid-19 વાઈરસની મહામારી ના કારણે સરકાર શ્રી દ્વારા BPL,PHH,અંત્યોદય,NSFA BPL તથા APL-1 ના રેશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે અનાજ તથા કઠોળનું વિતરણ કરવાની કામગીરી ચાલી રહેલ છે.

આ કામગીરીમાં એજન્સી અથવા ઈજારદાર દ્વારા અલગ અલગ જગ્યાએ અનાજનો તથા કઠોળનો જથ્થો મોકલી આપવાનું કામ કરવામાં આવે છે.આજ એજન્સીઓ અને ઈજારદાર દ્વારા અનાજ અને કઠોળનો પુરવઠો સુરતના ઓલપાડ, કીમ, માડવી, બારડોલી, મઢી, મહુવા, કડોદરા, રાંદેર, નવાગામ તથા સચિન મુકામે પહોચાડવામાં આવે છે.આ એજન્સીઓ કે ઈજારદાર દ્વાર જે અનાજ તથા કઠોળનો પુરવઠો સુરત જિલ્લાના ઓલપાડ, કીમ, માડવી, બારડોલી, મઢી, મહુવા, કડોદરા, રાંદેર, નવાગામ તથા સચિન મુકામે પહોચાડવામાં આવે છે તે જથ્થાની ગુણવત્તા સારી હોતી નથી અને સડેલો હોવાની મૌખિક તથા ટેલિફોનિક માધ્યમ દ્વારા અમોને ફરિયાદ મળેલ છે,તેમજ આ અનાજ અને કઠોળનો જથ્થો થેલી ઉપર જણાવેલ વજન કરતા ઓછું હોવાનું માલુમ થયેલ છે.જેમકે ૨૦ કિ.ગ્રા.ની અનાજની થેલીમાંથી ૧.૫ થી ૨ કિ.ગ્રા. જેટલું અનાજ ઓછું હોય છે.આ બંને બાબતો ખુબ જ ગંભીર પ્રકારની છે.તે ઉપરાંત આ અનાજ અને કઠોરનો જથ્થો જરૂરિયાતમંદ નાગરિકોને સમયસર પૂરો પાડવામાં આવી રહ્યો નથી.આ બાબતે તેમને ટેલીફોનિક સૂચના આપી સમયમર્યાદામાં જરૂરી મજૂરની વ્યવસ્થા કરી આ જથ્થો સમયસર પહોંચવા જણાવેલ હતું તેમ છતાં તેમના દ્વારા કોઈ સૂચનાનું પાલન કરવામાં આવી રહ્યું નથી.મજૂર ન મુકવાના કારણે નામદાર સરકારશ્રીના પ્રજાલક્ષી યોજનાને સુચારુ રીતે સંપન્ન કરવામાં અડચણ ઉભી થઈ રહી છે.જેના કારણે ગરીબ નાગરિકોને તકલીફ સહન કરવાનો વારો આવ્યો છે.

ડાંગ જિલ્લામાં પ્રથમ કોરોનાગ્રસ્ત દર્દી સ્વસ્થ બનતા અપાયેલી રજા

હોસ્પિટલમાં તાળીના ગડગડાટ સાથે દર્દીને વિદાય આપી

આહવા

ડાંગ જિલ્લા કોરોના વાઈરસ COVID ૧૯ ના સૌ પ્રથમ દર્દી સુબીર તાલુકાના લહાનઝાડદર ગામના પ્રિતિબેન સુરેશભાઈ કુંવરે કોરોનાને માત આપી સંપૂર્ણ સ્વસ્થ થતા આજરોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર,સુબીર ખાતેથી ભવ્ય વિદાઇ અપાઇ હતી. વૈશ્વિક મહામારીના સતત ભયના ઓથાર સાથે ૧૪ દિવસ બાદ ડાંગ જિલ્લા માટે આજરોજ ખુશીનો માહોલ બની ગયો હતો.

ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોરના સુચારૂ માર્ગદર્શન સાથે આરોગ્ય વિભાગ ખુબ જ સાવધાની રાખી કામ કરી રહયો છે. જિલ્લા મથક આહવા ખાતે COVID 19 ના પ્રથમ કેસ ધ્યાને આવતા જ તાત્કાલિક સુબીર આઈસોલેશન સેન્ટરમાં દર્દીને દાખલ કરી ડૉકટરોની બે ટીમ સતત ૨૪ કલાક કામ કરી રહી હતી.

સામુહિક આરોગ્ય કેન્દ્રના સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી ડૉ.સુરેશ પવારે જણાવ્યું હતું કે સૌપ્રથમ વાર જ્યારે અમારી પાસે કેસ આવ્યો ત્યારે થોડા સમય માટે અહી ભયનો માહોલ પણ સર્જાયો હતો. કોરોના વાઈરસના હાહાકાર થી સમગ્ર વિશ્વ ત્રસ્ત છે ત્યારે સ્વભાવિક જ છે કે અમારી ટીમ પણ ગભરાટ અનુભવતી પરંતુ અમારૂ કામ દર્દીઓને સાજા કરવાનું છે. કોરોના પોઝેટીવ દર્દીને સારા કરવાનું કામ પડકારજનક હતુ છતા અમારી ટીમે ખૂબ જ હિંમત રાખી સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ ખૂબ જ ઉત્સાહથી કામ કર્યું છે. દર્દીમાં કોરોનાને લગતા શરદી, ખાંસી, તાવ જેવા કોઈપણ લક્ષણો જણાયા નહી. ઉપરાંત દર્દીને કોઈ જ તકલીફ પણ ન પડી. આઈસોલેશન વોર્ડમાં ડોકટરોની બે ટીમ બનાવી દર્દી સાથે ૨૪ કલાક સાથે રહીને સાવધાનીપૂર્વક કામ કર્યું. આઈસોલેશન વોર્ડમાં ડોકટરોની ટીમ સિવાય કોઈને પણ જવાની મંજૂરી ન હતી.પેશન્ટના તમામ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમના ૧૪ દિવસ કવોરન્ટાઇન પુર્ણ થતા આજે રજા આપવામાં આવી છે.

આઈસોલેશન વોર્ડના ડૉ જિંકલ અને ડૉ.શૈલિકાએ જણાવ્યું હતું કે પ્રિતિબેનની ઈમ્યુનિટી સારી હતી જેથી કોઇ તકલીફ ન પડી અને જલ્દી સાજા થઇ ગયા.સ્ટાફ નર્સે લોકોને અપીલ કરતા જણાવ્યું હતું કે કોરોના વાઈરસને અટકાવવા કાળજી રાખીએ અને ઘરમાં જ રહીએ.

ડાંગના પ્રથમ કોરોના પોઝેટીવ દર્દી પ્રિતિબેને સરકારશ્રી અને આરોગ્ય વિભાગનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મને અહી ખુબ સારી સગવડ આપવામાં આવી હતી.સાઇકોલોજીકલ સેવા પણ મને ફોન પર આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગની ટીમે મારી સારસંભાળ રાખવા બદલ ખુશી વ્યક્ત કરૂં છું. કોરોના ની સારવારમાં પ્લાઝમા થેરાપી માટે હું ડોનર બનવા પણ તૈયાર છું.

માજી ધારાસભ્ય શ્રી મંગળભાઇ ગાવિતે જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વ કોરોના મહામારીમાં સપડાયું છે ત્યારે સંપુર્ણ આદિવાસી વિસ્તાર ધરાવતા અમારા ડાંગ જિલ્લામાં કોરોના વાઈરસનો કેસ આવતા જિલ્લા વહીવટીતંત્ર તથા આરોગ્ય વિભાગ દ્વારા ખુબ સારી કામગીરી કરવામાં આવી છે. ઉત્સાહી ડોકટરોએ ભારે જહેમત ઉઠાવી પ્રશંસનિય કામગીરી કરી છે. જે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

એ.સી.બી.પી.આઇ.શ્રી એ.વાય પટેલે સામુહિક આરોગ્ય વિભાગના ડોકટરો સહિતની ટીમને બિરદાવી હતી. વધુમાં સાહિત્યના આ કલાપ્રેમી પોલીસ અધિકારીએ કોરોના સામેના જંગમાં સામેલ થનાર વડાપ્રધાનથી લઇને તમામ લોકો માટે પોતાના કાવ્યની અદ્ભૂત રચના રજુ કરી સૌના દિલ જીતી લીધા હતા. કોરોના દર્દીના સાજા થઇ વિદાય આપવાની વેળાએ મામલતદારશ્રી એમ. એસ. માહલા,સુબીર પોલીસ ઈન્સ્પેકટર શ્રી રબારી,તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડૉ. શર્મા, ડૉ. પાઉલ વસાવા,ડૉ.બ્રિજેશ ગાઇન, ડૉ.જીતેશ કાકલોતર, ડૉ.મિતેશ કુનબી,પિન્કેશ પટેલ,અલ્કા ચૌધરી,સામુહિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફગણ સહિત લોકોએ તાળીઓના ગડગડાટથી દર્દીને વિદાઇ આપી હતી.

લોકડાઉનમાં નજીવા કારણે ઘર કંકાસ

પરિણીતા લાંબો સમય પિયરમાં ફોન પર વાત કરતા સાસરે ઝઘડો

મોબાઈલનો અતિરેક વિવાહિત જીવનમાં મુશ્કેલીરૂપ બની શકે છે

સુરત

મોબાઈલ ફોનનો અતિરેક સ્વાસ્થ્યની સાથે સાથે પારિવારિક જીવનને પણ કેટલીક હદ સુધી જોખમમાં મૂકી શકે છે, જેનું જીવતું જાગતું ઉદાહરણ સુરતના પારસ પાટિયા નજીકના વિસ્તારમાં બન્યો છે, જ્યાં એક પરીણિતા અને તેની સાસરિયાવાળા સાથે થયેલા વિખવાદના મૂળમાં નિર્જીવ મોબાઈલ ફોન હતો. પરીણિતાના વધુ પડતા મોબાઈલ વાર્તાલાપને કારણે સાસરીમાં ઝઘડાઓ શરૂ થયા હતા અને આજે ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મામલો અભયમ મહિલા હેલ્પલાઈન સુધી પહોંચ્યો હતો. અભયમે દરમિયાનગીરી કરી મામલો શાંત પાડયો હતો.

પારસ પાટિયા નજીક વિસ્તારમાં રહેતા મહેશભાઈ(નામ બદલ્યું છે)એ અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર કોલ કરી પોતાની વ્યથા જણાવી કે, લોકડાઉનમાં તેમની પત્ની બીનાબેન સતત પિયરમાં લાંબા સમય સુધી મોબાઈલમાં વાત કરતા રસોઈ, ઘરના રોજિંદા કામ અટવાઈ જતા હતા, અને આ બાબતના કારણે દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મોબાઈલના કારણે અવારનવાર થતાં ઝઘડાની રોજિંદી થઈ ગયેલી સમસ્યાનું નિરાકરણ લાવવા વિનંતી કરી હતી.

અભયમની રેસ્ક્યુ વાને રૂબરૂ જઈ તપાસ કરતાં જાણવા મળ્યું કે, 'મહેશભાઈના માતાને કેન્સરની બિમારી છે, અને તેમના પિતાને બ્લડપ્રેશરની સમસ્યા છે. બિમાર માતાપિતાને સમયસર દવા લેવાની હોઈ, નિશ્ચિત સમયે જમવું હિતાવહ છે. પરંતુ આ લોકડાઉનના સમયમાં તેમની પત્ની લાંબા સમય સુધી મોબાઈલ પર પોતાના પિયરમાં વાતો કરતી હતી, જેના લીધે ઘરના કામમાં અવ્યવસ્થા સર્જાતી હતી. પત્ની સાસુ સસરાને સમયસર જમવાનું આપવા તથા ઘરના જરૂરી કામમાં બેદરકાર બની લાંબા સમય સુધી મોબાઈલમાં વાત કરતી હતી. ઉપરાંત, આ ટેવના કારણે ઘરમાં બાળકોની પણ સારસંભાળ રાખતી ન હતી, જેથી તેમણે પત્નીને સમજાવવા પ્રયત્ન કર્યો પરંતુ પત્નીએ લોકડાઉનમાં પોતાના માતા-પિતા અને ભાઈની ચિંતા થતી હોઈ વારંવાર તેઓની સાથે વાતચીત કરે છે એમ જણાવ્યું હતું.

અભયમ સ્ટાફે બીનાબેનને કાઉન્સેલિંગ કરી સમજાવ્યું કે, પિયરમાં વાત કરવી જરૂરી છે, પરંતુ તેમણે જરૂર પૂરતી ટૂંકમાં વાત કરવી જોઈએ, અને દિવસમાં એક વખત પિયરમાં કોલ કરી સમાચાર જાણી લેવા જોઈએ. પોતાના સાસરિયા પ્રત્યેની જવાબદારીનું ભાન કરાવતા અભયમ ટીમે તેમને સમજાવ્યું કે, વધુ પડતી મોબાઈલમાં વાતચીત કરવાથી તમારા સાસુ-સસરા તથા બાળકોની યોગ્ય કાળજી લેવાતી નથી અને ઘરમાં અવ્યવસ્થા સર્જાવાથી ઝઘડાઓ થાય છે, જેથી નવરાશના સમયે ટૂંકમાં વાતચીત કરવી. પરિણીતાને પણ પોતાની ભૂલ સમજાઈ હતી.

અભયમે મહેશભાઈને પણ સમજાવ્યું હતું કે, લોકડાઉનના કપરા સમયમાં સ્વાભાવિક છે કે તેમની પત્નીને પોતાના માતા-પિતાની ચિંતા થાય. આમ સમયસર અને અસરકારક કાઉન્સેલિંગ કરતા મામલો શાંત પાડયો હતો અને એક પરિવારનો માળો તૂટતાં બચ્યો હતો. આમ, આજના યુગમાં મોબાઈલ એક ઉપયોગી સંસાધન છે, જેનો સમુચિત ઉપયોગ કરવો આવશ્યક છે. મોબાઈલમાં સદંતર વાતચીત ના કરવી કે વધુ પડતી વાતચીત કરવી બંને હાનિકારક છે. મોબાઈલનો સમજપૂર્વક ઉપયોગ કરવાથી પરિવારમાં વિખવાદ થતાં અટકાવી શકાય છે.

સુરત શહેરમાં ૦૫ ટકાથી ૪૬.૫ ટકા રિકવરી રેટ નોંધાયો : બંછાનિધિ પાની

નિયમનો ભંગ કરનાર દુકાનોનું લાયસન્સ રદ કરાશે

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈકાલે તા.૦૬ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં ગઈકાલે કોરોના વાયરસના કેસોમાં ૦૫ ટકા રેટમાંથી ૪૬.૫ ટકા રિકવરી રેટ થયો છે.

પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના લિંબાયત ઝોનમાંથી આજે ૧૮ કેસો મળી આવ્યા છે. કૂલ ૧૩૨૬૮ ટેસ્ટીંગ કર્યા છે. મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે આજની સ્થિતિએ ૧૪૧૬ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૩૭૫ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૮૪ લોકો છે. શાકભાજી, દુધ અને કરિયાણાની દુકાનમાંથી વધુ પ્રમાણમાં કેસો આજે મળેલા છે, જ્યારે દવાની દુકાનોમાંથી કોઈ પણ કેસો મળી આવ્યા નથી. જે વિસ્તારોમાં ૧૦ થી વધુ પોઝિટીવ કેસો આવ્યા છે, ત્યાં દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે કોઈ દુકાનદાર નિયમભંગ કરશે તેમનું ગુમાસ્તા લાઈસન્સ રદ્દ કરવામાં આવશે. તમામ શાકભાજીની દુકાનો અને લારીઓમાં ૨૫૦, ૫૦૦ ગ્રામ અને ૦૧ કિલોગ્રામના પેકેટ બનાવીને રાખી મુકવા જેથી ભીડ સર્જાવાની શક્યતા નહિવત રહે એમ તેમણે કહ્યું હતું.

હાલની પરિસ્થિતિમાં સ્લમ એરિયામાં ૩૪ ફિવર ક્લિનિક અને ૧૮૪ વોશ બેસિનનું આયોજન કરવામાં આવ્યુ છે. કોરોના જાગૃત્તિ અર્થે ૬૧ પ્રચાર ગાડી મુકવામાં આવી છે. કોરોના યોદ્ધા સમિતી દ્વારા લોકોને કોરોના વિશે સમજણ આપી સ્લમ વિસ્તારમાં વધુને વધુ ઉકાળા અને હોમિયોપેથી દવાનુ વિતરણ કરવામાં આવી રહ્યું છે. હોમિયોપેથી દવાથી રોગ પ્રતિકારક શક્તિ વધવામાં ખુબ જ સારૂ પરિણામ મળ્યુ છે.

શ્રી પાનીએ શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૪૧ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૭૪૨ અને જિલ્લાના ૪૧ મળીને કુલ ૭૮૩ કેસો નોંધાયા છે.

એશિયન પેઇન્ટસે હેન્ડ એન્ડ સેનીટાઇઝર કેટેગરીમાં ઝંપલાવ્યું

રોયલ હેલ્થ શિલ્ડ બજારમાં રજૂ

સુરત

ભારતની અગ્રણી પેઇન્ટ કંપની એશિયન પેઇન્ટ્સે હેન્ડ અને સર્ફેસ સેનીટાઇઝર્સની વીરોપ્રોટેક રેન્જના લોન્ચ સાથે સેનીટાઇઝર કેટેગરીમાં ઝંપલાવ્યું હોવાની જાહેરાત કરી છે.

એશિયન પેઇન્ટસે સરકારના કોવિડ-૧૯ રાહત તરફેના વિવિધ પગલાઓને ટેકો આપવા અને આ કસોટીના સમયમાં હેન્ડ અને સર્ફેસ સેનીટાઇઝેશનની ભારે જરૂરિયાતને પહોંચી વળવા માટે આ કેટેગરીમાં પ્રવેશ કર્યો છે. આ પ્રોડક્ટનું ઉત્પાદન કંપનીના ગુજરાતના અંક્લેશ્વર ખાતેના પ્રવર્તમાન પ્લાન્ટમાં દરેક જરૂરી મંજૂરીઓ અને સંમતિઓ પ્રાપ્ત કર્યા બાદ કરવામાં આવી રહ્યું છે. હેન્ડ અને સર્ફેસ સેનીટાઇઝર્સની વીરોપ્રોટેક રેન્જ ગુણવત્તાના ઉચ્ચ ધોરણોને અનુસરે છે અને તે વિવિધ પેક સાઇઝમાં ઉપલબ્ધ બનશે અને આસપાસની આરોગ્ય અને સ્વચ્છતાની વધી રહેલી ચિંતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ પ્રોડક્ટ્સ આગામી સપ્તાહથી બજારમાં ઉપલબ્ધ બનશે.

"એશિયન પેઇન્ટ્સ એક 'જવાબદાર અને સંભાળ રાખતી બ્રાન્ડ' હોવાથી હંમેશા સરકારના વિવિધ પ્રયત્નોમાં ટેકો આપવા માટે સક્રિય રહી છે અને આપણી આસપાસના સમાજને મદદ કરતી રહી છે. અમે આરોગ્ય અને સ્વચ્છતા ક્ષેત્રે થોડા સમય માટે કામ કરી રહ્યા છીએ અને અગાઉ એક ક્રાંતિકારી પ્રોડક્ટ રોયલ હેલ્થ શિલ્ડ બજારમાં મુકી હતી જે ગ્રાહકોને સ્વચ્છતા અને બેકટેરીયા સામે તેમના ઘરોમાં રક્ષણ મેળવવામાં મદદ કરે છે.

સુરતમાં એપીએલ-વન કાર્ડ ધારકોને વિનામૂલ્યે અનાજનું વિતરણ શરૂ

તા.૧૧'મી સુધી અનાજ વિતરણ ચાલુ રહેશે

સુરત

કોરોના વાયરસના સંક્રમણની સ્થિતિમાં લંબાવવામાં આવેલ લોકડાઉનના પગલે રાજ્ય સરકારે રાજ્યના APL-1 રેશનકાર્ડ ધરાવતા મધ્યમવર્ગીય પરિવારો પ્રત્યે સંવેદના દર્શાવીને લોકડાઉનમાં એપ્રિલ મહિનામાં અનાજ વિતરણ કરાયા બાદ મે મહિના માટે પણ સતત બીજીવાર વિનામૂલ્યે અનાજ વિતરણ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જે સંદર્ભે જિલ્લા કલેક્ટર ડો.ધવલ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા સુરત શહેર-જિલ્લાના ૫,૬૫,૩૬૦ લાખ નોન એન.એફ એસ.એ APL-1 કાર્ડધારકોને તા.૭ થી તા.૧૧ મી મે દરમિયાન વાજબી ભાવની દુકાનો પરથી રેશનકાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. ઘઉં., ૦૩ કિ.ગ્રા. ચોખા, ૦૧ કિ.ગ્રા.ખાંડ તથા ૦૧ કિ.ગ્રા. ચણા/ચણાદાળનું વિનામૂલ્યે વિતરણ શરૂ કરાયું છે.

કોરોના વાઈરસની પ્રવર્તમાન સ્થિતિમાં અનાજના વિતરણ દરમ્યાન સોશિયલ ડિસ્ટન્સ જળવાઇ રહે અને ભીડભાડ ન થાય તે માટે નોન એન.એફ.એસ.એ. APL-1 રેશનકાર્ડ ધારકો તબક્કાવાર રીતે વાજબી ભાવની દુકાનેથી અનાજનો જથ્થો મેળવી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ વિતરણ વ્યવસ્થા હેઠળ જે રેશનકાર્ડ ધારકોના રેશનકાર્ડનો છેલ્લો અંક ૧ અને ૨ છે, તેમને તા. ૭ મેના રોજ, રેશનકાર્ડનો છેલ્લો અંક ૩ અને ૪ હોય તેમને તા. ૮ મે, ૫ અને ૬ છેલ્લા અંક હોય તેમને તા. ૯ મે, ૭ અને ૮ છેલ્લા અંક હોય તેમને તા. ૧૦ મે તેમજ છેલ્લો અંક ૯ અને ૦ હોય તેવા રેશનકાર્ડધારકને તા. ૧૧ મે ના રોજ નિ:શુલ્ક અનાજ વિતરણ કરવામાં આવશે.

અનિવાર્ય સંજોગોમાં જે કાર્ડધારક પોતાના નિર્ધારિત દિવસે અનાજ મેળવી ન શક્યા હોય તો તેઓએ પછીના અન્ય દિવસે નહીં પણ સીધા જ તા.૧૨/૦૫/૨૦૨૦ ના દિવસે જ અનાજ આપવામાં આવશે. રેશનકાર્ડ ધારકોએ રેશન કાર્ડ અને ઓરિજનલ આધારકાર્ડ અને બોલપેન પણ સાથે લઇ જવાના રહેશે. રેશનકાર્ડ દીઠ એક જ વ્યક્તિએ અનાજ લેવા આવવાનું રહેશે. જથ્થો મેળવતા સમયે કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતું અટકાવવા માટે માસ્ક પહેરી સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવું ફરજિયાત છે.

સાધનસંપન્ન પરિવારો સમાજ સેવકની ભૂમિકા નિભાવી તેમના હિસ્સાનું અનાજ જતું કરે જેથી આ અનાજ જરૂરિયાતમંદોને ફાળવી શકાય એમ સુરત જિલ્લા પુરવઠા અધિકારીની યાદીમાં જણાવાયું છે.

સુરત શહેરમાં રાત્રિથી સાત દિવસ કરિયાણું અને શાકભાજીનું વેચાણ બંધ

કોરોના વાયરસનું સંક્રમણ રોકવા મ્યુનિ. કમિશનરે લીધેલો નિર્ણય : લોકો શાકભાજી ખરીદવા ઉમટી પડ્યા

સુરત

રાત્રે ૧૨ વાગ્યાથી સાત દિવસ માટે એપીએમસી માર્કેટ બંધ રખાશે, તેમજ સમગ્ર શહેરમાં શાકભાજીની દુકાનો-લારીવાળા પણ શાકભાજી વેચી શકશે નહીં. જેને કારણે આજે વહેલી સવારથી જ ઠેર-ઠેર શાકભાજીની દુકાનો અને લારીઓ ઉપર શાકભાજી ખરીદવા માટે લોકો ઉમટી પડ્યા છે.

અમદાવાદમાં કોરોના વાયરસની વકરતી ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત મનપા કમિશનર બચ્છાનિધિ પાનીએ તા.૯મીથી સુરત શહેરમાં એપીએમસી માર્કેટ અને શાકભાજી વેચાણ ઉપર સાત દિવસ માટે પ્રતિબંધ ફરમાવી દેતા આજે વહેલી સવારથી જ શાકભાજી ખરીદવા માટે લોકો ઉમટી પડ્યા હતા. ઠેર ઠેર શાકભાજી ખરીદવા માટે લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગનો છડેચોક ભંગ કર્યો હતો.

મનપા કમિ. બચ્છાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, આવતીકાલે સાંજ પછી રાત્રે ૧૨ વાગ્યા પછી સાતેક દિવસ માટે બંધ રાખવામાં આવશે. શાકભાજી વિક્રેતાઓમાં પણ પોઝિટિવ કેસો આવ્યા છે. એપીએમસીમાંથી ૧૦ કેસો મળ્યા છે.જેથી એપીએમસી માર્કેટ અને શાકભાજ વિક્રેતા દુકાનો, લારી બંધ રાખવાની સૂચના આપવામાં આવી છે. શાકભાજી ફેરિયામાંથી લોકો સુધી કોરોના વાયરસનો ચેપ વધુ પહોંચે છે. સંપૂર્ણપણે કોઈપણ રીતે એકપણ કેસમાં વધારો ન થાય તેની કાળજી રાખવામાં આવે છે.તમામ વિસ્તારોમાં શાકભાજીનું વેચાણ આવતીકાલે રાત્રે ૧૨ વાગ્યાથી સાત દિવસ માટે બંધ થઈ જશે.

ડૉ. આંબેડકર ઉત્થાન સંસ્થા દ્વારા જીવન જરૂરી સામગ્રીનું વિતરણ

ભરૂચમાં વિધવા મહિલાઓને સહાય વિતરીત કરાઈ

ભરૂચ

ભરૂચની ચંદુલાલ છાત્રાલય ખાતે અંકલેશ્વરની લુપીન કંપનીના સહયોગથી ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ઉત્થાન સંસ્થા દ્વારા ભરૂચમાં જરૂરિયાત મંદ વિધવા મહિલાઓને જીવન જરૂરિયાત સામગ્રીનું વિતરણ કરી માનવતા દાખવી હતી

વિશ્વમાં કોરોનાવાયરસ ની મહામારીને પગલે સમગ્ર ગુજરાત રાજ્યમાં લોક ડાઉન ચાલી રહ્યું છે લોક ડાઉનના કારણે રોજ લાવી રોજ ખાનારા લોકોની હાલત કફોડી બની રહી છે ત્યારે ભરૂચની ડોક્ટર બાબા સાહેબ આંબેડકર યુવા ઉત્થાન સંસ્થા ની રજૂઆતના પગલે અંકલેશ્વરની લુપીન કંપનીના સહયોગથી ભરૂચમાં જરૂરિયાત મંદ વિધવા મહિલાઓને વિવિધ જીવન જરૂરિયાત સામગ્રીઓની કીટો બનાવી જરૂરિયાત મંદ લોકો ને ભરૂચની ચંદુલાલ છાત્રાલય ખાતેથી વિતરણ કરી વિધવા મહિલાઓને મદદરૂપ થયા હતા ભરૂચ ના ડૉ. બાબાસાહેબ આંબેડકર યુવા ઉત્થાન સંસ્થા દ્વારા તથા લુપીન લિમીટેડ ના લુપીન ફાઉન્ડેશન ના સૌજન્યથી ગરીબ વિધવા તથા જરૂરિયાત લોકોને જીવન જરૂરિયાત સામગ્રી ની કીટ આજરોજ ચંદુલાલ દેસાઈ છાત્રાલય ખાતે સંસ્થા ના પ્રમુખ પરેશભાઈ મેવાડા, લુપીન લિમીટેડ ના અશ્વિનભાઈ જોષી, બામસેફ ના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ બહેચરભાઈ રાઠોડ, કોંગ્રેસ મહિલા આગેવાન ધ્રુતાબેન રાવલ, નીતાબેન બારશાખ વાલા, વૈશાલી ગડરીયા, નટવરલાલ પરમાર, સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ચીખલીના કાંગવઈ ગામે રોગ પ્રતિકારક શક્તિવર્ધક ઉકાળો પીવડાવામાં આવ્યો

ચીખલી







હાલમાં આખા વિશ્વમાં ચાલી રહેલા નોવેલ કોરોના વાઇરસની મહામારીને લઈને આજરોજ કાંગવઈ ગામે નિયામક આયુષ કચેરી ગાંધીનગર અને જિલ્લા આયુર્વેદિક અધીકારી નવસારી માર્ગદર્શન હેઠળ અને ગામના સરપંચ જયવદન નટુભાઈ પટેલ અને આરોગ્ય વિભાગ ના વૈદ્ય મયુર કુમાર એસ વાઘ, બોડવાંક અને વૈદ્ય માલતી બેન કે પટેલ, સુરખાઈ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વર્ધક અને કોરોના સામે રક્ષણ મેળવવા માટે ઉકાળો બનાવામાં આવ્યો હતો અને ગામના લોકોને પીવડવામાં આવ્યો. જેમાં વૈદ્ય મયુરકુમાર એસ વાઘ દ્વારા લોકો ને નોવેલ કોરોના રોગ સામે બચવાના ઉપાયો વિશેની વિસ્તૃત માહિતી આપવમાં આવી હતી અને સોસિયલ ડિસ્ટન્સીગ રાખવાનો અને વારંવાર સાબુથી હાથ ધોવા અને ઘર માં રહો સ્વસ્થ રહો અને સુરક્ષિત રહેવાની અપીલ કરી હતી.ગામ ના સરપંચ જયવદન નટુ ભાઈ પટેલ તથા તલાટી પરબતભાઈ સી ચરમટા અને પંચાયત ના સભ્યોની ટીમ હાજર રહી હતી. અને ગામના યુવાટીમની મદદ થી દરેક ફળીયા માં ઘરે ઘરે જાય ને ઉકાળા નું વિતરણ કરવામાં આવ્યું હતું.

તા.૧૦'મી સુધી ડુંગરી, આસુરા અને દહેરી કન્ટેઈનમેન્ટ ઝોનનો અમલ

કન્ટેઈન્મેન્ટ અને બફર ઝોન અંગે પ્રતિબંધક હુકમ

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના દહેરી ગામ, વલસાડ તાલુકાના ડુંગરી ગામ તેમજ ધરમપુર તાલુકાના આસુરા ગામમાં કોરોના પોઝીટીવ કેસ જણાતાં આ વાઇરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે જિલ્લા મેજિસ્ટ્રે ટ સી.આર.ખરસાણે એપેડેમીક ડીસીઝ એકટ અન્વયે મળેલી સત્તાની રૂએ તા.૩/૫/૨૦૨૦ સુધી કેટલાક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો હતો. જે હવે તા.૧૭/૫/૨૦૨૦ સુધી નીચે મુજબની વિગતે અમલી રહેશે.

જે અનુસાર ઉમરગામ તાલુકાના દહેરી, ધરમપુર તાલુકાના આસુરા તેમજ વલસાડ તાલુકાના ડુંગરી ગ્રામ પંચાયતના તમામ વિસ્તારને કલસ્ટર કન્ટાઈનમેન્ટસ એરીયા તરીકે જાહેર કરવામાં આવ્યો છે. કન્ટાઈનમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ ઓ.પી.ડી. અને મેડીકલ કલીનીક ચાલુ કરી શકાશે નહીં. આ વિસ્તારોમાં તમામ પ્રકારની અવરજવર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વગેરે આવશ્યક ચીજવસ્તુઓ તંત્ર દ્વારા હોમ ડીલીવરીથી તેમના ઘરે પૂરા પાડવામાં આવશે.

જ્યારે ઉમરગામ તાલુકાના ઉમરગામ સીટી, હુમરણ, દહાડ, કરમબેલ, સોળસુંબા અને પલગામનો તમામ વિસ્તારર ધરમપુર તાલુકાના ધરમપુર સીટીના મચ્છી માર્કેટ, આસુરા ઝાંપા રોડ, કાનજી ફળિયું, વાલોડ ફળિયુંનો તમામ વિસ્તાર જ્યા વલસાડ તાલુકાના ધરાસણા, ઉમરસાડી, શંકરતળાવ, રોલા, જેસપોર અને ઊંટડી ગામના તમામ વિસ્તા રોને બફર ઝોનમાં સમાવેશ કરાયો છે.

ઉક્તો બફર ઝોનમાં આવતા ગામની હદ નક્કી કરીને અવરજવર ઉપર નિયંત્રણ રાખવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે ગામની હદની અંદર માત્ર સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાક સુધી સોશિયલ ડિસ્ટંન્સીગના ચુસ્તપણે પાલન કરવાની શરત સાથે મુક્તિ આપવામાં આવે છે. આ સમય દરમિયાન દ્વિચક્રિય વાહન ઉપર એક વ્યક્તિ અને ત્રણ/ ચાર ચક્રીય વાહનમાં ત્રણ થી વધુ વ્યક્તિઓ પ્રવાસ કરી શકશે નહીં.

આ હુકમ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્યત સરકારી અને અર્ધ સરકારી, ખાનગી દવાખાના સ્ટાફ તથા ઇમરજન્સી સેવા સાથે સંકળાયેલા વ્યક્તિા કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના અગાઉ ઇસ્યુ કરેલા હુકમોથી જાહેર કરવામાં આવેલ આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારી દ્વારા પાસ ઇસ્યુ કરવામાં આવ્યા છે તેઓ તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કરના વ્યક્તિ ભારતીય દંડ સંહિતા તેમજ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઇ મુજબ સજાને પાત્ર થશે.

બે દિવસ સેફ ડિપોઝિટ વોલ્ટ ખોલી શકાશે

સુરત

સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ બાબુભાઈ કથીરિયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, દરેક સેફ ડિપોઝિટ વોલ્ટના માલિકોને જણાવવાનું કે તા. ૦૮-૦૫-૨૦૨૦ થી ૦૯-૦૫-૨૦૨૦ એમ બે દિવસ માટે બપોરે ૧૦:૦૦ થી ૨:૦૦ સેફ ખોલવા માટેની કલેકટરશ્રી તરફ થી મંજૂરી મળેલ છે. જો આપને એક દિવસની જરૂરિયાત જણાતી હોય એક દિવસ માટે ખોલી શકો છો, બે દિવસ જણાય તો બે દિવસ માટે ખોલી શકો છો . પરંતુ જો આપને ખોલવાની જરૂરિયાત ન જણાતી હોય તો સેફ ખોલવા નહિ. જો આપ એક દિવસ અથવા બે દિવસ સેફ ખોલવા માંગતા હો તો આપના સભ્યોને મેસેજ કરી જાણ કરવાની રહેશે.

ખેડૂત સહાય યોજના મુદ્દતમાં વધારો થયો

વલસાડ

વલસાડ જિલ્લામાં બાગાયતી ખેતી કરતા તમામ ખેડૂતો ૨૦૨૦-૨૧ના વર્ષમાં બાગાયત ખાતાની વિવિધ યોજનાઓમાં લાભ લેવા માટે તા.૩૧/૫/૨૦૨૦ સુધી આઇ-ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરી શકશે. ઓનલાઇન અરજી કરી તેની પ્રિન્ટી સાથે જરૂરી સાધનિક દસ્તાવેજો જેવા કે આધારકાર્ડ, ૭/૧૨ અને ૮-અની નકલ તેમજ બેંકની વિગતો સાથે નાયબ બાગાયત નિયામકશ્રી, જિલ્લા સેવાસદન-૧, પહેલા માળે, ધરમપુર રોડ, વલસાડને રજૂ કરવા જણાવાયું છે.

ગરબા ક્લાસીસમાં પ્રેમ થયો,પ્રેમીએ અંગતપળની તસ્વીરો ક્લિર કરી બ્લેકમેલ કરી

સુરત

સુરતમાં એક યુવતી તરફથી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદ પ્રમાણે ગરબા ક્લાસીસ દરમિયાન તેણીને એક યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. જે બાદમાં તેના પ્રેમીએ તેની સાથે ગાડીમાં શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ દરમિયાન તેના પ્રેમીએ તેની તસવીરો ક્લિક કરી લીધી હતી. જોકે, બાદમાં આ યુવતીએ તેની સાથે સંબંધ તોડી નાખ્યો હતો. જે બાદમાં યુવકે તેણીને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. આ મામલે યુવતીએ માજી કોર્પોરેટરના પુત્ર સામે ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી છે.

કોરોનાને પગલે હાલ લૉકડાઉન ચાલી રહ્યું છે ત્યારે સુરતમાં એક યુવતીએ શારીરિક શોષણની ફરિયાદ આપી છે. સુરતમાં એક યુવતીએ તેના પૂર્વ પ્રેમી સામે હેરાન કરવાની તેમજ બ્લેકમેઇલ કરવાની ફરિયાદ આપી છે. સુરતના સિટીલાઈટ વિસ્તારમાં રહેતા રાજસ્થાની પરિવારની યુવતી ૨૦૧૫માં ઘોડદોડ રોડ ઉપર સૂર્યકિરણ કોમ્પલેક્સમાં ચાલતા ક્લાસિસમાં ગરબા શીખવા જતી હતી.

બંને વચ્ચે પ્રેમ થઈ જતાં તેઓ વારંવાર ધવલની કારમાં ડુમસ રોડ ઉપર ફરવા જવા માંડ્યા હતા. તે દરમિયાન બંનેએ કારમાં શારીરિક સંબંધ પણ બાંધ્યા હતા. ધવલે પોતાના મોબાઈલ ફોનમાં બંનેની અંગત પળના ફોટા પાડી લીધા હતા.

ધવલ આ ફોટો વાયરલ કરી દેવાની ધમકી આપી છેલ્લાં ચાર વર્ષથી મહિલાને શારીરિક સંબંધ બાંધવા માટે દબાણ કરતો હતો. આ મામલે યુવતીએ આખરા કંટાળીને ધવલ વિરુદ્ધ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ધવલ પૂર્વ કોર્પોરેટરનો દીકરો હોવાનું માલુમ પડ્યું છે. પોલીસે આ મામલે યુવત વિરુદ્ધ ગુનો નોંધીને તેની ધરપકડ કરવાના પ્રયાસો શરૂ કર્યા છે.

દરેક સમસ્યાનું સમાધાન સમગ્ર યોગમાં સમાયેલું છે : સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી

સમર્પણ ધ્યાનયોગની ઓનલાઈન શિબિરમાં અંદાજિત ૫ લાખથી વધારે લોકો જોડાયા

નવસારી

હાલમાં સમગ્ર દેશ કોરોના મહામારીને કારણે લોકડાઉનમાં છે ત્યારે લોકોને ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા હરરોજ ધ્યાન અને યોગ કરવાની સલાહ આપી છે, ત્યારે સમગ્ર વિશ્વના ૨૯ દેશમાં ફેલાયેલ સમર્પણ ધ્યાનયોગના પ્રણેતા સદગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની પ્રેરણાથી બુદ્ધ પૂર્ણિમાના પાવન દિવસે પ્રભાતે ઓનલાઈન ધ્યાનશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારત સહિત સમગ્ર વિશ્વમાંથી અંદાજિત ૫ લાખથી વધારે લોકો જોડાયા હતા. સમગ્ર શિબિરનું ૧૪ જેટલી TV ચેનલોના માધ્યમથી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં પ્રવચનની શરૂઆત ભગવાન બુદ્ધની માર્મિક કથા વડે કર્યા બાદ પૂજ્ય સ્વામીજીએ પરમાત્મા અંગે સમજાવ્યું કે પરમાત્મા કોઈ શરીર હોઈ જ ન શકે, એ કાલે પણ હતા, આજે પણ છે અને કાલે પણ રહેશે. અંતર્મુખી થવાથી પરમાત્મા પ્રાપ્ત થઈ શકે. અંતર્મુખી થવામાં સદ્‌ગુરુની ભૂમિકા સમજાવતાં કહ્યું કે જેમ



- જેમ શરીરને મજબૂત કરવા કસરત જરૂરી છે, તેમ આત્માને સશક્ત કરવા ધ્યાન જરૂરી છે
- દરેક મનુષ્ય સમાન છે. ભીતરથી મનુષ્યતાને જગાડો : સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી
- યોગાસન યોગનું કેવળ એક અંગ છે, સમગ્ર યોગનું ક્ષેત્ર વિશાળ છે

બેંકના લોકરમાં રહેલા આપણાં જ ઘરેણાંને લેવા માટે આપણી ચાવી ઉપરાંત બેંકની ચાવી પણ જરૂરી છે, તેમ સદ્‌ગુરુના આગમન પછી અંતર્મુખી થઈ શકાય.

તમામ સમસ્યાઓનું મૂળ શરીરભાવ છે અને એના નિરાકરણ માટે આત્મભાવ વધારવા પર ભાર મૂકતાં પૂજ્ય સ્વામીજીએ કહ્યું કે તમામ સમસ્યાઓનું સમાધાન સમગ્ર યોગમાં સમાયેલુ છે. યોગ એટલે યોગાસન નહીં પણ અષ્ટાંગ યોગનું કેવળ એક અંગ યોગાસન છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ અંગે વિસ્તૃત રૂપે અત્યંત સરળ રીતે સમજ આપી. યમ - ખરાબ કર્મો છોડવાં, નિયમ - સારાં કાર્યો કરવાનો નિયમ બનાવવો, આ બંનેમાં 'હું' વિદ્યમાન રહે છે. શરીરને સ્વસ્થ રાખવા માટે આસન તથા શ્વાસ-પ્રશ્વાસને સંતુલિત કરવા - જીવનની ખરાબ આદતોના ત્યાગથી પ્રત્યાહાર અને મનને એકાગ્ર કરવામાં ધારણા - આ તમામમાં પણ શરીરભાવ વિદ્યમાન હોય છે. આગળ જો લાગે તો ધ્યાન પરંતુ નિર્વિચાર સ્થિતિ એ ધ્યાનની શરૂઆત છે, ત્યાર પછી સમાધિ આવે છે. યોગના ક્ષેત્રમાં યોગાસનથી આગળ વધવા માટે ખૂબ ભાર મૂકતાં કહ્યું. સમર્પણ ધ્યાનયોગની વિશેષતા સમજાવી કે એમાં અનાયાસે સમસ્ત અષ્ટાંગ યોગના લાભ મળી શકે છે. નિર્વિચારિતાથી ધ્યાનમાં જવાય છે અને આ અવસ્થા નિયમિત અભ્યાસ વડે સંભવ બની શકે છે.

પૂજ્ય સ્વામીજીએ આગળ જણાવ્યું કે આજે સમગ્ર વિશ્વમાં કોરોના વાઇરસના કારણે મહામારી ફેલાયેલી છે ત્યારે પરમાત્મા એક સંદેશ આપે છે કે તેના માટે દરેક મનુષ્ય એક સમાન છે કારણ કે આજે જાતિ, ધર્મ, લિંગ, દેશના ભેદભાવ વગર દરેક મનુષ્યને આ મહામારીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે સમય છે મનુષ્યમાં રહેલી મનુષ્યતા જગાડવાનો.

આજે જ્યારે બહારના પરમાત્માના બધાં દ્વાર બંધ છે ત્યારે પોતાની ભીતર રહેલા પરમાત્માને ઓળખવાનો સમય છે. સમર્પણ ધ્યાનયોગ અંતર્મુખી યાત્રા માટે સરળ માર્ગ છે. ઘરમાં પરિવાર સાથે રહીને સમર્પણ ધ્યાન દ્વારા શરીરભાવ રહિત અસ્તિત્વ બનાવવા અને દરરોજ "મૈં એક પવિત્ર આત્મા હૂં, મૈં એક શુદ્ધ આત્મા હૂં" મંત્ર દ્વારા ૩૦ મિનિટ એમ કુલ ૪૫ દિવસ સુધી ધ્યાન કરવા પ્રેરિત કર્યા તથા ધ્યાન પણ કરાવ્યું હતું.

સમગ્ર આયોજનને સફળ બનાવવામાં શ્રી અનુરાગભાઈ, શ્રી અમ્બરીષભાઈ તથા સમર્પણ ધ્યાનયોગની આઈ. ટી. ટિમ અને સમર્પણ આશ્રમ, દાંડીના સેવાધારીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ચોર્યાસી તાલુકા બ્રાંચ સુરત અને સક્ષમ સુરત દ્વારા ઓટોમેટીક સેનીટાઈજર મશીનનું લોકાર્પણ કરાયું



સુરત શહેરના પૂર્વ મેયર અસ્મીતાબેન શિરોયા અને દેવેન્દ્રભાઈ શિરોયા પિજન ઈન્ડિયા લિમિટેડના સહયોગથી ઓટોમેટીક સેનીટાઈજર મશીન અનુદાન પેટે આપવામાં આવ્યું.આજ રોજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ચોર્યાસી તાલુકા બ્રાંચ સુરત અને સક્ષમ સુરતના ડો. પ્રફુલભાઈ શિરોયા દ્વારા લાભેશ્વર, લંબેહનુમાન રોડ, વરાછા, સુરત ખાતે કાર્યરત જલારામ અન્નક્ષેત્ર ખાતે રોજ આશરે ૧૦૦૦૦ જેટલા ભોજન લેવા આવતા લોકો માટે ઓટોમેટીક સેનીટેશન મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અન્નક્ષેત્રમાં ભોજન લેવા આવતા તમામ લોકોનું સંપૂર્ણ સેનિટેશન થઈ શકે તેવું મશીન તેમજ સેનિટેશન ચેમ્બર વ્યવસ્થા કરવામાં આવી છે.

આ સેનીટેશનનું મેનજમેન્ટ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાંચ સુરત અને સક્ષમ સુરત દ્વારા કરવામાં આવી રહ્યું છે. કોરોના મહામારી સંદર્ભે લોકડાઉનની સ્થિતિ છે ત્યારે જલારામ અન્નક્ષેત્ર દ્વારા દરિદ્રનારાયણને રોજના બે વખત ૫૦૦૦-૫૦૦૦ લોકો માટે ભોજનનો સેવાયજ્ઞ ચાલી રહ્યો છે જેમાં વનમાળી કાકા, હિંમતભાઈ, ભાવેશભાઈ, ધીરુભાઈ, ઋષિભાઈ, ચેતનભાઈ,દીપક દાવડા, અનીલભાઈ સોજીત્રા, દિપેશભાઈ, હરિભાઈ જેવા જલારામ ભક્તો દ્વારા અવિરત ચાલતી આ સેવામાં સિંહફાળો રહ્યો છે. આજ રોજ આ સેવા કાર્યમાં રેડ ક્રોસ સંસ્થા વતી પ્રમુખ ડો. પ્રફુલભાઈ શિરોયા, ડાયરેક્ટર નિલેશ વેજપરા, યુથ રેડ ક્રોસના ડો.ભાવિન શિરોયા અને સ્વયંસેવક હિરેન ગજેરા(HIV પ્રોજેકટ મેનેજર)દ્વારા સેનીટેશન ટનલની વ્યવસ્થા, સામાજિક અંતર જળવાય રહે તે બાબતનું વ્યવસ્થાપન કરવામાં આવ્યું હતું.તેમજ રેડક્રોસ ટીમ દ્વારા આજનું ભોજન પીરસવામાં આવ્યું હતું.તેમજ ડો. પ્રફુલભાઈ શિરોયા દ્વારા જલારામ અન્નક્ષેત્રમાં કાર્યરત સ્વયંસેવકોને વિટામીન સી યુક્ત રોગ પ્રતિકારક શક્તિ વર્ધક પીણાનું વિતરણ કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. રેડક્રોસ દ્વારા અન્નક્ષેત્રમાં કાર્યરત સ્વયંસેવકોની રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે તેમને હોમિયોપથીક દવાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લાના નોન એનએફએસએ એપીએલ-૧ કાર્ડધારકોને વિનામૂલ્યે રાશન સામગ્રી વિતરણ કરાશે

વલસાડ

વલસાડ જિલ્લાના નોન એ ન.એ ફ.એ સ.એ. એપીએલ-૧ કાર્ડધારકોને તા.૭ થી ૧૧મી મે, ૨૦૨૦ના દરમિયાન જિલ્લા કલેક્ટર સી.આર.ખરસાણના માર્ગદર્શન હેઠળ વાજબી ભાવની દુકાનેથી રાશન સામગ્રી વિતરણ વ્યવસ્થાનું આયોજન કરાયું છે. જિલ્લા પુરવઠાતંત્ર દ્વારા રેશનકાર્ડદીઠ ૧૦ કિ.ગ્રા. ઘઉં, ૩ કિ.ગ્રા. ચોખા, એક કિ.ગ્રા. ખાંડ તથા એક કિગ્રા ચણા/ચણા દાળ (નાફેડ) નું વિનામૂલ્યે વિતરણ કરાશે. આ વિતરણ સરળતાથી થાય અને વધુ ભીડ એકત્ર ન થાય તે હેતુસર રેશનકાર્ડ નંબરના છેલ્લા અંક પ્રમાણે તારીખવાર સંબંધિત રેશનકાર્ડધારકોને રાશન વિતરણ કરાશે. રેશનકાર્ડ ધારકોએ જે તે તારીખ મુજબ જ તેમને મળવાપાત્ર અનાજનો જથ્થો વાજબી ભાવની દુકાનેથી મેળવી લેવાનો રહેશે.

જે અનુસાર રેશનકાર્ડ નંબરનો છેલ્લો અંક ૧ અથવા ૨ હોય તેવા કાર્ડધારકોએ તા.૦૭/૦૫/૨૦૨૦ના રોજ, રેશનકાર્ડ નંબરનો છેલ્લો અંક ૩ અથવા ૪ હોય તેવા કાર્ડધારકોએ તા.૦૮/૦૫/૨૦૨૦ના રોજ, રેશનકાર્ડ નંબરનો છેલ્લો અંક ૫ અથવા ૬ હોય તેવા કાર્ડધારકોએ તા.૦૯/૦૫/૨૦૨૦ના રોજ, રેશનકાર્ડ નંબરનો છેલ્લો અંક ૭ અથવા ૮ હોય તેવા કાર્ડધારકોએ તા.૧૦/૦૫/૨૦૨૦ના રોજ તેમજ રેશનકાર્ડ નંબરનો છેલ્લો અંક ૯ અથવા ૦ હોય તેવા કાર્ડધારકોએ તા.૧૧/૦૫/૨૦૨૦ના રોજ પોતાને મળવાપાત્ર રાશનનો જથ્થોડ મેળવવાનો રહેશે. જે કાર્ડધારકો ઉક્તો તારીખો દરમિયાન પોતાનો જથ્થો મેળવી ન શકે તે તેઓએ તા.૧૨/૦૫/૨૦૨૦ના રોજ જવાનું રહેશે.

આ જથ્થો મેળવવા માટે રેશનકાર્ડ દીઠ એક જ વ્યક્તિએ આવવા તેમજ રેશનકાર્ડ અને આધારકાર્ડ બિનચૂક સાથે લાવવાના રહેશે. જથ્થો મેળવતી વખતે કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો રોકવા માટે સોશિયલ ડીસ્ટન્સના નિયમોનું ચુસ્ત પણે પાલન કરવા, મોઢું માસ્ક, રૂમાલ અથવા દુપટ્ટાથી ઢાંકવાના રહેશે.

ઉબેર ગુજરાતમાં રૂ. ૨૦ લાખની મુલ્યની રાઈડસ મફત કરાવશે

હેલ્થકેર વર્કસને ઉબેર મદદ કરશે

સુરત

ઉબરે આપાતકાલીન સેવાઓ માટે આજે ગુજરાત સરકારને રૂ. ૨૦ લાખના મૂલ્યની રાઈડ્સ વિનામૂલ્યે ઓફર કરી છે, જે તાજેતરમાં લોન્ચ કરાયેલા ઉબરમેડિલ સર્વિસ મારફતે અમદાવાદ, સુરત અને વડોદરામાં ફ્રન્ટલાઈન હેલ્થકેર વર્કર્સ અને નોન-કોવિડ દર્દીઓનું પરિવહન કરશે.

આ ઓફર ઉપરાંત ઉબરે ત્રણ શહેરોમાં આરોગ્ય કમીશનરની કચેરી સાથે ભાગીદારી કરીને કુલ ૬૦ ઉબરમેડિક કાર્સ ગોઠવી છે, જેથી વિવિધ સરકારી હોસ્પિટલ્સ સાથેના સંકલનથી આરોગ્યકર્મીઓ અને નોન-કોવિડ દર્દીઓનું વિનામૂલ્ય પરિવહન કરી શકાય. વધુમાં સલામતી અને સ્વચ્છતાના ધોરણોનું પાલન કરવા તમામ ડ્રાઈવર્સને સલામતી પ્રક્રિયાની તાલીમ તેમજ માસ્ક, ગ્લોવ્ઝ, સેનિટાઈઝર્સ અને ડિસઈન્ફેક્ટન્ટ્સ જેવાં પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ પૂરાં પડાઈ રહ્યાં છે, જેથી રાઈડ્સ દરમિયાન કાર્સને સેનિટાઈઝ કરી શકાય. ગુજરાત સરકારને સહયોગ કરવા વિનામૂલ્યે રાઈડ્સ ઉબરના સીઈઓ દારા ખોસરોશાહી દ્વારા તાજેતરમાં આરોગ્યકર્મીઓ, વરિષ્ઠો અને જરૂરિયાતમંદ લોકો માટે વિનામૂલ્યે ૧૦ મિલિયન રાઈડ્સ અને ફુડ ડિલિવરી કરવાની જાહેરાતની વૈશ્વિક કટીબદ્ધતાનો હિસ્સો છે.

નિરંકારી ભક્ત રક્તદાન કરી બન્યા કોરોના યોદ્ધા

જરૂરીયાતમંદો માટે ભોજન સેવા યજ્ઞ પણ શરૂ કરાયો

સુરત

કોરોના મહામારી સંકટના સમયે દરેક લોકડાઉનના કારણે ઘરથી બહાર નથી નીકળી રહ્યા એવામાં નિરંકારી ભક્ત પોતાની પરવાહ કર્યા વિના જરૂરિયાતમંદ દર્દીઓનો જીવ બચાવવા રક્તદાન માટે આગળ આવ્યા.

સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા આયોજિત રક્તદાન શિબિરમાં ૨૭ નિરંકારી ભક્તો દ્વારા રક્તદાન કરી કોરોના યોદ્ધાઓમાં સમાવેશ કરવામાં આવ્યો.

દક્ષિણ ગુજરાતના પ્રભારી શ્રી ઓંકાર સિંહ જી એ જણાવ્યું કે સદ્‌ગુરુ માતા સુદીક્ષા જી મહારાજના આશીર્વાદથી નિરંકારી ભક્તોએ સરકારી દિશા-નિર્દેશ તથા સોશીયલ ડિસ્ટનસનું પાલન કરતા કોરોના મહામારીની હાલત માં પણ માનવ રક્ષા માટે સમર્પણ ભાવ સાથે સ્વૈચ્છએ ઉત્સાહિત થઈ રક્તદાન કર્યું.

વોલ્યુંટરી બ્લડ બેંક સ્મીમેર હોસ્પિટલના વરિષ્ઠ ચિકિત્સા અધિકારી ડૉ.યોહાન ગામીતના નૈતૃત્વ હેઠળ ૮ સદસ્ય ચિકિત્સક ની ટીમ એ ૨૭ યુનિટ રક્ત બ્લડ બેંક માટે એકત્રિત કર્યું.

નિરંકારી ભક્ત ૭૦૦ લોકો ને રાંધેલું ભોજન ખવડાવી રહ્યા છે.

સુરત મહાનગર પાલિકાના આગ્રહથી સંત નિરંકારી મિશનની સ્થાનીય બ્રાન્ચ દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત ક્રમાંક ૨૫૭ ડિંડોલી સ્કુલ માં ૧૭ મે સુધી ખાવાનું બનાવી રોજિંદા મજૂરોને ખવડાવવાની સેવા શરૂ કરવામાં આવી છે.

સુરત ઝોનના ઝોનલ ઈન્ચાર્જ શ્રી ઓંકાર સિંહ જી એ જણાવ્યું કે લગભગ ૧૨ નિરંકારી સેવાદળ ભક્તો દ્વારા લગભગ ૭૦૦ થી ૯૦૦ લોકોનું ભોજન બનાવવામાં આવી રહ્યું છે જે રોજ સાંજે ડિંડોલીમાં અલગ અલગ શહેરો થી આવેલા રોજિંદા મજૂરો અને જરૂરિયાતમંદ લોકોને પીરસવામાં આવી રહ્યું છે.

તેમણે જણાવ્યું કે ખાવાનું બનાવતી અને પીરસતી વખતે સાફ સફાઈ અને સ્વચ્છતાની સાથે સાથે સોશીયલ ડિસ્ટન્સનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. સુરત મહાનગર પાલિકાના નાયબ કાર્યપાલક ઈજનેર લિંબાયત ઝોન શ્રી દિપકભાઈ ચૌધરી તથા સ્કુલ ના આચાર્ય સનેહલબેન પટેલ એ નિરંકારી ભક્તોના આ સેવાભાવ ની પ્રશંસા કરતા કહ્યું કે નિરંકારી ભક્ત પરોપકારનું કાર્ય કરી રહ્યા છે અને રોજ ભૂખ્યાને ભોજન કરાવી રહ્યા છે.

નવસારીમાં લોકડાઉનના ભંગ અંગે ૧૨૪ લોકોની ધરપકડ

પોલીસે ૮૨ વાહનો પણ જપ્ત કર્યા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૦૫/૦૫/૨૦૨૦ ના રોજ પોલીસ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૧૦૬ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૨૪ ની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૮૨ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તા. ૦૫ મે સુધીમાં કુલ ૭૭૬૧ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૮૫૬૧ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવે છે.

સુરત જિલ્લામાં કુલ ૪૧ કેસ પૈકીના ૧૩ દર્દીઓ ડિસ્ચાર્જ

ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૮૬૬ લોકો હોમ કોરોન્ટાઈનમાં

સુરત

સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૪૦ હતી, જેમાં ૦૧ કેસનો વધારો થવાથી આજે કુલ ૪૧ કોરોના પોઝિટીવ કેસો થયા છે. તેમજ આજે ૦૧ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૧૩ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે કુલ ૦૧ દર્દીનું મૃત્યુ નોંધાયુ છે. પોઝિટીવ કેસ પૈકી માંડવી તાલુકાના વેગી ગામના ૦૧ કેસ મળી કુલ ૪૧ કેસો આવ્યા છે. કુલ ૪૮૧૫ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૪૧ પોઝિટીવ અને ૪૬૩૩ નેગેટીવ કેસો જયારે ૯૮ કેસનો રિપોર્ટ પેન્ડિંગ અને ૪૩ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૨૭ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બોરીયા, અસનાબાદ, અંધાત્રી, હળદવા, મહુવરીયા, અનાવલ, ખરવાણ, બડતલ, ગાંગપુર, કવાસ, કેવડી, ડુંગર, સેવણી, જુના કાકરાપાર, ચોખવાડા, ખોડાંબા, કાની, સાંધિયેર, દખણવાડ(દેવધ), ઝંખવાવ, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી(ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર) કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૫૬૯૩ ઘરો અને અને કુલ વસ્તી ૬૮,૬૭૯ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૬૨ ટીમ કાર્યરત છે. નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૯૨૪ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૮૦ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૧૦૦૪ લોકો હોમ કોરન્ટાઈન હેઠળ છે. જ્યારે આજે ૧૩૮ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૮૬૬ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

નવસારીમાં જાહેરમાં થુંકનાર લોકો પાસેથી ૭૯ હજારનો દંડ

૧૫૪૩ સેમ્પલો પૈકીના ૧૪૫૮ના રિપોર્ટ નેગેટિવ

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૦૬/૦૫/૨૦૨૦ના રોજ ૬૮ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૨૦, જલાલપોર-૧૮, ગણદેવી-૦૫, ચીખલી-૧૨, ખેરગામ-૦૫ વાંસદા-૦૭ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ-૧૫૪૩ સેમ્પલ પૈકી ૧૪૫૮ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૭૮ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૬,૩૭,૩૭૮ વસ્તીને આવરી લેવામાં આવી છે. જિલ્લામાં જાહેરમાં થુંકનાર વ્યકિત પાસે દંડ વસુલ કરવામાં આવે છે. આજદિન સુધીમાં ૧૮૫ કેસ કરીને રૂપિયા ૭૯,૪૦૦ વસુલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં કુલ-૦૭ પોઝીટીવ નોંધાયા હતાં. જેમાથી ૦૪ દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવતાં તેઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. તેમ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા યાદીમા જણાવાયું છે.

રાજપીપળા દરબાર રોડ ઉપર લો-વોલ્ટેજની સમસ્યા અંગે DGVCLમા ઉચ્ચકક્ષાએ રજુઆતનો પડઘો



ભર ઉનાળે લો-વોલ્ટેજના કાળાં કકળાટથી ત્રાસેલા રહીશે ભરુચ અધિક્ષક ઈજનેર ને વાકેફ કરતાંજ સ્થાનિક અધિકારીઓ હરકતમા આવ્યાં

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

રાજપીપળા શહેર મા કેટલાંક વિસ્તારોમાં વર્ષો થી લો-વોલ્ટેજ ની સમસ્યા છે. સ્થાનિક રહીશો ની વારંવાર ની રજુઆતો છતાં કોઈ ની ઉંઘ ઉડતી નહોતી, આખરે એક સ્થાનિકે ભરુચ અધિક્ષક ઈજનેર ને આ બાબતે રજુઆત કરતાં ભરુચ અધિક્ષક ઈજનેરે સ્થાનિક અધિકારીઓને કોઈ પણ જાત ના બહાના કાઢ્યા વગર સમસ્યા નો હલ લાવવા ની તાકીદ કરી હતી એ પછી સ્થાનિક DGVCL ના અધિકારીઓ એ કામગીરી કરી હતી અને જુની સિસ્ટમ ને અપગ્રેડ કરી આ વિસ્તાર ની વિજમાંગ મુજબ નો લોડ શેડીંગ વિતરણ થાય તે રીત ની વ્યવસ્થા ગોઠવી હતી,જેમાં નવું ટીસી નાંખતા આ લાંબા સમય ની સમસ્યા નો ઉચ્ચસ્તરીય રજુઆત બાદ અંત આવ્યો હતો.

આ સમસ્યા નું બીજું એક પાસું એ છે કે વિજ વપરાશ કરતાં DGVCL ના ગ્રાહકો જયારે નવું વિજળી નુ કનેકશન લે છે ત્યારે એમને પુછવામાં આવે છે કે તમારાં ઘર મા કેટલાં વિજ ઉપકરણો છે? ત્યારે ગ્રાહકો એમ સમજી ને એ વિગતો છુપાવે છે કે જેટલાં વધારે ઉપકરણો દર્શાવીશુ એટલું વધારે બિલ આવશે. પરંતુ હકીકત કંઈક જુદી જ હોય છે, ગ્રાહકો ના ઘર મા વપરાતા ઉપકરણો ને આધારે વીજપુરવઠો ફાળવતાં હોય છે, પણ જયારે નહીં નોંધાયેલા એ.સી જેવા ઉપકરણો નો ઉનાળા મા એક સામટો અણધાર્યો વપરાશ વધી પડે ત્યારે લો-વોલ્ટેજ ની સમસ્યા સર્જાય છે અને કેટલીક વાર ડી.પી ફૂંકાઈ જવાના બનાવો પણ બનતા હોય છે.જોકે દરબાર રોડ પારેખ ખડકી સહિતના વિસ્તાર ની વર્ષો જૂની સમસ્યા ભરૂચ અધિક્ષક ઈજનેર ની ટકોર બાદ તુરત હલ થઈ ત્યારે સ્થાનિક અધિકારીઓ વર્ષો થી ગ્રાહકો ને કોણી એ ગોળ લગાવવાની નીતિ અપનાવતા હોય આવા અધિકારીઓ ના કારણે વારંવાર વીજ કંપની પણ બદનામ થાય છે ત્યારે તેમની સામે નોટિસ સહિતના કડક પગલાં લેવાય તે જરૂરી છે.

સુરતમાં ૪૦ ડીગ્રી સુધી પહોંચી ગયેલા તાપમાનમાં ઘટાડો થશે

સુરત

ગતરોજ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીને વટાવી જતા શહેરીજનોને કાળઝાળ ગરમીનો અનુભવ થયો હતો. આજે સવારથી પવનની દિશા બદલતા સાંજ સુધી ગરમીમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો થાય તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ અધિકતમ તાપમાન ૪૦.૧ ડીગ્રી નોંધાયું હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૮.૦ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા અને હવાનું દબાણ ૧૦૦૮.૫ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના ૭ કિલોમીટરની સરેરાશથી પવન ફુંકાઈ રહ્યો છે. નવસારીમાં ગતરોજ અધિકતમ તાપમાન ૩૯ ડીગ્રી નોંધાયું હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૬.૩ ડીગ્રી નોંધાયું છે. આજે સવારથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પશ્ચિમ દિશાથી પવન ફુંકાવાની સાથે ગરમીમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો થાય તેવી શક્યતા છે.

ડેડીયાપાડાના કેવડી ગામે દંપતી વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીમાં પતિને લાગી આવતા ફાસો ખાધો

ઘરમાં નવો ચૂલો બનવતા પતિએ કંઈક સારું જમવાનું બનવવા કહેતા પત્ની એ તમે કોઈ કામ ધંધો ન કરી રખડયા કરો છો તેમ કહેતા લાગી આવ્યું



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના કેવડી ગામે પત્નિ એ પતિ ને કામ બાબતે ટકોર કરતા બેકાર રખડતા પતિને લાગી આવતા ઝાડ સાથે ફાસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર કેવડી ગામમાં રહેતા મંજુલાબેન ભરતભાઈ વસાવા એ ડેડીયાપાડા પો.સ્ટે.માં આપેલી ખબર મુજબ તેના પતિ ભરતભાઈ દેવજીભાઈ વસાવા ઉ.વ.આ.૪૦ રહે.કેવડી પટેલ ફળીયું ના ઘરમાં નવો ચૂલો બનાવ્યો હોય જેથી ઘરમાં સારૂ જમવાનું બનાવવાનું કહેતા પત્ની મંજુલાબેને પતિ ને જણાવ્યું કે તમો કોઈ કામ ધંધો કરતા નથી અને રખડ્યા કર્યો છો તેમ કહી પતિ-પત્ની વચ્ચે સામાન્ય બોલવાનું થયુ હોય જેથી પતિને મનમાં લાગી આવતા કેવડી ગામની સીમમાં ખેતર માં આવેલા આંબાના ઝાડની ડાળી સાથે રૂમાલ બાંધી પોતાની જાતે જ ગળે ફાંસો ખાઈ જતા મોત થયું હતું. પોલીસે પત્ની ની ફરિયાદ ના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુરત શહેરમાં લોકડાઉનના ભંગ અંગે ૧૦૩૪ વાહનો જપ્ત

જુદી જુદી કલમ હેઠળ ૨૨૧ લોકોની ધરપકડ

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ગતરોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૨૧ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૧૦૩૪ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૨,૧૮૯ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૨૬,૮૧૪ જેટલા લોકોના વાહનો ડિટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં ત્રીજા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

રાજપીપળામાં ગાયત્રી પરિવાર અને માનવ સેવા સંસ્થા દ્વારા પાલીકાના સફાઈ કામદારોને કીટનુ વિતરણ કરાયું



● કોરોના યોદ્ધા ની સમકક્ષ સફાઈ કામદારોની કામગીરી પણ બિરદાવવા લાયક :ભરતભાઈ વ્યાસ

● ગાયત્રી પરિવાર અને માનવ સેવા સંસ્થાએ અમારા કર્મચારીઓની કામગીરીની કદર કરી તે બદલ આભારઃ મુખ્ય અધિકારી જયેશ પટેલ

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

આજરોજ રાજપીપળા નગરપાલિકા ના પ્રાંગણમા સફાઈ કામદારો સહીત ના જરૂરિયાતમંદો ને જીવન જરુરી ચીજવસ્તુઓ ની ૧૨૫ કીટ નુ ગાયત્રી પરિવાર રાજપીપળા અને માનવ સેવા સંસ્થા તરફ થી વિતરણ કરવામા આવ્યુ હતુ.

કોરોના મહામારી ના કેર વચ્ચે મજુરીયાત અને ટુંકી આવક સાથે જીવન ગુજારતા લોકોની હાલત કફોડી બની છે ત્યારે સામાજિક સંસ્થાઓ અને સામાજિક અગ્રણીઓ આગળ આવી સેવાભાવે સમાજલક્ષી કાર્ય કરે છે એ પ્રસંશનીય છે.

નગરપાલિકા ના સફાઈ કર્મચારીઓ ની કામગીરી ને બિરદાવતા ગાયત્રી પરિવાર ના પ્રમુખ ભરતભાઈ વ્યાસે જણાવ્યું હતું કે કોરોના યોદ્ધાઓ ડોકટર અને પોલીસ ની જેમ સફાઈ કામદારો ની કામગીરી પણ અત્યાર ના કપરાં સમય મા પ્રશંસા ને પાત્ર છે.

કારોબારી ચેરમેન અલકેશભાઈ ગોહીલે આ પ્રસંગે ગાયત્રી પરિવાર ના પ્રમુખ ભરતભાઈ વ્યાસ અને માનવ સેવા સંસ્થા ના જનકભાઈ મોદી ના આ ભગીરથ કાર્ય ની પ્રશંસા કરી હતી અને સફાઈ કામદારો ને ટકોર કરી હતી પોતાના કાર્ય બાબતે પ્રતિબદ્ધ રહેવા અને આપેલ કીટ નો સદઉપયોગ કરવા અને પોતાને જરુર ના હોય તો અન્યો ને આપવા જણાવ્યું હતું.

ચીફ ઓફિસર જયેશ પટેલે આ કાર્યક્રમમાં હાજર કર્મચારીઓને સોસીયલ ડિસ્ટન્સ,માસ્ક સહિતના નિયમોનું પાલન કરવા જણાવી કીટ વિતરણ કરનાર સંસ્થાઓ ના હોદ્દેદારો નો આભાર વ્યક્ત કર્યો હતો.

આજના આ કાર્યક્રમમાં રાજપીપળા નગરપાલિકા ના પ્રમુખ જીગીષાબેન ભટ્ટ, ઉપ પ્રમુખ સપનાબેન,કારોબારી ચેરમેન અલ્કેશભાઈ ગોહીલ, મુખ્ય અધિકારી જયેશભાઈ પટેલ, કારોબારી સભ્ય ભરતભાઈ વસાવા અને મૂંતઝીર શેખ હાજર રહ્યા હતાં.

સુરતમાં નવા ૪૨ કેસ નોંધાતા પોઝિટિવનો આંક ૮૨૫, ઓડિશા હાઈકોર્ટે નેગેટિવ લોકોને જ એન્ટ્રી આપવા કહેતા ટ્રેનો રદ્દ કરાઈ

અડાજણ, પાલ, વેસુ, પીપલોદ સહિતના વિસ્તારોમાં શાકભાજી લેવા લાઈનો લગાવી છે : પોલીસ હેડ કોન્સ્ટેબલ, કરિયાણા વેપારી અને ૪ શાકભાજી વિક્રેતા ઝપેટમાં આવ્યા : ૯થી ૧૪ સુધી APMC માર્કેટ બંધ, લોકડાઉનના કડક અમલ માટે પેરામિલિટ્રી ફોર્સ

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, નવા ૪૨ કેસ નોંધાતા શહેર જિલ્લામાં પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૮૨૫ થઈ ગઈ છે. વધુ બેના મોતથી શહેર જિલ્લામાં કુલ મૃત્યુઆંક ૩૭ થઈ ગયો છે. જ્યારે સિવિલમાં હાલ ૨૫૮ દર્દીઓ કોરોના સામે જંગ લડી રહ્યા છે. જેમાંથી ૨૦ની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ૩૨ લોકો સાજા થતા રિકવરી આંક ૩૮૯ પર પહોંચતા રાહતના સમાચાર છે. આજે નવા નોંધાયેલા કેસમાં પીપલ્સ બેંકની પાંડેસરા બ્રાંચના મેનેજર અને વરેલીમાં તોફાન મચાવનાર બે આરોપીનો પણ સમાવેશ થાય છે. કોરોના પોઝિટિવ આવતા પીપલ્સ બેંકની પાંડેસરા બ્રાંચ બંધ કરી દેવામાં આવી છે. જ્યારે બેંકમાં કામ કરતા તમામ સ્ટાફને સમરસ કોવિડ સેન્ટરમાં તપાસ માટે લઈ જવામાં આવ્યા છે.ઓડિશા હાઈકોર્ટે તમામ શ્રમિકોને કોરોના ટેસ્ટ કર્યા બાદ જ મોકલવા કહેતા હાલ તમામ ટ્રેન ઓડિશા જતી કેન્સલ કરવામાં આવી છે.

પાલિકા કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે સુરતમાં દેશમાં પ્રથમવખત એપીએકસ નીતિ મુજબ ડોર ટુ ડોર સર્વેલેન્સ કરવામાં આવશે. સુરતના લિંબાયત વિસ્તારમાં કેસની સંખ્યા વધુહોવાથી બે લાખ ઘરમાં સર્વેલન્સ થશે. જ્યાં શરદી, ખાસી, તાવ હશે ત્યાં એ લગાવવામાં આવશે. જ્યાં વૃધ્ધો દર્દી હશે ત્યાં પી લગાડવામાં આવશે.જ્યાં દર્દી કે વૃધ્ધ નહી હોય ત્યાં એકસ લગાડાશે વતન જવાની માંગ સાથે ગોડાદરા વિસ્તારમાં બિહાર અને ઝારખંડના પરપ્રાંતિય શ્રમિકો રસ્તા પર ઉતર્યા હતાં. આ લોકોએ વતન જવાની માંગ સાથે ટોળા સ્વરૂપે રસ્તા પર ઉતરતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો છે અને બિહાર અને ઝારખંડના લોકો સાથે સમજાવટથી કામ લઈ રહ્યો છે.સુરત જિલ્લા ક્લેક્ટર ડો. ધવલ પટેલે જણાવ્યું હતું કે, ઓડિશા હાઈકોર્ટના ચુકાદાના પગલે ઓડિશા સરકારે અત્યારે શ્રમિકોને વતન લાવવા હોય તો તમામના કોરોના ટેસ્ટ કર્યા બાદ જેમના રિપોર્ટ નેગેટિવ આવે તેમને જ મોકલવા જેથી હાલ ઓડિશા જતી ટ્રેનો રદ્દ કરવામાં આવી છે. મોટી સંખ્યામાં ઓડિશાવાસીઓના ટેસ્ટ શક્ય ન હોવાથી હાલ તેમને જવા દેવામાં આવશે નહી. સાથે જ જેમણે ટીકિટ બુક કરાવી લીધી છે તેમને રિફંડની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

વરેલીમાં થયેલા તોફાનમાં અટક કરેલા ૨૦૦માંથી ૨ આરોપીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ગતરોજ ૧૫ જેટલા પરપ્રાંતિયોને મેડિકલ ચેકઅપ કરવાં આવ્યા હતા.જેમાંથી રીતેન્દ્ર કુમાર ઠાકુર અને રમેશચંદ્ર યાદવ બન્નેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આજરોજ અન્ય ૩૦ જેટલા આરોપીના કોરોનાના ચેકઅપના સેમ્પલ લેવાં આવ્યા છે. અટક કરેલ ૨૦૦ પરપ્રાંતિયોને અલગ અલગ સ્થળે રાખવમાં આવ્યા છે. અત્યાર સુધી સુરત જિલ્લાના ગામમાં ૪૩ કેસ પોઝિટિવ નોંધાવા પામ્યા છે. નવા સામે આવેલા પોઝિટિવ કેસોમાં લોકડાઉન દરમિયાન બંદોબસ્તમાં ફરજ બજાવી રહેલા એક પોલીસ કર્મચારી, એક કરીયાણાના વેપારી તેમજ ત્રણ શાકભાજી વિક્રેતાઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેથી પાલિકા કમિશનરે તા.૯ મે થી તા.૧૪મી મે સુધી એપીએમસી માર્કેટ બંધનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયના પગલે આજે સવારથી શહેરમાં મોટાભાગના વિસ્તારોમાં લોકોએ શાકભાજી લેવા લાઈનો લગાવી છે.

શાકભાજી વિક્રેતાઓ સુપર સ્પ્રેડર બન્યા છે. જેના કારણે પાલિકા કમિશનરે તા.૯ મે થી તા.૧૪મી મે સુધી એપીએમસી માર્કેટ બંધનો નિર્ણય કરવામાં આવ્યો છે. મ્યુ.કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું હતું કે, શાકભાજી વિક્રેતાઓના અત્યાર સુધી ૧૦થી વધારે કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. શાકભાજીની લારીઓ પર નાની-નાની વસ્તુઓ પસંદ કરીને લેવામાં આવે છે. જેથી ભીડ વધારે થતાં ચેપ લાગવાની શક્યતા રહે છે. જેના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. બે દિવસ શાકભાજી મળી શકશે. જેથી શાકભાજી લેવા નાગરિકોએ ભીડ કરવી નહિં. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીને શાકભાજી ખરીદવા અપીલ કરું છું.

લોકડાઉનનો વધુ કડક અમલ કરાવવા પેરામીલિટ્રી ફોર્સ તૈનાત કરાશે. એરફોર્સનું પ્લેનમાં જમ્મુ કાશ્મીરની બોર્ડર પર તૈનાત પેરામિલિટ્રી ફોર્સના ૧૫૨ જવાનો સુરત એરપોર્ટ આવી પહોંચ્યા છે. ક્લસ્ટર અને સંવેદનશીલ એરિયા જેમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસોની સંખ્યા વધારે છે તેવા એરિયામાં લોકડાઉનનો વધુ કડક અમલ કરાવશે.

સુરતના કોરોનાગ્રસ્ત વિસ્તારોમાં બીએસએફના જવાનોની ફાળવણી

સુરત

શહેરના સૌથી વધુ કોરોનાગ્રસ્ત વિસ્તારોમાં લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગનું કડકપણે પાલન કરવામાં આવતું નથી. મનપા અને પોલીસ તંત્ર દ્વારા રેડ ઝોન વિસ્તારના લોકોને ઘરની બહાર નહીં નીકળવા માટે સૂચના આપવામાં આવે છે, પરતુ સૂચનાનું પાલન થતું નથી. સુરત શહેરમાં પણ ત્રીજા તબક્કાના લોકડાઉનનો આજે ચોથો દિવસ છે. સુરત શહેર કોરોનાગ્રસ્ત વિસ્તારોમાંથી વધુને વધુ દર્દીઓ મળી રહ્યા છે. અમદાવાદ જેવી પરિસ્થિતિનું નિર્માણ સુરતમાં ન થાય એ માટે મનપા અને પોલીસ તંત્રે લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગનો કડક અમલ કરાવવા માટે કમ્મર કસી છે. સુરત શહેરની સ્થિતિને ધ્યાનમાં રાખીને ગઈકાલે સ્પેશિયલ બીએસએફની ટુકડી મંગાવી લેવામાં આવી છે. જેઓને કોરોનાગ્રસ્ત વિસ્તારના પોલીસ સ્ટેશનને આજે બીએસએફની ટીમ ફાળવી દેવામાં આવી છે અને આ બીએસએફની ટીમે કોરોનાગ્રસ્ત વિસ્તારમાં ફ્લેગમાર્ચ શરૂ કરી દીધું હોવાનું જાણવા મળ્યું છે.

એસટી બસ ચાલુ થતા હવે તમામ ખાનગી બસો બંધ થશેઃ સરકાર

સુરત

સુરતથી સૌરાષ્ટ્ર વતન પરત ફરવા માંગતા લોકો માટે સરકારે એસ.ટી. બસની સુવિધા ચાલુ કરતા હવે તમામ ખાનગી બસો બંધ રહેશે. સુરત ટ્રાવેલ્સ એસોસિએશને આ અંગેની જાહેરાત કરી છે.

જે મુજબ આજે રાત્રિથી સુરતથી ખાનગી બસો નહીં દોડે. જેટલી બસોએ આજે રાત્રિ સુધીનું બુકિંગ કર્યું છે તે બસો નિયત સમય મુજબ રવાના થઈ જશે.જે બાદ રાત્રિથી એક પણ ખાનગી બસ નહિં ઉપડે. એસ.ટી. બસ દ્વારા વતન પરત ફરનારા લોકોને ઓછા ભાડામાં લઈ જવાતા ખાનગી બસો બંધ કરવામાં આવી.

ખુશખબરઃ ભરુચ કોરોના મુક્ત થયુ,ત્રણ દર્દીને રજા અપાઈ

ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે રાજ્યના લોકો માટે થોડા રાહતના સમાચાર આવ્યા છે. ભરુચ જિલ્લામાં કોરોનાના ત્રણ દર્દીઓ આજે સ્વસ્થ થયા છે. આ સાથે ભરુચ કોરોનામુક્ત થઈ ગયો છે. અંકલેશ્વરની સ્પેશિયલ કોવિડ-૧૯ હોસ્પિટલમાંથી ૩ દર્દીને રજા આપવામાં આવી છે. તાળીઓના અભિવાદન સાથે દર્દીઓને ઘરે મોકલાયા છે.

સુરતમાં હોમ ક્વોરન્ટીન કરાયેલા લોકોનો હોબાળોઃ પોલીસ પર પથ્થરમારો

સુરત

શહેરમાં ફરી એક વખત પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો છે. આ વખતે કોરોનાને સંક્રમણના ખતરાને કારણે હોમ ક્વોરન્ટીન કરવામાં આવેલા લોકોએ હોબાળો કરીને પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જે બાદમાં પોલીસ એક્શનમાં આવી હતી અને લોકોના ટોળાને વિખેરવા માટે પોલીસે ટિયરગેસના સેલનો પણ પ્રયોગ કરવો પડ્યો હતો. સુરત શહેરના સચિન વિસ્તારમાં બુધવારે રાત્રે આ બનાવ બન્યો હતો. આ મામલે પોલીસે અનેક લોકોની અટકાયત પણ કરી છે. મળતી માહિતી પ્રમાણે હોમ ક્વોરન્ટીનમાં રહેલા લોકોએ કંટાળીને હોબાળો મચાવ્યો હતો.

પથ્થરમારાની ઘટના બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે સચિન જીઆઈડીસી વિસ્તારના જે જગ્યાએ આ બનાવ બન્યો હતો ત્યાં કોરોના પોઝિટિવનો એક દર્દી છે. આથી વિસ્તારમાં લોકોનો હોમ ક્વોરન્ટીન કરાયા છે. રાત્રે આશરે ૧૦ વાગ્યાની આસપાસ આ લોકોએ અંદરોઅંદર ઝઘડો કર્યો હતો અને રસ્તા પર આવી ગયા હતા. આ વિસ્તારમાં પોલીસ પોઈન્ટ હોવાથી પોલીસ તેમને અટકાવ્યા હતા. આ દરમિયાન તેમણે પોલીસ પર પથ્થરમારો કર્યો હતો.

આ મામલે પોલીસે ૩૦ થી ૪૦ લોકોની રાત્રે જ અટકાયત કરી લીધી હતી. પથ્થરમારાની ઘટનામાં પોલીસના કોઈ જવાનને ઈજા પહોંચી નથી. ઘટના બાદ પોલીસે આ વિસ્તારમાં વધારાનો કાફલો ખડકી દીધો હતો.